દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 12 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 January 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મંગળવાર, ૧૪ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# SOUTH AFRICA

13 NIGHTS
14 DAYS




## GORDONS BAY

FOR VIDEO SCAN ME


Experience luxurious accommodations at Gordon's Bay with the chance to stay in an exclusive all-suite room. Urvi Luxury Destination stands out as the sole company offering a thrilling opportunity to encounter great white sharks.

**ADDITIONAL FEATURES**
WALK WITH LION.
SHARK/DOLPHIN & WHALE WATCHING CRUISE.
HELICOPTER RIDE.
CARAMARAN BOAT RIDE

## BEACON ISLAND

Becon Island Resort is the sole Resort located in the heart of the Indian Ocean in South Africa, renowned for its whale and dolphin sightings. Guests have the unique opportunity to witness the Marine Big Five from the comfort of their room window. This exclusive experience is only provided by Urvi Luxury Destination.

FOR VIDEO SCAN ME




## JOHANNESBURG, PILANESBERG NATIONAL PARK, SUNCITY, GEORGE, PLETTENBERG BAY, GORDON'S BAY, HERMANUS, CAPETOWN

- સંપૂર્ણ ટૂર દરમ્યાન આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન (VEG. & JAIN).
- SUNCITY માં PALACE OF THE LOST CITY 5* હોટેલમાં ૨ રાત્રીનો મુકામ.
- PILANESBERG NATIONAL PARK (GOVT APPROVED) BAKUBUNG BUSH LODGE માં ૧ રાત્રીનો મુકામ.
- GARDEN ROUTE નુ MOST BEAUTIFUL TOWN PLETTENBERG BAY માં ૪ રાત્રીનો મુકામ.
- GARDEN ROUTE નું હાર્ટ કહેવાતું GORDON'S BAY માં ૨ રાત્રીનો મુકામ ફક્ત URVI TOURS આપે છે.
- CAPETOWN માં 5* હોટેલમાં ૩ રાત્રીનો મુકામ.
- ટુર દરમ્યાન અમર્યાદિત પાણી અને એરપોર્ટ/હોટેલમાં PORTERAGE SERVICES સામેલ.
- TIPS & TRAVEL INSURANCE ટૂર કોસ્ટમાં સામેલ.
- WALK WITH LION, MARINE BIG 5, HELICOPTER RIDE, CATAMARAN BOAT RIDE ટૂર કોસ્ટમાં સામેલ.



NAYAN SONI : +91 97570 25247 | HARDIK PAREKH : +91 99677 72530 | DHIREN RUPARELIA +91 99305 49258 | SOHIL SHAH : +91 98701 53149

DEPARTURE DATES : APRIL : 16, 20,24,28 | MAY : 02, 04, 06,08, 10,12,14,16, 18,20, 22, 28,30 | JUNE : 03,07,11,15,19,23

ADDRESS : 1/A, PALM VIEW BUILDING, L.N. ROAD, NR. SWAMINARAYAN TEMPLE, OPP. VIDYALANKAR CLASSES, DADAR (E), MUMBAI - 400014.

022-2413 2281 | 82 | 83 | +91 98927 20353 | info@uldestination.com | www.uldestination.com

URVI LUXURY DESTINATION PVT. LTD.
*Where U & V meet to create memories.*

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 12 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 January 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મંગળવાર, ૧૪ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકાના ડેટાએ શેરબજારનો દાટ વાળ્યો, ₹ પચીસ લાખ કરોડનું ધોવાણ

**સેન્સેક્સમાં ૧૦૦૦નો પોઈન્ટનો કડાકો ▸ રૂપિયો બે વર્ષના તળિયે પટકાયા ▸ ક્રૂડ ઓઈલ ત્રણ મહિનાની ઊંચી સપાટીએ**

*નિલેશ વાઘેલા*

મુંબઇઃ અમેરિકના જોબલેસ ડેટા જાહેર થતાં જ ઇક્વિટી માર્કેટની સ્થિરતાનો દાટ વળવાનું શરૂ થઇ ગયું અને બળતામાં ઘી હોમાય એ રીતે અમેરિકન ડોલર સામે રૂપિયો બે વર્ષની નીચી સપાટીએ પટકાયો અને સાથે ક્રૂડ ઓઇલના ભાવ ત્રણ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા હોવાથી સેન્ટિમેન્ટ વધુ ખરડાયું હતું.

એક તબક્કે ૧,૧૨૯ પોઇન્ટ સુધી નીચે પછડાયા બાદ સેન્સેક્સ અંતે ૧૦૪૯ પોઇન્ટના કડાકા સાથે ૭૬,૩૩૦.૦૧ પોઇન્ટની સપાટીએ પટકાયો છે, જ્યારે નિફ્ટી ૩૪૫.૫૫ પોઇન્ટના કડાકા સાથે ૨૩,૦૮૬.૯૫ની સપાટીએ સ્થિર થયો છે. રોકાણકારોની સંપત્તિમાંથી અંદાજે ૨૫ લાખ કરોડનું ધોવાણ થઇ ગયું છે.

ફોરેક્સ માર્કેટમાં અમેરિકન ચલણ સામે રૂપિયો લગભગ બે વર્ષમાં તેનો સૌથી મોટો એક દિવસીય કડાકો નોંધાવીને સોમવારે અમેરિકન ડોલર સામે પ્રારંભિક આંકડા અનુસાર ૫૮ પૈસા તૂટીને ૮૬.૬૨ના ઐતિહાસિક નીચા સ્તરે સરક્યો હતો.

ટેક્નિકલ એનાલિસ્ટ અનુસાર નિફ્ટી તેના ૨૨,૮૦૦ પોઇન્ટના લોંગ ટર્મ ટ્રેન્ડલાઇન સપોર્ટ નજીક આવી ગયો હોવાથી રિવર્સલની આશા રાખી શકાય કેમ કે બજાર ઓવરસોલ્ડ ટેરીટરીમાં પ્રવેશ્યું છે. નિષ્ણાતો માને છે કે જ્યાં સુધી નિફ્ટી ૨૩,૦૦૦ની ઉપર ટકેલો છે ત્યાં સુધી રિવર્સલ ટ્રેન્ડ માટે આશાવાદી રહી શકાય, જોકે આ સપાટી તૂટશે તો બજાર વધુ નીચી સપાટીએ ગબડી શકે છે. માર્કેટ એનાલિસ્ટ રોકાણકારોને ઉછાલે (જુઓ પાનું ૨) ▸▸

## કાશ્મીરમાં આકાશ સ્વચ્છ થતાં પારો ગગડ્યો

શ્રીનગરઃ કાશ્મીરમાં આકાશ સ્વચ્છ થતાની સાથે જ લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. પહેલગામ ખીણનું સૌથી ઠંડું સ્થળ રહ્યું હતું. જ્યાં તાપમાન માઇનસ ૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ જાણકારી હવામાન વિભાગે આપી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ખીણમાં આગામી થોડા દિવસો સુધી હવામાન મુખ્યત્વે શુષ્ક રહેવાની શક્યતા છે. શ્રીનગરમાં રવિવારે રાત્રે લઘુતમ તાપમાન માઇનસ ૫.૧ ડિગ્રી નોંધાયું હતું, જે ગત રાત્રિના માઇનસ ૩ ડિગ્રી સેલ્સિયસ હતું. ઉત્તર કાશ્મીરમાં સ્કીઇંગ માટે જાણીતા પર્યટન સ્થળ ગુલમર્ગમાં લઘુતમ તાપમાન માઇનસ ૬.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગત રાત્રિના માઇનસ ૫.૬ ડિગ્રી હતું. દક્ષિણ કાશ્મીરમાં અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ પૈકીના એક પહેલગામમાં લઘુતમ તાપમાન માઇનસ ૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગત રાત્રિના માઇનસ ૬.૨ ડિગ્રી સેલ્સિયસ હતું. ■

**નાશિકમાં શ્રદ્ધાળુઓને નડ્યો વિચિત્ર અકસ્માત**

## સળિયા ભરેલા ટ્રક સાથે ટેમ્પો ભટકાયોઃ ૮નાં મોત

ટેમ્પોમાં ૧૬ શ્રદ્ધાળુઓ હતા અને તેઓ ધાર્મિક પ્રસંગમાંથી પાછા ફરી રહ્યા હતા

મુંબઈઃ નાશિકમાં રવિવારે રાતે એક વિચિત્ર અકસ્માતમાં આઠ જણનાં મોત થયાં હતાં, જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. ટેમ્પોએ ટ્રકને પાછળથી ટક્કર મારતાં આ અકસ્માત થયો હતો. અય્યપ્પા મંદિર નજીક આવેલા દ્વારકા સર્કલ નજીક સાંજે સાડાસાત વાગ્યે બનાવ બન્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

'ટેમ્પો નાશિકના સિડકો તરફ જઇ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી અને ટેમ્પોમાં ૧૬ જણ પ્રવાસ કરી રહ્યા હતા. તમામ પ્રવાસીઓ નિફાડ ખાતે એક ધાર્મિક પ્રસંગમાં ગયા હતા. તેઓ (જુઓ પાનું ૨) ▸▸

**મહાકુંભનો પ્રારંભ**

## દોઢ કરોડ શ્રદ્ધાળુઓએ સંગમમાં સ્નાન કર્યું



**પવિત્ર સ્નાનઃ**
ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ મેળા દરમિયાન શ્રદ્ધાળુઓએ સંગમ ખાતે પવિત્ર સ્નાન કર્યું હતું. (એજન્સી)

મહાકુંભનગર : વિશ્વના સૌથી મોટા મેળાવડા એટલે કે મહાકુંભમાં ધુમ્મસ ગાઢ હતું, ઠંડી તીવ્ર હતી અને પાણી થીજી ગયું હતું આમ છતાં દોઢ કરોડ લોકોએ ત્રિવેણી સંગમમાં ડૂબકી મારી હતી. શ્રદ્ધાળુઓ માને છે કે સંગમમાં ડૂબકી મારવાથી મોક્ષ મળશે અને માને છે કે તેમના પાપો ધોવાઈ જશે.

પ્રયાગરાજમાં ગંગા, યમુના અને ગુપ્ત સરસ્વતી નદીનાં સંગમમાં આધ્યત્મિકતા અને જ્યોતિષ, સંસ્કૃતિ અને ધર્મ, પરંપરા અને આધુનિક તંત્રજ્ઞાનનું એકીકરણ જોવા મળ્યું હતું.

૪૫ દિવસના મેળામાં ૪૦ કરોડથી વધારે લોકો ઉમટશે. મહાકુંભમાં વિવિધ સંપ્રધાયોના ૧૩ (જુઓ પાનું ૨) ▸▸

### મહાકુંભમાં અઢીસોથી વધુ ખોવાયેલાનું પરિવાર સાથે મિલન

મહાકુંભ નગર : સંગમમાં સ્નાન માટે મોટી સંખ્યામાં ભીડ જામી હોવાથી ૨૫૦થી વધુ લોકો ખોવાયા હતાં અને વહીવટીતંત્રનાં દ્વારા કાર્યક્ષમ પગલાં દ્વારા તેમને તેમનાં પરિવારો સાથે મિલન કરાવ્યું હતું. ઉત્તર પ્રદેશ નાગરિક સંરક્ષણના વૉર્ડન નિતેશ કુમાર દ્વિવેદીએ પહેલા દિવસે કરવામાં આવેલા વ્યાપક પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. તેમના પ્રારંભિક અંદાજ (જુઓ પાનું ૨) ▸▸

## પૂર્વ લદાખમાં પરિસ્થિતિ સંવેદનશીલ, પરંતુ સ્થિરઃ ઉપેન્દ્ર દ્વિવેદી



નવી દિલ્હીઃ પૂર્વ લદાખમાં અંકુશ રેખા પાસે ભારત અને ચીનની સેના વચ્ચે ઊભી થયેલી મડાગાંઠ અને પરિસ્થિતિ સંવેદનશીલ છે, પરંતુ સ્થિર છે, એમ સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ સોમવારે કહ્યું હતું.

પરિસ્થિતિને થાળે પાડવા બંને પક્ષે સરહદી મામલે સમજદારી દાખવી સામસામે બેસી વાતચીત કરવી જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું.

ચીન સાથેની સરહદી સમસ્યાને તેમણે સંવેદનશીલ, પરંતુ સ્થિર લેખાવી હતી. નાની નાની બાબતો મોટી સમસ્યાનું સ્વરૂપ ધારણ ન કરી લે અને સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય તે માટે મુખ્ય કમાન્ડરોને સત્તા આપવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

૧૫મી જાન્યુઆરીએ ઉજવવામાં આવનારા આર્મી ડે અગાઉ પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે યોત્સ વિસ્તારમાં બંને સેના વચ્ચે અથડામણની સમસ્યાને ટાળવા પેટ્રોલિંગ પર કામચલાઉ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને કહેવાતા બફર ઝોન જેવી કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવતી નથી, એમ તેમણે કહ્યું (જુઓ પાનું ૨) ▸▸

### પાકિસ્તાન જ આતંકવાદનું મુખ્ય કેન્દ્ર છેઃ આર્મી ચીફ

નવી દિલ્હીઃ પાકિસ્તાન જ આતંકવાદનું મુખ્ય કેન્દ્ર છે એમ જણાવતાં આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદના ચક્રનું મૂળ પાકિસ્તાન છે. જોકે, જમ્મુ-કાશ્મીરમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે અંકુશમાં છે, એમ તેમણે સોમવારે કહ્યું હતું. આર્મી ડે અગાઉ પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે 'ટેરરિઝમ ટૂ ટૂરિઝમ' થીમ જમ્મુ-કાશ્મીરમાં ધીરે ધીરે આકાર લઈ રહ્યું છે અને પરિસ્થિતિ સુધરી રહી છે. આતંકવાદવિરોધી કાર્યવાહીને મામલે જરૂરી સાધનો મેળવવા માટે પણ સેનાને લીલીઝંડી આપી દેવામાં આવી છે, એમ તેમણે કહ્યું હતું. વર્ષ ૨૦૨૧ની સમજૂતી મુજબ અંકુશરેખા પાસે પાકિસ્તાનની સેના શસ્ત્રવિરામનું પાલન કરી રહી છે. (એજન્સી)■

## જાપાનમાં ૬.૯ની તીવ્રતાનો ભૂકંપઃ સુનામીની ચેતવણી

ટૉકિયોઃ વાયવ્ય જાપાનમાં ૬.૯ની તીવ્રતાનો શક્તિશાળી ભૂંકપ આવ્યો હોવાને પગલે સુનામીની ચેતવણી આપવામાં આવી હતી અને લોકોને કિનારા વિસ્તારથી દૂર રહેવાનું સોમવારે જણાવી દેવામાં આવ્યું હતું.

સ્થાનિક સમય પ્રમાણે સોમવારે સવારે ૯:૧૯ વાગ્યે ભૂકંપ આવ્યો હતો તે અને તેની આસપાસના વિસ્તારમાં સુનામી અંગેની માર્ગદર્શિકા પણ બહાર પાડવામાં આવી હતી.

જોકે ભૂકંપને કારણે જાનમાલની હાનિ થઈ હોવાનાં કોઈ અહેવાલ નથી.

સલામતી ખાતર કિનારા વિસ્તારમાં આવેલા કોચી શહેરના રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસી જવા જણાવી દેવામાં આવ્યું હતું.

સુનામીને કારણે એક મીટર જેટલા ઊંચા મોજા ઉછળશે અને ભૂકંપ આવ્યાની ૩૮ મિનિટ બાદ જમીન પર પહોંચશે, એમ ટીવી ચેનલના સમાચારમાં જણાવવામાં આવ્યું હતું. ક્યૂશૂમાં જમીનથી ૩૦ કિ.મી.ની ઊંડાઈએ ભૂકંપનું કેન્દ્રબિંદુ આવેલું હતું. (એજન્સી) ■

## મોદીએ ઝેડ-મોડ ટનલનું ઉદ્‌ઘાટન કર્યું

*સુરેશ એસ ડુગ્ગર*

જમ્મુ : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સોનમર્ગમાં બહુપ્રતિક્ષિત ઝેડ-મોડ ટનલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. મોદીએ સોમવારે કેન્દ્રીય પ્રધાન નિતિન ગડકરી, ડૉ. જિતેન્દ્ર સિંહ, જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા, મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા અને બીજા અધિકારીઓ સાથે ટનલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ટનલનું ઉદ્‌ઘાટન પોર્ટલથી કરવામાં આવ્યું હતું. મોદીએ પ્રકલ્પના એન્જિનિયરો અને મજદૂરોની મુલાકાત લીધી હતી જે લોકોએ (જુઓ પાનું ૨) ▸▸



**ઉદ્‌ઘાટનઃ** જમ્મુ-કાશ્મીરમાં ઝેડ-મોડ ટનલના ઉદ્‌ઘાટન દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી, નીતિન ગડકરી, જમ્મુ-કાશ્મીરના લે. ગવર્નર મનોજ સિંહા અને મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા.

## 'આપેલાં વચન પાળે તેનું નામ મોદી'

સોનમર્ગ (જમ્મુ અને કાશ્મીર) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે હું જમ્મુ અને કાશ્મીરના લોકોને આપેલાં વચનોનું પાલન કરીશ અને યોગ્ય સમયે યોગ્ય વસ્તુઓ થશે.

વ્યૂહાત્મક રીતે અગત્યની ઝેડ-મોડ ટનલનું ઉદ્‌ઘાટન કરતાં મોદી જાહેર સભા સંબોધી રહ્યા હતા. મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ તેમના પ્રવચનમાં જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાના મોદીના વચનની યાદ અપાવી એના જવાબમાં મોદીએ આ ટકોર કરી હતી. મોદીએ રાજ્યના દરજ્જાની માગણીનો ઉલ્લેખ (જુઓ પાનું ૨) ▸▸



## મુંબઈની ટીનેજરના રેકોર્ડ બ્રેકિંગ ૩૪૬ રન, હરીફ ટીમ ૧૯ રનમાં ઑલઆઉટ!

**ઈરા જાધવની ૪૨ ફોર અને ૧૬ સિક્સર, કચ્છી પ્લેયર હર્લી ગાલાનાં ૧૧૬ રનઃ મેઘાલયની બોલર્સ થાકીને લોથપોથ થઈ**

અલુર (બેંગ્લૂરુ): અહીં રવિવારે મહિલાઓના વર્ગમાં અન્ડર-૧૯ વન-ડે ટ્રોફીમાં મુંબઈની ૧૪ વર્ષની પુણેની ઇરા જાધવે કમાલ કરી નાખી હતી અને ત્યાર પછી મુંબઈની બોલર્સે તરખાટ મચાવ્યો હતો. ઇરા જાધવે ૧૫૭ બોલમાં ૩૪૬ રન બનાવ્યા જેની મદદથી મુંબઈએ ત્રણ વિકેટે ૫૬૩ રન બનાવ્યા હતા. જોકે મેઘાલયની ટીમ માત્ર ૧૯ રનમાં તંબૂ ભેગી થઈ ગઈ હતી અને મુંબઈનો વિક્રમજનક ૫૪૪ રનથી વિજય થયો હતો.

૨૦૧૦ની ૧૯મી ફેબ્રુઆરીએ જન્મેલી ટીનેજર ઇરા જાધવ રાઇટ-હેન્ડ બેટર અને રાઇટ-આર્મ મિડિયમ ફાસ્ટ બોલર છે. તેના નામે હજી એક પણ ફર્સ્ટ-ક્લાસ મેચ નથી.

ઇરાએ ૨૨૦.૩૮ના સ્ટ્રાઇક-રેટથી રન બનાવ્યા હતા. તેણે ૪૨ ચોક્કા અને ૧૬ છગ્ગા ફટકાર્યા હતા. યુથ લિસ્ટ-એ મેચોમાં રમી ચૂકેલી ભારતીયોમાં ઇરાના ૩૪૬ રન હાઇએસ્ટ સ્કોર છે.

મહિલાઓની અન્ડર-૧૯ ક્રિકેટમાં હાઇએસ્ટ સ્કોર સાઉથ આફ્રિકાની લિઝેલ લીનાં નામે છે. તેણે ૨૦૧૦ની સાલમાં ઍમ્પુમાલન્ગા નામની ટીમ વતી રમીને અણનમ ૪૨૭ રન બનાવ્યા હતા.

રવિવારે ઇરાએ બીજી વિકેટ માટે મુંબઈના કચ્છી સમાજની ટેલન્ટેડ ઑલરાઉન્ડર હર્લી ગાલા સાથેની જોડીમાં ૨૭૪ રનની ભાગીદારી કરી હતી. હર્લી ગાલાએ ૭૯ બોલમાં ૧૧૬ રન બનાવ્યા હતા.

હર્લી સાથેની ૨૭૪ રનની પાર્ટનરશિપમાં ઇરાનું યોગદાન (૭૧ બોલમાં) ૧૪૯ રનનું અને ત્યાર બાદ દિક્ષા પવાર સાથેની ૧૮૬ રનની ભાગીદારીમાં ઇરાનું યોગદાન (૫૦ બોલમાં) ૧૩૭ રનનું હતું. મેઘાલયની ત્રણ બોલરની બોલિંગમાં ૧૦૦ કે એનાથી વધુ રન બન્યા હતા. (જુઓ પાનું ૨) ▸▸

## મિલાનૉવિક ફરીવાર ક્રૉએશિયાના પ્રમુખપદે ચૂંટાયા

ઝાગરૅબઃ યુરોપિયન યુનિયન અને નનાટોથના ટીકાકાર મિલાનૉવિક ફરીવાર ક્રૉએશિયાના પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા છે. શાસક રૂઢીચુસ્ત પક્ષના પ્રતિસ્પર્ધી ઉમેદવારને પરાજય આપી મિલાનૉવિક ફરીવાર પાંચ વર્ષની મુદત માટે પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા હોવાનું સત્તાવાર જાહેર કરવામાં આવેલા પરિણામમાં દર્શાવવામાં આવ્યું હતું. પ્રતિસ્પર્ધી ઉમેદવાર ડ્રેગન પ્રિમૉરેકે મેળવેલા કુલ ૨૬ ટકા મતની સરખામણીએ મિલાનૉવિકે ૭૪ ટકા મત મેળવ્યા હતા. ચૂંટણીના પરિણામે મિલાનૉવિકના ઉત્સાહમાં વધારો કર્યો છે. રશિયા-યુક્રેન યુદ્ધમાં પશ્ચિમના દેશોએ યુક્રેનને આપેલા ટેકાના મિલાનૉવિક ટીકાકાર છે. ક્રૉએશિયાની રૂઢીચુસ્ત સરકાર અને વડા પ્રધાન ઍન્ડ્રેજ પ્લૅન્કૉવિકના પણ તેઓ આકરા ટીકાકાર છે. પરિણામ જાહેર થયા બાદ કરેલા સંબોધનમાં મિલાનૉવિકે કહ્યું હતું કે મારો વિજય મતદારોએ મને આપેલા સમર્થન અને મારા પર મૂકેલા વિશ્વાસના સંકેત છે. ૫૯ વર્ષના મિલાનૉવિક ક્રૉએશિયામાં સૌથી લોકપ્રિય રાજકારણી છે અને રાજકીય પ્રતિસ્પર્ધીઓ સાથે વાતચીત કરવાની તેમની છટાને કારણે ઘણીવાર તેમની સરખામણી અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સાથે કરવામાં આવે છે. (એજન્સી)■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# લિકર પૉલિસીમાં કેગનો રિપોર્ટ ચૂંટણી ટાણે જ કઈ રીતે લીક થયો?

**દિલ્હી** વિધાનસભા ચૂંટણી પહેલાં લિકર સ્કેમનું ભૂત પાછું ધૂણ્યું છે. લગભગ વીસેક દિવસ પહેલાં દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઇડીને લિકર પૉલિસીમાં ભ્રષ્ટાચાર મુદ્દે અરવિંદ કેજરીવાલ સામે કેસ ચલાવવાની મંજૂરી આપી હતી. ૫ ડિસેમ્બરે ઈડીએ કેજરીવાલ સામે ટ્રાયલ ચલાવવા માટે લેફ્ટનન્ટ ગવર્નર પાસે મંજૂરી માગી હતી ને લેફ્ટનન્ટ ગવર્નરે સ્ફૂર્તિ બતાવીને ૨૦ દિવસમાં તો મંજૂરી આપી દીધેલી.

હવે દિલ્હીમાં લિકર પૉલિસી અંગે દેશના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા કેગનો કહેવાતો રિપોર્ટ ફરતો થયો છે કે જેમાં કહેવામાં આવ્યું છે કે, અરવિંદ કેજરીવાલ સરકારની લિકર અંગેની નીતિના કારણે દિલ્હી સરકારને આવકમાં ૨૦૨૬ કરોડ રૂપિયાનું નુકસાન થવાનો અંદાજ છે.

બહુ મજાની વાત એ છે કે, દેશના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા કેગનો આ રિપોર્ટ દિલ્હી વિધાનસભામાં મુકાયો નથી પણ એ પહેલાં મીડિયામાં આવી ગયો છે. દેશના એક ટોચના મીડિયા હાઉસે દાવો કર્યો કે, દેશના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા કેગના રિપોર્ટની કોપી તેની પાસે છે કે જેમાં કહેવામાં આવ્યું છે કે કેજરીવાલની લિકર પૉલિસીના કારણે દિલ્હી સરકારને ૨૦૨૬ કરોડ રૂપિયાનો ફટકો પડી ગયો છે.

આ રિપોર્ટની વિશ્વસનિયતા કેટલી છે એ ખબર નથી પણ તેના કારણે રાજકીય ઘમાસાણ મચી ગયું છે કેમ કે કેગના કહેવાતા રિપોર્ટમાં દાવો કરાયો છે કે, આમ આદમી પાર્ટી સરકારની લિકર પૉલિસીના લાઇસન્સ આપવા સહિત અનેક ગેરરીતિઓ કરાઈ હતી. આમ આદમી પાર્ટીના નેતાઓએ લાઇસન્સ આપવામાં મોટી લાંચ લીધી હતી અને સરકારને નુકસાન કરીને પોતાનાં ઘર ભર્યાં હતાં.

આ રિપોર્ટ પ્રમાણે, અરવિંદ કેજરીવાલ સરકારના તત્કાલિન નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાની આગેવાની હેઠળના મંત્રીઓના જૂથે નિષ્ણાત પેનલનાં સૂચનોને ફગાવી દીધાં હતાં અને મનમાની ચલાવી હતી. કેજરીવાલ કેબિનેટે પણ બારોબાર પૉલિસીને મંજૂરી આપી દીધી હતી અને ઘણા મહત્ત્વપૂર્ણ નિર્ણયો અંગે તત્કાલીન લેફ્ટનન્ટ ગવર્નરની મંજૂરી પણ લેવામાં આવી ન હતી.

આ રિપોર્ટ પ્રમાણે જે લાઇસન્સ ધારકો સામે ફરિયાદો હતી તેમને પણ બોલી લગાવવાની પરવાનગી આપવામાં આવી હતી અને બ્લેક લિસ્ટ કરાયા હતા એવી કંપનીઓને પણ લાઇસન્સ આપવામાં આવ્યાં હતાં અથવા રિન્યૂ કરાવ્યાં હતાં.

આ રિપોર્ટના પગલે ભાજપના નેતા કેજરીવાલલ અને આમ આદમી પર તૂટી પડ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડા સહિતના નેતાઓનું કહેવું છે કે, લિકર પોલિસી અંગેના કેગના અહેવાલે અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીની સરકારનો પર્દાફાશ કરી દીધો છે. લિકર પૉલિસી બનાવતી વખતે ઇરાદાપૂર્વકની 'ભૂલ'ને કારણે સરકારને ૨૦૨૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું એ જોતાં કેજરીવાલ સરકારે ભ્રષ્ટાચાર કર્યો છે એ નક્કી છે. સામે આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહે સવાલ કર્યો છે કે, જેના આધારે ભાજપ આક્ષેપો કરી રહ્યો છે એ કેગ રિપોર્ટ ક્યાં છે? આ દાવા ક્યાંથી આવે છે?

સંજયસિંહના કહેવા પ્રમાણે આ રિપોર્ટ ભાજપ કાર્યાલયમાં બનાવવામાં આવ્યો છે. કેગનો રિપોર્ટ દિલ્હી વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યો નથી અને છતાં ભાજપના નેતા આવા દાવા કરી રહ્યા છે તેના પરથી સ્પષ્ટ છે કે, ભાજપના નેતાઓ માનસિક સંતુલન ગુમાવી બેઠા છે. સંજયસિંહે તો માગણી કરી છે કે, કેગનો રિપોર્ટ હજુ દિલ્હી વિધાનસભામાં રજૂ કરવાનો બાકી છે ત્યારે મીડિયામાં આવી ગયો એ આઘાતજનક કહેવાય. અત્યારે ચૂંટણીની આદર્શ આચારસંહિતા લાગુ છે ત્યારે આ રીતે કેગના રિપોર્ટના નામે જૂઠાણાં ફેલાવાય છે એ જોતાં ભાજપના નેતાઓ સામે કેસ કરવો જોઈએ.

સંજયસિંહની વાતમાં દમ છે કેમ કે આ રિપોર્ટની વિશ્વસનિયતા શંકાસ્પદ છે જ અને દેશના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા કેગએ આ મુદ્દે સ્પષ્ટતા કરવી જોઈએ. આ રિપોર્ટ સાચો છે કે નહીં ને સાચો છે તો દિલ્હી વિધાનસભામાં રજૂ કરાયા પહેલાં કઈ રીતે લીક થઈ ગયો તેનો જવાબ તેમણે આપવો જોઈએ પણ એવો કોઈ જવાબ મળવાની શક્યતા નથી કેમ કે આ દેશમાં અધિકારીઓ દેશને વફાદાર નથી પણ નેતાઓને વફાદાર છે.

અત્યારે દેશના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા સીએજી 'કેગ' તરીકે ગિરિશચંદ્ર મુર્મૂ છે કે જેમની આખી જિંદગી મોદી સાહેબની સેવા કરવામાં જ ગઈ છે એ જોતાં રિપોર્ટ કઈ રીતે લીક થયો એ તો સવાલ જ નથી પણ તેની તેમને શરમ આવે એવી આશા પણ રાખવા જેવી નથી. આપ કહે છે તેમ રિપોર્ટ લીક કરવાના મુદ્દે કેસ થાય એવી તો આશા જ ના રખાય. દિલ્હીની ચૂંટણીના ૨૫ દિવસ પહેલાં જ આ રિપોર્ટ લીક થયો એ પણ યોગાનુયોગ નથી તેથી ઝાઝું કંઈ કહેવા જેવું છે નહીં.

કેજરીવાલ સરકારની નવી લિકર પૉલિસી લાંબા સમયથી ગાજી રહેલો મુદ્દો છે. કેજરીવાલ સરકાર દ્વારા આ વિકર પૉલિસી ૨૦૨૧માં દિલ્હીમાં લાગુ કરવામાં આવી હતી અને ભાજપે લાઇસન્સ ફાળવણી બાબતે અનેક સવાલો ઊભા કરીને ભ્રષ્ટાચારના આક્ષેપો કરેલા. કેજરીવાલ સરકારે અંતે આ પૉલિસી પાછી ખેંચવી પડી હતી પણ કેન્દ્રીય એજન્સીઓએ અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા સામે ભ્રષ્ટાચારના કેસ કરીને જેલમાં ધકેલી દીધા હતા. બંનેએ પોતપોતાના હોદ્દા છોડવા પડેલા અને બંને હાલ જામીન પર બહાર છે પણ લેફ્ટનન્ટ ગવર્નરે કેજરીવાલ સરકાર સામે કેસની મંજૂરી આપતાં બંને પર ગમે ત્યારે પાછી તવાઈ આવશે એ નક્કી છે.

કેજરીવાલની લોકસભા ચૂંટણી પહેલાં ૨૧ માર્ચે ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ૧૦ દિવસની પૂછપરછ બાદ ૧ એપ્રિલે તિહાર જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. ૧૦ મેના રોજ લોકસભા ચૂંટણીના પ્રચાર માટે ૨૧ દિવસ માટે મુક્ત કરવામાં આવ્યા પછી ૫૧ દિવસ જેલમાં રહ્યા બાદ તેમને સુપ્રીમ કોર્ટે જામીન આપતાં બહાર આવ્યા હતા પણ ઈડી ફરી તેમને અંદર કરવાનો તખ્તો ઘડી રહી છે.

૨૦૨૦ની ચૂંટણીમાં ભાજપના નેતાઓએ હિંદુત્વના મુદ્દાને ચગાવેલો ને કેજરીવાલ જીતશે તો પાકિસ્તાનમાં ફટાકડા ફૂટશે સહિતનાં બકવાસ નિવેદનો કરીને કેજરીવાલને દેશવિરોધી, હિંદુ વિરોધી ચિતરવા ભરપૂર કોશિશ કરેલી, પણ દિલ્હીની પ્રજાના ગળે આ વાત નહોતી ઊતરી. આ વખતે ભાજપ હિંદુત્વની વાત જોરશોરથી નથી કરતો પણ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના કહેવાતા ભ્રષ્ટાચાર પર વધારે ધ્યાન આપી રહ્યો છે. અત્યારે ભાજપ આ લિકર પૉલિસીમાં ભ્રષ્ટાચારને દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય મુદ્દો બનાવવા મથી રહ્યો છે ને ભાજપના આ પ્રયત્નો કેટલા ફળે છે એ જોવાનું છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), મંગળવાર, તા. ૧૪-૧-૨૦૨૫,
મકરસંક્રાન્તિ, સર્વ ધર્મ સંસ્કૃતિનું મહાપર્વ

- ભારતીય દિનાંક ૨૪, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ - ૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૫મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર પુનર્વસુ સવારે ક. ૧૦-૧૬ સુધી, પછી પુષ્ય.
- ચંદ્ર કર્કમાં, ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૯, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૧૩, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતી : બપોરે ક.૧૨.૦૧, મધ્યરાત્રે ક. ૦૦-૨૦,ઓટઃ સાંજે ક. ૧૮-૧૫

- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - પ્રતિપદા. ઈષ્ટિ, ધર્નુમાસ સમાપ્ત, મકર સંક્રાંતિ, નિરયન સૂર્ય મકર રાશિમાં સવારે ક. ૦૮-૫૪, મું. ૪૫, સમ્ર્ઘ્ર્ઘ, ધનુર્માસ સમાપ્ત, સંક્રાંતિ પુણ્યકાળ ૦૮-૫૪થી સૂર્યાસ્ત. પોંગલ (કેરાલા), પોંગલ (દક્ષિણ ભારત), માઘબિહુ (આસામ), મકરાદિસ્નાન, તલ સંક્રાંતિ. શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે. મુહૂર્ત વિશેષઃ મંગળ, શનિ, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, પિપળાનું પૂજન, સર્વશાંતિ,શાંતિ પૌષ્ટિક પૂજા,બી વાવવું,ધાન્ય ભરવું,નિત્ય થતાં દુકાન -વેપાર, પશુ લે-વેચનાં કામકાજ,ખેતીવાડીનાં કામકાજ,સંક્રાન્તિ પુણ્યકાળમાં ભગવાન વિષ્ણુ, સૂર્યનારાયણનું વિધિષરપૂજન, દૂધનો અભિષેક, દેવ રુષી, પિતૃ તર્પણ, તીર્થમાં સ્નાન. નદી, સમુદ્ર સ્નાન,પ્રયાગમાં કુંભ મેળાનું પ્રથમ સ્નાન. આસામ, કેરાળા, દક્ષિણ ભારતમાં .ગુજરાત, મહારાષ્ટ્રમાં , રાજસ્થાન, મધ્યપ્રદેધશ આદિ ભારતનાં સર્વ રાજ્યો, દેશ વિદેશમાં પતંગોત્વની ઉજવણીનો મહિમાં,સાંજ પછી શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજા,કથા વાંચન.શ્રી વિષ્ણુ-સહસ્ત્રનામ સ્ત્રોત્રપાઠ વાંચન,તુલસી પૂજા,શ્રી સુક્ત-પુરુષ સુક્ત,શ્રી ગણેશ અથર્વશિર્ષમ અભિષેક, મહાબલી હનુમાનની પૂજા, ચાલિસા પાઠ વાંચન, સુંદરકાંડ વાંચન,સૂર્યના મકર સંક્રમણ સમયે પ્રતિપદા તિથિ, પુનર્વષુ નક્ષત્ર, ચંદ્ર કર્ક રાશિમાં, વિષ્કુંભ યોગ, બાલવ કરણ છે.સંક્રાન્તિ પુણ્યકાલ સવારે ક.૮-૪૫થી સૂર્યાસ્ત પર્યંત છે. સંક્રાન્તિનું વાહન વાઘ, ઉપવાહન અશ્વ છે, પીળા વસ્ત્રો ધારણ કરેલ છે. હાથમાં ગદા, કપાળમાં કેસરનો ચાંદલો, ઉંમર કુંવારી, હાથમાં જુઇ છે. બેઠેલી દૂધપાક પીએ છે.ભૂતની જાતી,મોતિ ધારણ કર્યુ છે. ભોજપત્ર,કંચુકી પર્ણ છે.૪૫ મૂહુર્ત છે. પૂર્વમાંથી પશ્ચિમમાં અગમન,મુખ દક્ષીણ તરફ, વાયવ્યમાં દ્રષ્ટિ કરે છે. આચમનઃ ચંદ્ર-મંગળ યુતિ માથા ફરેલ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ મનોવિજ્ઞાની, ચંદ્ર-રાહુ ત્રિકોણ જવાબદારી વાળું સ્થાન પ્રાપ્ત કરે, બુધ-ગુરુ ચતુષ્કોણ ઉતાવળીયા,
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, બુધ-ગુરુ ચતુષ્કોણ (તા. ૧૫), ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ/મકર. વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# લોસ એન્જલસ આગ તાંડવઃ અત્યાર સુધીમાં ૨૪નાં મોત

લોસ એન્જલસઃ અમેરિકાનાં બીજા સૌથી મોટાં શહેર લોસ એન્જલસમાં જંગલી આગ પર કાબૂ મેળવવા માટે અગ્નિશામકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આગમાં હજારો ઘરો નાશ પામ્યા છે. તેમજ અત્યાર સુધીમાં ૨૪ લોકોના મોત નીપજ્યાં છે. જ્યારે ૧૬ લોકો ગુમ છે. આ આંકડો વધવાની ધારણા છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

હવામાન આગાહીકારોએ આ અઠવાડિયે ફરીથી ભારે પવન સાથે ખતરનાક હવામાનની ચેતવણી આપી છે. રાષ્ટ્રીય હવામાન સેવાએ બુધવાર સુધી ભીષણ આગની સ્થિતિ માટે રેડ ફ્લેગની ચેતવણી જારી કરી છે, જેમાં ૮૦ કિમી પ્રતિ કલાક અને પહાડોમાં ૧૧૩ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનો ફૂંકાવાની સંભાવના વ્યક્ત કરાઇ છે. હવામાનશાસ્ત્રી રિચ થોમ્પસને જણાવ્યું કે મંગળવાર સૌથી ખતરનાક દિવસ હશે.

લોસ એન્જલસ કાઉન્ટીના ફાયર ચીફ એન્થોની સી. મેરોને જણાવ્યું કે નવા વાવાઝોડાને કારણે ફાટી નીકળેલી આગને કાબૂમાં લેવા માટે કર્મચારીઓની મદદ માટે ૭૦ વધારાના પાણીના ટ્રકો પહોંચી ગયા છે.

લોસ એન્જલસ કાઉન્ટીના શેરિફ રોબર્ટ લુનાએ જણાવ્યું કે ઇટન ફાયરમાં ૧૨ લોકો ગુમ થયા છે અને પેલિસેડ્સ ફાયરમાં ચાર લોકો ગુમ થયા છે. લુનાએ કહ્યું કે તપાસકર્તાઓ તપાસ કરી રહ્યા છે કે ગુમ થયેલા લોકોમાંથી કેટલાક મૃતકોમાં સામેલ છે કે નહીં. આ દરમિયાન સપ્તાહના અંતે મૃત્યુઆંક વધીને ૨૪ થવા પામ્યો હતો. પેલિસેડ્સ આગના કારણે આઠ અને ઇટન આગના કારણે ૧૬ મૃત્યુ થયા હોવાનું લોસ એન્જલસ કાઉન્ટી કોરોનરના કાર્યાલયે જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર મૃત્યુઆંક વધવાની શક્યતા છે. કારણ કે મૃતદેહોની શોધખોળ કરતી કુતરાઓની ટીમો સપાટ ભૂપ્રદેશમાં શોધખોળ કરશે. અધિકારીઓએ એક કેન્દ્રની સ્થાપના કરી છે, જ્યાં લોકો ગુમ થયેલા લોકોનો રિપોર્ટ કરી શકાય છે. આ દરમિયાન લોસ એન્જલસ સિટી ફાયર ચીફ ક્રિસ્ટિન ક્રાઉલીએ લોકોને સળગેલા વિસ્તારોથી દૂર રહેવા વિનંતી કરી છે. ■

# સંભલમાં ૫૧ ફૂટ ઊંચી ભગવાન રામની પ્રતિમાનું અનાવરણ યોગી કરશે

સંભલઃ ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લાના ચૌદસી શહેરમાં ભગવાન રામની ૫૧ ફૂટ ઊંચી પ્રતિમા પૂર્ણ થવાના આરે છે અને ફેબ્રુઆરીમાં મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ દ્વારા તેનું અનાવરણ થવાની શક્યતા છે. રામ બાગ ધામના રામલીલા મેદાનમાં બનાવવામાં આવી રહેલી આ પ્રતિમામાં શ્રી રામના એક હાથમાં ધનુષ્ય છે અને બીજા હાથથી ભક્તોને આશીર્વાદ આપે છે. ટ્રસ્ટના પ્રમુખ અશોક કુમાર ફેન્સીએ જણાવ્યું હતું કે પ્રતિમાનું બાંધકામ ૩૧ મે, ૨૦૨૩ના રોજ શરૂ થયું હતું અને હવે તે તેના અંતિમ તબક્કામાં છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકાના

વેચવાલીની સલાહ આપી રહ્યાં છે. પાછલા સતત ચાર દિવસની પીછેહઠમાં રોકાણકારોની સંપત્તિમાંથી રૂ. ૨૪.૬૯ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે, જેમાંથી રૂ. ૧૨.૬૧ લાખ કરોડનું ધોવાણ સોમવારના સત્રમાં જ નોંધાયું છે. ચાર સત્રમાં બીએસઇનું માર્કેટ કેપિટલ જોરદાર ઘટાડા સાથે પાંચ ટ્રિલિયન ડોલરની સપાટી તોડીને ૪.૮૨ ટ્રિલિયન ડોલરની સપાટીએ પહોંચ્યું છે.

અમેરિકાના મજબૂત રોજગાર ડેટાને કારણે ફેડરલ દ્વારા વ્યાજ દરના વહેલા ઘટાડાની અપેક્ષાઓને નબળી પાડી હોવા ઉપરાંત, રૂપિયામાં નોંધાયેલો લગભગ બે વર્ષમાં સૌથી મોટો એક દિવસીય કડાકો અને વિદેશી ભંડોળના અવિરત આઉટફ્લોએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને ખરડી નાખ્યું છે.

બજારમાં કડાકો બોલાવવામાં સહાયક થનારા અન્ય પરિબળોમાં ડોલરની મજબૂતી સાથે બોન્ડ યીલ્ડમાં સુધારો થયો છે અને ઊભરતા બજારોનું આકર્ષણ ઘટ્યું છે. તાજેતરના જીડીપી ડાઉનગ્રેડ અને ઊંચા મૂલ્યાંકન વચ્ચે કોર્પોરેટ ક્ષેત્રના નબળા પરિણામ પણ બજારનું માનસ ખરડી રહ્યાં છે.

રશિયન ક્રૂડ ઓઇલની નિકાસ પર અમેરિકાએ લાદેલા નવા પ્રતિબંધોને કારણે ડોલર સામે રૂપિયામાં નવી નીચી સપાટી જોવા મળી છે, જેના કારણે સ્થાનિક ઇક્વિટી બજારોમાં ભારે કડાકો જોવા મળ્યો છે. નોંધવું રહ્યું કે, વિદેશી રોકાણકારોએ આ મહિનામાં અત્યાર સુધીમાં ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૨૨,૧૯૪ કરોડ પાછા ખેંચી લીધા છે.

ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થવાથી સ્થાનિક ફુગાવામાં વધારો થવાની ચિંતા વધશે, જે નજીકના અને મધ્યમ ગાળામાં આરબીઆઇ તરફથી દર ઘટાડાની કોઈ પણ આશાને વધુ વિલંબિત કરી શકે છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૪૩ ટકા વધીને ૮૦.૯૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું છે. ■

### દોઢ કરોડ

અખાડાના સંતો સહભાગી થયા છે.

વડા પ્રધાન મોદીએ એક્સ પર મૂકેલી પોસ્ટમાં લખ્યું હતું કે મહાકુંભ અગણિત લોકોને આસ્થા, ભક્તિ અને સંસ્કૃતિના પવિત્ર સંગમમાં સાથે લાવે છે.

ભારતના વિવિધ રાજ્યોમાંથી આવેલી ટુકડીઓ પ્રયાગરાજના વિવિધ ઘાટોમાં જોવા મળી હતી. શ્રદ્ધાળુઓ માટે કરેલી વ્યવસ્થાની સરાહના કરતાં હિમચલ પ્રદેશના હમિરપુરના કૈલાશ નારાયણ શુકલે કહ્યું હતું કે યાત્રાળુ માટે સારી વ્યવસ્થા કરવામાં આવી હતી અને અમને ડૂબકી મારવામાં કોઈ મુશ્કેલી નડી નહોતી.

એક્સ પર પોસ્ટ મૂકતાં મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું હતું કે પ્રથમ સ્નાનમાં સોમવારે દોઢ કરોડ સનાતનીઓએ અસ્ખલિત અને સ્વચ્છ ત્રિવેણીમાં સ્નાન કરવાનો લાભ ઉઠાવ્યો હતો.

મહાકુંભનગર વિશ્વનું સૌથી મોટું હંગામી શહેર છે. આમાં કોઈ પણ સમયે ૫૦ લાખથી એક કરોડ લોકો સમાઈ શકે છે. ■

### પૂર્વ લદાખમાં

હતું. એપ્રિલ ૨૦૨૦માં બંને દેશની સેના વચ્ચે ઊભી થયેલી મડાગાંઠ બાદથી આ વિસ્તારની પરિસ્થિતિમાં ઘણું પરિવર્તન જોવા મળી રહ્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે બંને પક્ષ આ વિસ્તારમાં બાંધકામ કરી રહ્યા હોવા ઉપરાંત સેના અને મિલીટરી હાર્ડવેરની ગોઠવણ કરી રહી છે. આનો મતલબ હજુ આ વિસ્તારમાં બંને દેશની સેના વચ્ચે મડાગાંઠ જેમની તેમ છે. એપ્રિલ ૨૦૨૦ બાદ પરિસ્થિતિ બદલાઈ હોવાને કારણે બંને દેશે નવી વ્યાખ્યા કરવી પડે એમ હોવાનું તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે વર્કિંગ મેકેનિઝમ ફોર કન્સલ્ટેશન ઍન્ડ કોર્ડિનેશન (ડબ્લ્યુએમસીસી)ના માળખા અંતર્ગત સરહદને લગતા પ્રશ્નોને મામલે વિશેષ પ્રતિનિધિઓની યોજાનારી આગામી બેઠક પર સેનાની નજર છે.

બેઠકના પરિણામને આધારે અમે આગળ વધીશું એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ગયા વરસની ૨૧મી ઑક્ટોબરે થયેલી સમજૂતી મુજબ બંને પક્ષે ડેમચોક અને ડેપસાન્ગ વિસ્તારમાંથી સેના ખસેડી લેવાનું કામ પૂરું કરી લીધું છે.

૨૩ ઑક્ટોબરે રશિયામાં યોજાયેલી બ્રિક્સ શિખર પરિષદ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે યોજાયેલી બેઠકમાં દ્વિપક્ષી વાટાઘાટની યંત્રણામાં સુધારો કરવા અંગે સહમતી સધાઈ હતી જે બાબત બંને દેશ વચ્ચેની સ્થિતિ સામાન્ય બનાવવાના હેતુનો સંકેત આપે છે.

ગયા મહિને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાલ અજિત ડાભોલે બીજિંગની મુલાકાત લીધી હતી અમે સરહદી વિવાદને મામલે ચીનના વિદેશ પ્રધાન વાન યી સાથે બેઠક યોજી હતી. મણિપુરની પરિસ્થિતિ અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે સરકાર તરફી પરિબળો અને સુરક્ષા દળો દ્વારા લેવામાં આવેલા યોગ્ય પગલાંઓને કારણે રાજ્યમાં પરિસ્થિતિ અંકુશમાં છે.

સરહદ પર વાડ બાંધવી મહત્ત્વની છે અને અમે એ દિશામાં આગળ વધી રહ્યા છીએ, એમ તેમણે કહ્યું હતું.

જમ્મુ-કાશ્મીરની સ્થિતિ સંપૂર્ણપણે અંકુશમાં હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૧માં પાકિસ્તાન સાથે શસ્ત્રવિરામની કરવામાં આવેલી સમજૂતીને કારણે પરિસ્થિતિમાં સુધારો થયેલો જોવા મળી રહ્યો છે.

જોકે તેમણે કહ્યું હતું કે કાશ્મીરમાં છૂટીછવાઈ હિંસા અને આતંકવાદનું મૂળ પાકિસ્તાન છે.

ગયા વરસે કાશ્મીરની જમીન પરથી ૬૦ ટકા આતંકવાદ નાબૂદ કરવામાં આવ્યો હતો. હવે માત્ર કાશ્મીર ખીણ પ્રદેશ અને જમ્મુના અમુક વિસ્તારમાં જ નજીવો આતંકવાદ રહ્યો છે જેમાંથી ૮૦ ટકાનું મૂળ પાકિસ્તાન છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### સળિયા ભરેલા

ઘરે પાછા ફરી રહ્યા હતા ત્યારે ટેમ્પોચાલકે ટેમ્પો પરનો કાબૂ ગુમાવ્યો હતો અને રસ્તાના અંતે ઊભેલા સળિયાઓ ભરેલા ટ્રક સાથે ભટકાયો હતો, એવું અધિકારીએ જણાવ્યું હતું.

અકસ્માત બાદ પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનોએ તેમ જ સ્થાનિક અને અહીંથી પસાર થતા લોકોએ બચાવકામગીરી હાથ ધરી હતી. અકસ્માત ગીચ વિસ્તારમાં થયો હોવાથી બચાવકામગીરી ઝડપી હાથ ધરવામાં આવી હતી, એવું અધિકારીએ જણાવ્યું હતું.

અકસ્માતમાં ઘાયલ લોકોને ડિસ્ટ્રિક્ટ અને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માતમાં માર્યા ગયેલાઓની સંખ્યા વધી શકે છે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

#### મૃતકના પરિવારને પાંચ લાખની સહાય

નાશિક જિલ્લામાં બનેલા ગોઝારા માર્ગઅકસ્માતના બનાવ અંગે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શોક વ્યક્ત કર્યો હતો અને મૃતકોના પરિવારને પાંચ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી. 'એક્સ'માં પોસ્ટ કરીને ફડણવીસે જાહેરાત કરી હતી. ઘાયલોની સારવારમાં પણ સરકાર સહાય કરશે, એવું તેમણે જણાવ્યું હતું. ■

### આપેલા વચન

કર્યા વિના કહ્યું હતું કે તમારે માનવું જોઈએ કે આ મોદી છે અને મોદી તેના વચનો પાળે છે. દરેક વસ્તુનો યોગ્ય સમય હોય છે અને યોગ્ય વસ્તુઓ યોગ્ય સમયે થાય છે. મોદીએ વધુમાં કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર તો દેશનો તાજ છે અને હું એ સુંદર અને સમૃદ્ધ બને એમ ઈચ્છું છું. પ્રદેશમાં શાંતિનું વાતાવરણ છે અને એની પ્રવાસન પરની અસર આપણે જોઈ છે. કાશ્મીર આજે વિકાસની નવી ગાથા લખી રહ્યું છે. મોદીએ જણાવ્યું હતું કે કાશ્મીર ખીણ ટૂંક સમયમાં ટ્રેન વડે જોડાશે અને લોકોમાં આ અંગે ઉત્સાહ છે.

### મુંબઈની ટીનેજરના

પછીથી મેઘાલયની ટીમનો ૧૯ રનમાં વીંટો વળી ગયો હતો. એની છ પ્લેયર ઝીરોમાં આઉટ થઈ હતી. મુંબઈની જિયા અને યાયાતીએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

ઇરા જાધવ શારદાશ્રમ વિદ્યામંદિર ઇન્ટરનેશનલ સ્કૂલમાં ભણે છે. સચિન તેન્ડુલકર, વિનોદ કાંબળી અને અજિત આગરકર આ જ સ્કૂલમાં ભણ્યા હતા. આગામી વિમેન્સ પ્રીમિયર લીગ માટેના તાજેતરના ઑક્શનમાં ઇરા જાધવને એક પણ ફ્રેન્ચાઇઝીએ નહોતી મેળવી. જોકે ઇન્ડિયા અન્ડર-૧૯ વર્લ્ડ કપની સ્ક્વોડમાં પછીથી તેનો સમાવેશ કરાયો હતો. ■

### મહાકુંભમાં

કરતાં વધુ ભીડનું સંચાલન કરવાના પડકારને સ્વીકારતા તેમણે જણાવ્યું હતું કે ''વિભાગ અને મેળાના અધિકારીઓની દેખરેખ હેઠળ સેંકડો પરિવારોનું પુનઃમિલન થયું છે. ફક્ત પહેલા દોઢ કલાકમાં, અમારી નાગરિક સંરક્ષણ ટીમો લગભગ ૨૦૦ થી ૨૫૦ વ્યક્તિને તેમના પરિવારોમાં પાછા લાવવામાં સફળ રહી હતી.

પ્રયાગરાજમાં મહાકુંભ મેળાના ઉદ્ઘાટન દિવસે પોષ પૂર્ણિમા સ્નાન ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો, જે દરમિયાન લાખો ભક્તો પવિત્ર સંગમમાં પવિત્ર ડૂબકી લગાવવા માટે ભેગા થયા હતા.

આ મહાકુંભ ૨૬ ફેબ્રુઆરીના રોજ સમાપ્ત થશે.

વિશાળ મેળાવડાનું સંચાલન કરવા માટે, ઉત્તર પ્રદેશ સરકારે 'ભૂલા-ભટકા' કેમ્પ, પોલીસ સહાય કેન્દ્રો અને મેળા માટે ખાસ બાંધવામાં આવેલા વોચટાવર પર કર્મચારીઓની તૈનાતી સહિત અનેક ભીડ નિયંત્રણ પહેલ અમલમાં મૂકી છે.

આ કેમ્પોમાં ખોવાયેલી મહિલાઓ અને બાળકો માટે સમર્પિત વિભાગો, ડિજિટલ સાધનો અને સોશિયલ મીડિયા સહાયથી સજ્જ 'ખોયા-પાયા' (ખોવાયેલા અને મળેલા) કેન્દ્રો છે.

ઘાટો પર લગાવેલા લાઉડસ્પીકરો સતત ગુમ થયેલા વ્યક્તિઓના નામ જાહેર કરી રહ્યા છે, જેનાથી ઝડપી પુનઃમિલન શક્ય બને છે, જ્યારે પોલીસ અને નાગરિક સંરક્ષણ કર્મચારીઓ સક્રિય રીતે યાત્રાળુઓને મદદ કરી રહ્યા છે.

ભાવનાત્મક પુનઃમિલનથી ઘણા ઉપસ્થિતોએ મેળાના અધિકારીઓ પ્રત્યે હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

યુપી સરકારના અંદાજ મુજબ, ૧૪૪ વર્ષ પછી યોજાઈ રહેલા મહા કુંભ મેળામાં ૨૬ ફેબ્રુઆરી સુધીમાં ૪૦ કરોડથી ૪૫ કરોડ મુલાકાતીઓ આવવાની અપેક્ષા છે. ■

### મોદીએ

આ ટનલ શક્ય બનાવી. સ્થાનિક લોકોએ કહ્યું હતું કે આ ટનલથી પર્યટનને પ્રોત્સાહન મળશે અને નવા રોજગાર સર્જાશે. મોદી, ઉમર, સંસદસભ્ય મિયા અલ્તાફ અને વિધાનસભ્ય મેહર અલીને ધન્યવાદ દેતાં લોકોએ કહ્યું હતું કે આને લીધે લાંબા સમયથી ચાલતી આવતી કનેક્ટિવિટીની સમસ્યા દૂર થશે. આ ક્ષેત્ર છ મહિનાથી અધિક સમય સુધી વિખૂટું પડી જતું હતું, પરંતુ હવે તે આખું વર્ષ સંપર્કમાં રહેશે. મોદીએ બીજા કેન્દ્રીય પ્રધાનો , ઉપરાજ્યપાલ, મુખ્ય પ્રધાન સાથે ટનલની મુલાકાત લીધી હતી. અહીં ઉલ્લેખનીય છે કે ૬.૫ લાંબી આ ટનલની મદદથી શ્રીનગરથી સોનમર્ગ પહોંચી શકાશે. અગાઉ કાતિલ ઠંડીને લીધે આ સંભવ નહોતું.

આ ટનલ બધી મોસમમાં સોનમર્ગને પર્યટન સ્થળ બનાવે છે. અને તેને ગંદરબાલ જિલ્લાના કંગન શહેરથી જોડે છે. જોકે આનાથી લશ્કરી ફાયદો પણ થશે કારણ કે આ ગંદરેબલ-લેહ હાઈવેને આખું વર્ષ ખુલ્લો રાખશે. ૨૦૨૮માં તો નજીકમાં વધુ એક સુરંગ ૨૦૨૮માં તૈયાર થઈ જશે. આ હાઈવેથી પૂર્વની સરહદે ચીન સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખાનું રક્ષણ કરવા લશ્કર અને સુરક્ષા દળો દારૂગોળાના અપવાદ સિવાય સામાન અને રોજિંદી વસ્તુઓનું પરિવહન કરે છે. ટનલનું નામ રોડના ઝેડ આકાર પરથી પાડવામાં આવ્યું છે . આ સિંધ નદીથી ૮,૫૦૦ ફૂટની ઊંચાઈએ છે. ૨૦૧૨માં આ ટનલના પ્રોજેક્ટની પરિકલ્પના કરવામાં આવી છે. શરૂઆતમાં આ પ્રોજેકટનું નિર્માણ બોર્ડર રોડ ફોર્સ કરવાનું હતું. જોકે પછી તેનું કામ રાષ્ટ્રીય રાજમાર્ગ અને સંરચના વિકાસ નિગમ લિમિટેડને આપી દેવામાં આવ્યું હતું. પ્રોજેક્ટનો કૉન્ટ્રાક એફકો ઈન્ફ્રાટેકને આવામાં આવ્ય હતો. હકીકતમાં ઓગસ્ટ ૨૦૨૩ સુધી આ પ્રોજેક્ટ પૂરો થવો જોઈતો હતો પરંતુ તેની શરૂઆત જ મોડી થઈ. વિધાનસભાની ચૂંટણીને લીધે તે મોડો પડ્યો. આ ટનલનું કામકાજ મે ૨૦૧૫માં શરૂ થયું હતું જોકે નાણાકીય મુશ્કેલીને લીધે કૉન્ટ્રાક્ટર ઈન્ફ્રાસ્ટ્રકચર લીઝિંગ એન્ડ ફાયનાન્સિલ સર્વિસીસે પ્રકલ્પ પડતો મૂક્યો હતો. ત્યાર બાદ ૨૦૧૯માં આનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. તત્કાલીન સરકારે આ પ્રોજેક્ટનો શિલાન્યાસ ઓક્ટોબર ૨૦૧૨ના તત્કાલીન ભૂ પરિવહન પ્રધાન સી.પી. જોશીના હસ્તે કર્યો હતો. આ પ્રોજેક્ટ ૨૦૧૬-૧૭માં પૂરો થવાની સંભાવના હતી. જોકે ૨,૭૧૬.૯૦ કરોડ રૂપિયાના ખર્ચવાળી આ ટનલ હવે પૂરી થઈ છે. આને લીધે સોનમર્ગ આખા વર્ષ જવાની સુવિધા મળશે અને લેહની યાત્રામાં સુધારો થશે. ■

# મુખ્ય પ્રધાને અમદાવાદના વાઇલ્ડ લાઇફ કેર સેન્ટરની મુલાકાત લીધીઃ 'સ્નેક રેસ્ક્યૂ ઍપ' લોન્ચ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ૧૦મી જાન્યુઆરીથી ૨૦મી જાન્યુઆરી સુધી ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગ દોરાથી પક્ષીઓને ઘાયલ થતાં બચાવવા અને ઘાયલ પક્ષીઓની સારવાર માટે ચાલી રહેલા રાજ્યવ્યાપી કરૂણા અભિયાન અંતર્ગત અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં કાર્યરત વાઇલ્ડ લાઇફ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ અવસરે મુખ્ય પ્રધાને વન્ય પ્રાણી ફોટોગ્રાફ એક્ઝિબિશનની પણ મુલાકાત લીધી હતી.

અમદાવાદના બોડકદેવમાં આવેલા વાઇલ્ડ લાઇફ કેર સેન્ટરની મુલાકાત દરમિયાન મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'સ્નેક રેસ્ક્યુ એપ' લોન્ચ કરવામાં આવી હતી. રાજ્યના વન વિભાગ દ્વારા ત્યાર કરવામાં આવેલું 'કરુણા અભિયાન' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. તેમણે 'કરુણા અભિયાન -૨૦૨૫ સિગ્નેચર' કેમ્પનમાં પણ ભાગ લીધો હતો.

રાજ્યના કોઈ પણ સ્થળે ઘાયલ પક્ષીઓને ઝડપી અને યોગ્ય સારવાર આપવા માટે વન વિભાગ દ્વારા વૉટ્સઍપ નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ અને ૧૯૨૬ હેલ્પલાઇન જાહેર કરાયો છે. આ નંબર પર મેસેજ કરવાથી એક લિંક મળશે, જેને કલિક કરવાથી જિલ્લાવાર ઉપલબ્ધ તમામ પક્ષી સારવાર કેન્દ્રોની માહિતી મળશે. આ ઉપરાંત પશુપાલન વિભાગ દ્વારા ૧૯૬૨ નંબર સેવારત છે. આ નંબરનો સંપર્ક કરી નાગરિકો અબોલ પશુ-પક્ષીઓનો જીવ બચાવી શકશે.

કરુણા અભિયાન-૨૦૨૫માં આશરે ૬૦૦થી વધુ વેટરનિટી તબીબો તેમજ ૮,૦૦૦થી વધુ સેવાભાવી સ્વયંસેવકો સેવારત છે. પશુપાલન વિભાગ, વન વિભાગ અને વિવિધ સેવાભાવી સંસ્થાઓના મળીને રાજ્યભરમાં કુલ ૧,૦૦૦થી વધુ સારવાર કેન્દ્રો પણ ઊભાં કરવામાં આવ્યાં છે. રાજ્યભરનાં ૮૬૫ પશુ દવાખાનાં, ૩૪ વેટરનરી પોલિક્લિનિક, ૨૭ શાખા પશુ દવાખાના ઉપરાંત ૫૮૭ જેટલાં ફરતાં પશુદવાખાનાં અને ૩૭ કરુણા એનીમલ એમ્બ્યુલન્સ રજાના દિવસે પણ કાર્યરત રહેશે. જ્યાં ઘાયલ પશુ-પક્ષીની સારવાર માટે જરૂરી તમામ સાધનો અને દાવાઓનો સ્ટોક સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી આ કરુણાસભર પહેલના પરિણામે અનેક અબોલ પશુ-પક્ષીઓને નવજીવન મળ્યું છે. છેલ્લાં આઠ વર્ષમાં કરુણા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૯૭,૨૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરાયા છે. જે પૈકીના ૩૧,૪૦૦થી વધુ પશુઓને તેમજ ૬૫,૭૦૦થી વધુ પક્ષીઓને યોગ્ય સારવાર આપવામાં આવી છે.

ગત વર્ષે કરુણા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૧૩,૮૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરાયા હતા, જેમાં ૪,૪૦૦થી વધુ પશુઓ અને ૯,૩૦૦થી વધુ પક્ષીઓનો સમાવેશ થાય છે. જ્યારે, છેલ્લા ૦૮ વર્ષમાં સૌથી વધુ અમદાવાદ જિલ્લામાં આશરે ૧૭,૬૦૦, સુરત જિલ્લામાં ૧૩,૩૦૦થી વધુ, વડોદરા જિલ્લામાં ૧૦,૭૦૦થી વધુ, રાજકોટ જિલ્લામાં ૮,૩૦૦થી વધુ, આણંદ જિલ્લામાં ૬,૮૦૦થી વધુ અને જૂનાગઢ જિલ્લામાં ૬,૧૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરીને સારવાર પૂરી પાડવામાં આવી છે.

# ગુજરાતમાં ચાઈનીઝ અને કાચથી માંજેલી દોરીના વેચાણ અંગે ૬૦૯ ફરિયાદો નોંધી ૬૧૨ લોકોની ધરપકડ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉત્તરાયણના પર્વ પહેલાં જ પક્ષીઓને બચાવવા તેમ જ રસ્તા પર પસાર થતાં લોકોનાં પતંગની ઘાતક દોરીથી ગળાં કપાતાં અટકાવવા માટે હાઈકોર્ટે રાજ્ય સરકારને ટકોર કરી હતી.

હાઈ કોર્ટની ટકોર બાદ સમગ્ર રાજ્યમાં પોલીસ એક્શનમાં આવી હતી અને ચાઈનીઝ દોરી, તુક્કલ અને કાચના પાઉડરથી માંજેલી દોરીનું વેચાણ કરતા વેપારીઓ પર તવાઈ બોલાવી હતી.

ગુજરાત હાઈ કોર્ટમાં આ મુદ્દે સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં ચાઈનીઝ દોરી, નાયલોન દોરી અને કાચ પાયેલી દોરીના વેચાણ અંગે સરકારે સોગંદનામું કર્યું હતું. સરકારે ચાર દિવસ દરમિયાન કરવામાં આવેલી કામગીરીનો રિપોર્ટ રજૂ કર્યો હતો. આ રિપોર્ટ પ્રમાણે રાજ્યમાં ચાર દિવસમાં ૬૦૯ ફરિયાદો નોંધવામાં આવી હતી અને ૬૧૨ લોકોની ધરપકડ કરાઈ હતી.

હાઈ કોર્ટે જણાવ્યું હતું કે,પ્રતિબંધિત દોરીની અરજી છેલ્લી ઘડીએ સાંભળવામાં આવે છે.

તેમાં કોન્ક્રિટ પ્લાન લઈને અમલીકરણ કરવામાં આવે. આ પ્રતિબંધિત દોરીની સુનાવણી સપ્ટેમ્બર માસમાં થવી યોગ્ય છે. તેનાથી પ્રતિબંધિત દોરી પર યોગ્ય અમલીકરણ થઈ શકે. ઉપરાંત આગામી ત્રણ દિવસ સુધી પણ આ જ પ્રકારના પ્રતિબંધિત દોરી પર અમલવારી ચાલુ રહેશે.

# બેટ દ્વારકામાં ત્રીજા દિવસે પણ બુલડોઝર ફર્યુંઃ બે દિવસમાં ૨૪૪૦૦ ચો.મી. જગ્યા પરનું દબાણ દૂર કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યાત્રાધામ બેટ દ્વારકામાં તંત્ર દ્વારા મેગા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરી છે, સોમવારે ત્રીજા દિવસે બેટ દ્વારકામાં ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરી યથાવત રહી હતી. અત્યાર સુધી સાડા નવ કરોડની કિંમતી સરકારી જમીન પરનું દબાણ દૂર કરવામાં આવ્યું છે. ૨૪૪૦૦ ચોરસ મીટર જગ્યા પરનું દબાણ તોડી પાડવામાં આવ્યું છે. બેટ દ્વારકામાં બાલાપર વિસ્તારમાં દબાણો તોડી પાડવામાં આવ્યાં છે. જેના કારણે ચારે તરફ કાટમાળ પથરાયેલો જોવા મળી રહ્યો છે. એક હજાર પોલીસ અને એસ.આર.પી. જવાનો સાથે જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શનમાં મેગા ડિમોલિશન ચાલી રહ્યું છે.

બેટ દ્વારકામાં બે દિવસમાં ૧૧૦ જેટલાં મકાનો તોડી પાડવામાં આવ્યાં. ૨૫૦ જેટલા આસામીઓને તંત્ર દ્વારા નોટિસો આપવામાં આવી હતી. શનિવારે વહેલી સવારથી દબાણ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. દબાણ દૂર કરવાની પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પણ પોલીસ તંત્ર હાઈ એલર્ટ પર કામ કરી રહ્યું છે. જિલ્લાના પોલીસ વડા નિતેશ પાંડેની દેખરેખ હેઠળ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ સિવાય ખંભાળિયાના બન્ને ડીવાયએસપી, એલ.સી.બી., એસ.ઓ.જી. તેમ જ જિલ્લાભરમાંથી પી.આઈ., પી.એસ.આઈ. ઉપરાંત એસ.આર.પી. અને મહિલા પોલીસ સહિત ૧ હજાર પોલીસનો કાફલો તહેનાત કરવામાં આવ્યો છે.

આ અંગે એસપી, નીતેશ પાંડેએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, આજે બેટ દ્વારકા ડિમોલિશનનો ત્રીજો દિવસ છે. જે કાંઈ પણ ગેરકાયદેસર દબાણો છે તે કાયદેસરની કાર્યવાહી કરીને તોડવામાં આવી રહ્યાં છે. બેટ દ્વારકા અને ઓખા વિસ્તારમાંથી ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરી ચાલી રહી છે. હાલ જે ટ્વિટ છે તે અંગે પોલીસની તપાસ ચાલી રહી છે. હાલ અત્યારે એક હજારનો પોલીસ બંદોબસ્ત છે. તમામ જવાનો સતત ખડેપગે બંદોબસ્તમાં હાજરી આપી રહ્યા છે. જ્યાં સુધી જરૂરિયાત હશે ત્યાં સુધી આ કામગીરી ચાલુ રહેશે.

# પીરોટન ટાપુ પર ચાર હજાર ચોરસ ફૂટમાં ફેલાયેલાં ગેરકાયદે ધાર્મિક દબાણો હટાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ એવા પીરોટન ટાપુ પર થયેલા ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવી હતી. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં આ પ્રકારનાં ગેરકાયદેસર દબાણો પર ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે.પીરોટન ટાપુ પર અંદાજે ૪૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા ધાર્મિક સ્થળોનું અતિક્રમણ દૂર કરવામાં આવ્યું હતું.

પીરોટન ટાપુને પુનઃ મૂળ સ્થિતિમાં લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહી દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિના રક્ષણ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. પીરોટન ટાપુના આ દબાણો રાષ્ટ્રીય સુરક્ષા, સમુદ્રી જીવસૃષ્ટિ અને આસપાસના વિસ્તારમાં આવેલા મહત્ત્વના ઉદ્યોગો માટે ખતરારૂપ સાબિત થઈ રહ્યા હતા.

પીરોટન ટાપુ પાસે ૫ એસપીએમ આવેલા છે. જેનાથી દેશનો ૬૦ ટકા ક્રૂડ ઑઇલનો પુરવઠો સપ્લાય થાય છે. પીરોટન મરીન નેશનલ પાર્કનો હિસ્સો છે. અહીંના કોરલ જેવા સમુદ્રી જીવોને ગેરકાયદેસર દબાણોને કારણે ખૂબ મોટું નુકસાન થતું હતું. અતિક્રમણને કારણે લોકોની અવરજવર વધી જતાં રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા હતા. આ સ્થળ એનડીપીએસ સંબંધી પ્રવૃત્તિઓ માટે લેન્ડિંગ પોઈન્ટ બનવાનું જોખમ ધરાવતું હતું.

અતિક્રમણને કારણે સમુદ્રી વનસ્પતિને મોટા પાયે નુકસાન થઈ રહ્યું હતું. જીએસએફસી, રિલાયન્સ, નયારા એનર્જી, એરફોર્સ બેઝ, નેવી બેઝ જેવા મહત્ત્વના ઉદ્યોગો અને સંસ્થાઓ માટે આ અતિક્રમણને કારણે થતી ગેરકાયદેસર અવરજવર ગંભીર ખતરો ઊભો કરતું હતું. આ કાર્યવાહી દ્વારા પીરોટન ટાપુને ફરીથી તેની મૂળ સ્થિતિમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવશે અને આ સાથે દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિનું રક્ષણ કરવામાં આવશે.

# અમરેલી લેટરકાંડની તપાસ એસએમસીના વડા નિર્લિપ્ત રાયને સોંપાઈઃ પરેશ ધાનાણી અને પ્રતાપ દૂધાતની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી લેટરકાંડ મુદ્દે સુરતમાં ન્યાય માટે ધરણાં કરી રહેલા કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી અને પ્રતાપ દૂધાતની અટકાયત કરવામાં આવી હતી. આ કેસમાં અમરેલી એસપી દ્વારા ત્રણ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. આ કેસની તપાસ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે સ્ટેટ મોનિટરિંગ સેલના ડિઆઈજી નિર્લિપ્ત રાયને સોંપી હતી.

અમરેલી લેટરકાંડ મુદ્દે એસપીએ એક મહિલા સહિત બે પુરુષ કોન્સ્ટેબલ પર કાર્યવાહી કરવામાં આવી હતી. આ અધિકારીઓ સામે ફરજમાં બેદરકારી તેમ જ નિષ્કાળજી દાખવતાં તેમની વિરુદ્ધ ખાતાકીય કાર્યવાહી કરાઈ હતી. બીજી તરફ કોંગ્રેસે સુરતમાં માનગઢ ચોક ખાતે અમરેલીમાં ભોગ બનનારી યુવતીને ન્યાય અપાવવા માટે ધરણાંની જાહેરાત કરી હતી. સુરત પોલીસે ધરણાં માટે મંજૂરી આપી ન હતી. પરેશ ધાનાણી અને પ્રતાપ દૂધાત ધરણાં યોજે તે પહેલાં જ પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી.

પરેશ ધાનાણીએ જણાવ્યું કે અમરેલીમાં ભોગ બનેલી દીકરીના ન્યાય માટે લડત લડી રહ્યા છીએ. પોલીસ આંદોલન કે વિરોધ પ્રદર્શન કરવા દેતી નથી. અમે શાંતિથી ધરણાં કરવા માગતા હતા. માનગઢ ચોક સામાજિક અને રાજકીય આંદોલનોનું સાક્ષી રહ્યું છે. અમને ધરણાં કરવાની પરમિશન નહીં મળે તો વરાછા પોલીસ સ્ટેશનમાં જ ધરણાં શરૂ કરી દઈશું. કોંગ્રેસના નેતાઓએ કહ્યું હતું કે, આ કોઈ એક પાટીદારની દીકરી નથી પરંતુ આ દરેક સમાજની દીકરી છે. આવી લડતમાં સહકાર આપવાની જરૂરિયાત છે. બીજી તરફ એસએમસીના વડા નિર્લિપ્ત રાયે મીડિયાને કહ્યું હતું કે, અમરેલીનો હાલ જે મુદ્દો ચાલી રહ્યો છે તેની તપાસ અને અન્ય મુદ્દાઓની ફરીથી તપાસ કરવામાં આવશે.

# સુરતમાં મુંબઈની બ્રાન્ડેડ કંપનીની નકલી પ્રોડ્ક્ટ બનાવતું કારખાનું ઝડપાયું

## એક શખસની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નકલી અધિકારીઓ સહિત હવે નકલી ચીજવસ્તુઓની ફૅક્ટરીઓ પણ પકડાવા લાગી છે. સુરતમાં ક્લિનિંગ માટેનું લિક્વિડ બનાવતી બ્રાન્ડેડ કંપનીનો નકલી સામાન બનાવવા માટે સરથાણા વિસ્તારમાં પતરાના શેડમાં ચાલતું કારખાનું ઝડપાયું હતું. મુંબઈમાં આ પ્રકારનું લિક્વિડ બનાવતી કંપનીની ટીમે પોલીસને સાથે રાખીને આ કારખાનામાં દરોડા પાડ્યા હતા જ્યાંથી ૩.૩૧ લાખનો સામાન જપ્ત કરી એક વ્યક્તિની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ફિનાઇલ, વાંસણ-બાથરૂમ ધોવા માટે દેશની જાણીતી કંપની દ્વારા તેમની કંપનીની લીગલ કામ માટે ઓથોરિટી આપવામાં આવી હતી. આ ફિનાઈલ કંપનીના નામ-સ્ટિકર અને કેનમાં હલકી ગુણવત્તાનો સામાન પેક કરી બજારમાં વેચવામાં આવતું હોવાની ફરિયાદ મળી હતી. જેથી પ્રોડક્ટ બનાવતી કંપનીના ફિલ્ડ ઑફિસર સુરત આવ્યા હતાં અને સ્થાનિક પોલીસને સાથે રાખીને નકલી લિક્વિડ બનાવતાં કારખાનામાં દરોડા પાડ્યા હતાં.

આ કારખાનામાંથી બનાવટી ફિનાઇલ, ટોઈલેટ ક્લીનર સહિતનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આ કારખાનું ચલાવનાર અતુલ વજુ ગલાણીની ધરપકડ કરી હતી. અગાઉ સરથાણામાં નકલી બનાવતી ફૅક્ટરી ઝડપાઇ હતી. બ્રાન્ડેડ સાબુ, હાર્પિક લિકવીડ સહિતની બ્રાન્ડેડ ચીજ-વસ્તુઓનું ડુપ્લિકેશન થયુ હતુ.

યોગી ચોક ખાતે ઑનલાઇન કપડાના ધંધાની આડમાં નકલી ચલણી નોટો છાપવાનો ગોરખધંધો થતો હોવાની જાણ થતાં એસઓજીએ દરોડો પાડી ૧૦૦ના દરની દોઢ લાખની કિંમતની નકલી ચલણી નોટો સાથે ૩ આરોપીને ઝડપી પાડ્યા હતા.

# રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં ગ્રાહક સુરક્ષાની ૪૭ હજાર રજૂઆતોનું નિવારણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના કોઈ પણ નાગરિક સાથે છેતરપીંડી ના થાય અને ગ્રાહક સુરક્ષાની જાગૃતિ કેળવાય તે માટે રાજ્ય સરકારે બહુઆયામી પ્રયાસ હાથ ધર્યા છે.

રાજ્યમાં ગ્રાહકોની ફરિયાદ નિવારણ અર્થે રાજ્ય સરકાર દ્વારા ગ્રાહક હેલ્પલાઈન નંબર ૧૮૦૦૨૩૩૦૨૨૨ કાર્યરત છે. જેમાં ગ્રાહકોને પોતાની ફરિયાદો નોંધાવી શકે છે. જે અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં આ નંબર પરથી મળેલ ૪૭ હજારથી વધુ રજૂઆતોનું સુખદ નિવારણ કરાયું છે.

હાલ રાજ્યભરમાં અંદાજે ૫૩ જેટલાં ગ્રાહક સુરક્ષા મંડળો કાર્યરત છે. આ મંડળીઓ દ્વારા ગ્રાહકોને જાગૃત્ત કરવા છેલ્લા ત્રણ વર્ષમાં ૫૪૪ શિબિર- વર્કશોપ, ૪૬૮ સેમિનાર, પરિસંવાદ, વેબિનાર તેમ જ ૪૯૮ ગ્રામ શેરીસભા યોજવામાં આવી છે. જ્યારે ૪.૨૪ લાખથી વધુ ગ્રાહક જાગૃતિની પત્રિકા અને ૧.૫૩ લાખથી વધુ પાક્ષિક- માસિક પ્રસિદ્ધ કરી ગ્રાહકોમાં જાગૃતિ કેળવવાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ગ્રાહક સુરક્ષા મંડળો દ્વારા છેલ્લાં ૦૩ વર્ષમાં ગ્રાહક સુરક્ષાની ૪,૩૭૩ ફરિયાદો મધ્યસ્થા અને સમજાવટ કરીને પૂર્ણ કરવામાં આવી છે.

ગુજરાતમાં ૨૦૧૦માં ગ્રાહકોને નિઃશૂલ્ક સલાહ આપવા રાજ્યમાં ગ્રાહક સલાહકાર કેન્દ્રો જુદા- જુદા ૨૧ સ્થળે સ્થાપવવામાં આવ્યા હતાં. આ કેન્દ્રો દ્વારા છેલ્લા એક વર્ષમાં કુલ ૦૬ હજારથી વધુ ગ્રાહકોને નિઃશુલ્ક સલાહ તેમજ માર્ગદર્શન આપી તેમની સમસ્યા દૂર કરી હતી. આ સલાહ કેન્દ્રોને રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક રૂ. ૧૨.૩૧ લાખ સહાય ચૂકવાય છે.

રાજ્યના ભવિષ્યના ગ્રાહકો સશક્ત અને જાગૃત બને તે માટે ગ્રાહક સુરક્ષા કચેરી દ્વારા શાળા અને કોલેજ કક્ષાએ કન્ઝ્યુમર્સ ક્લબ યોજના હેઠળ ક્લબ સ્થાપવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં અંદાજે બે હજાર શાળા કન્ઝ્યુમર્સ અને ૫૦૦ કૉલેજ કક્ષાએ કન્ઝ્યુમર્સ ક્લબ કાર્યરત છે. જેમાં દર વર્ષે ક્લબ દિઠ રૂ. ૫,૦૦૦ની નાણાકીય સહાય આપવામાં આવે છે.

ગ્રાહક સુરક્ષા કચેરી દ્વારા કન્ઝ્યુમર્સ અર્ફેસ એન્ડ પ્રોટેકશન એજન્સી મારફતે ગ્રાહક સુરક્ષા મંડળના પ્રતિનિધિઓને પણ સામેલ કરી લોકશાહી ઢબે નિર્ણય-નિમાર્ણની કામગીરી હાથ ધરવામાં આવે છે. સાથે જ રાજ્યભરમાં આવેલાં ગ્રાહક સુરક્ષા મંડળોને નાણાકીય સહાય અપાય છે.

જેમાં રાજ્ય સરકાર દ્વારા તાલુકા કક્ષાના ગ્રાહક સુરક્ષા મંડળને વાર્ષિક રૂ.૭૫ હજાર, રૂ. એક લાખ જિલ્લા કક્ષા તેમ જ રૂ. ૧.૨૫ લાખ મ્યુનિસિપલ કોપોરેશન કક્ષાની મંડળીઓને ચૂકવવામાં આવે છે.

# પ્રયાગરાજ મહાકુંભ માટે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ

## ત્રણ લાખ ગુજરાતી ભાગ લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ શરૂ થઈ રહ્યો છે. દર ૧૨ વર્ષે યોજાતો આ મહાકુંભ મેળો ૨૬મી ફેબ્રુઆરી સુધી ચાલશે. ગુજરાતમાંથી કેટલા લોકો પ્રયાગરાજ પહોંચશે તેનો ચોક્કસ આંકડો કહેવો હજુ સુધી મુશ્કેલ છે, પરંતુ આ વખતે ૩થી ૫ લાખ લોકો ગુજરાતથી મહાકુંભમાં ભાગ લેશે તેવું અનુમાન છે. મહાકુંભમાં શ્રદ્ધાળુઓના ધસારાને જોતાં રાજ્યમાંથી ૨૦થી વધુ સ્પેશિયલ ટ્રેન તેમ જ અમદાવાદથી પ્રયાગરાજની વિશેષ ફલાઈટની પણ જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતથી અનેક લોકોએ ખાનગી બસ, કાર સહિતના ખાનગી વાહનો દ્વારા પ્રયાગરાજ પહોંચવાનું આયોજન કર્યું છે. આ ઉપરાંત ટ્રેનોમાં વેઈટિંગ સતત વધી રહ્યું છે. અમદાવાદથી પ્રયાગરાજ માટે જે નિયમિત ટ્રેન ચાલે છે તેમાં આગામી ૨૬મી ફેબ્રુઆરી સુધી ૧૦૦થી વધુનું વેઈટિંગ છે. આ સિવાય અમદાવાદ-બરાઉની એક્સપ્રેસમાં સ્લિપર કલાસમાં આગામી ૨૬મી ફેબ્રુઆરી સુધી 'રિગ્રેટ'ની જાહેરાત કરી દેવાઈ છે એટલે કે આ ટ્રેનમાં તો ટિકિટ જ મળવાની બંધ થઈ ગઈ છે. ટ્રેનોમાં બુકિંગ નહીં મળતાં કેટલાક ખાનગી ટૂર ઓપરેટર્સે અમદાવાદથી પ્રયાગરાજ વચ્ચે બસ શરૂ કરી છે. અમદાવાદથી પાંચ જેટલી ખાનગી બસમાં ૩૫ કલાકની મુસાફરી માટે ભાડું રૂપિયા બે હજારથી લઈને રૂપિયા પાંચ હજાર સુધીનું છે.

# અંબાજી, બહુચરાજી, શામળાજી અને નડિયાદના સંતરામ મંદિરમાં પોષી પૂનમની ભવ્ય ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોષી પૂનમ નિમિત્તે રાજ્યના પવિત્ર યાત્રાધામોમાં શ્રધ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટ્યું હતું. શક્તિપીઠ અંબાજી, બહુચરાજી તેમજ નડિયાદના સંતરામ મંદિરમાં ભવ્ય ઉજવણી થઈ હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે રવિવારે સાંજે શ્રી શંભુ પંચ દશનામ આહ્વાન અખાડા ભૈરવ ધૂની દ્વારા આયોજિત ત્રિ-દિવસીય શાહી સ્નાનના કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. આ મહા ઉત્સવમાં સહભાગી થવા મોટી સંખ્યામાં નાગા બાબા, સાધુ સંતો, મહંતોએ અંબાજી તીર્થધામમાં આવી પહોંચ્યા હતા. તે જ પ્રકારે બહુચરાજી સ્થિત બહુચર માતાના મંદિરમાં પણ માતાજીના દર્શન માટે વહેલી સવારથી જ ભક્તોની લાંબી કતારો લાગી હતી. નડિયાદના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરમાં પોષી પૂનમને બોર પૂનમ તરીકે ઓળખવામાં આવે છે. મંદિરમાં પૂનમના દિવસે બોર ઉછાળવાની પરંપાર ૨૦૦ વર્ષ ઉપરાંતથી ચાલી આવે છે. બાળક જન્મ પછી બોલતું ન હોય, તોતડું બોલતું હોય કે ઓછું બોલતું બાળક વ્યવસ્થિત બાળક બોલતું થાય તે માટે બાળકના માતા-પિતા કે સ્વજનો સંતરામ મહારાજશ્રીની બાધા રાખે છે. મનોકામના પૂર્ણ થતાં વહેલી સવારથી જ મંદિરમાં ભકતોની ભીડ ઉમટી હતી. યાત્રાધામોમાં ભક્તોની સુરક્ષા માટે પોલીસ દ્વારા પણ સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

અરવલ્લીમાં શામળાજી મંદિરમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. પોષી પૂર્ણિમાના દિવસે મોટી સંખ્યામાં ભક્તો શામળિયાના દર્શને ઉમટ્યા હતા. વહેલી સવારથી ભાવિકોની લાંબી લાઈનો લાગી હતી. પૂનમ હોવાથી શામળિયાને વિશેષ શણગાર કરવામાં આવ્યા. શામળાજી મંદિરને પણ ફૂલોથી સજાવવામાં આવ્યું હતું. દિવસ દરમિયાન હજારો ભાવિકોએ શામળિયાના દર્શન કર્યા.

# પીજી મેડિકલની ૨૮૧ ખાલી પડેલી સીટો માટે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું

અમદાવાદઃ નીટ-પીજી પાત્રતાના માપદંડમાં ઘટાડા પછી ખાલી પડેલી પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ સીટો માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા ફરી શરૂ થઈ છે, જેમાં પ્રવેશના બે રાઉન્ડ પછી ૨૮૧ ખાલી રાજ્ય ક્વોટા બેઠકો માટે ૫૨૪ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. કેન્દ્રએ પાત્રતાની જરૂરિયાત ૫૦મી પર્સન્ટાઈલથી ઘટાડીને ૧૫મી પર્સેન્ટાઈલ કરી હતી, જેનાથી વધુ વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. પરિણામે, નવી નોંધણીઓ ખોલવામાં આવી હતી. ૨૮૧ ખાલી બેઠકોમાંથી, જેઓ અગાઉ લાયક હતા તેવા ૬૯ ઉમેદવારને સીધી ઑફર કરવામાં આવશે બાકીના માટે, વિદ્યાર્થીઓ હવે તેમની પસંદગીઓને અપડેટ કરી શકે છે. અખિલ ભારતીય ક્વોટાની બેઠકો માટેનો ત્રીજો રાઉન્ડ ૨૬ ડિસેમ્બરે શરૂ થયો હતો અને ૧૮ જાન્યુઆરી સુધી ચાલશે. રાજ્ય ક્વોટાની બેઠકો માટેનો ત્રીજો રાઉન્ડ ૧૮ થી ૨૮ જાન્યુઆરી દરમિયાન યોજાશે. અખિલ ભારતીય ક્વોટા માટે ઉમેદવારોએ ૨૫ જાન્યુઆરી સુધીમાં જ્યારે રાજ્ય ક્વોટા માટે ૩ ફેબ્રુઆરી સુધીમાં પ્રવેશની પુષ્ટિ કરવી પડશે. વિદ્યાર્થીઓને તેમની બેઠકો સુરક્ષિત કરવા માટે પૂરતો સમય સુનિશ્ચિત કરવા માટે અંતિમ પ્રવેશની અંતિમ તારીખ ૨૦ ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી છે. જો ત્રીજા રાઉન્ડ પછી સીટો ભરાઈ નહીં, તો ઑલ ઈન્ડિયા ક્વોટા માટે ૩ થી ૮ ફેબ્રુઆરીની વચ્ચે અને રાજ્ય ક્વોટા માટે ૬ થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન વધુ પ્રવેશ રાઉન્ડ હાથ ધરવામાં આવશે.

# ગુજરાતનાં ચાર મોટા શહેરમાં ₹ આઠ કરોડના એક લાખ ૪૦ હજાર કિલો ઊંધિયાના વેચાણનો અંદાજ

અમદાવાદઃ સમગ્ર ગુજરાતમાં ઉત્તરાયણનો તહેવાર આબાલ-વૃદ્ધમાં ખૂબ જ લોકપ્રિય છે, ગુજરાતીઓ મકરસંક્રાતિ પર્વ ભારે હર્ષોલ્લાસભેર ઉજવતા હોય છે. જોકે મકરસંક્રાતિની ઉજવણી ફાફડા, જલેબી અને ઊંધિયા વગર અધુરી મનાય છે. લીલા શાકભાજીથી બનેલું ઊંધિયું અને ખીચડો આરોગતાં હોય છે. દર વર્ષે ૧૪ જાન્યુઆરીના દિવસે ઊંધિયું ખાવાનું ખૂબ જ મહત્ત્વ છે. આ વખતે રાજ્યનાં ૪ મહાનગર અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરામાં લગભગ ૧ લાખ ૪૦ હજાર કિલોથી પણ વધુ ઊંધિયું ઝાપટી જશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. દરેક ખાદ્યચીજોની જેમ ઊંધિયુ અને જલેબીના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. જેમ કે આ વર્ષે ઊંધિયાના ભાવમાં પણ રૂપિયા ૩૦૦થી ૮૦૦ અને જલેબીનો ભાવ કિલોએ ૮૦૦ રૂપિયા સુધી પહોંચ્યો છે. અમદાવાદમાં ૩૫થી ૪૦ હજાર ઊંધિયું જ્યારે ૨૫થી ૩૦ હજાર કિલો જલેબી વેચાવાનું અનુમાન છે.

ઊંધિયુ અને જલેબીના ભાવવધારા અંગે વેપારીઓએ જણાવ્યું હતું કે, આ વર્ષે કાચા માલસામાનના ભાવ અને શાકભાજીના ભાવ પણ ગત વર્ષની સરખામણીએ વધુ હોવાથી ઊંધિયાના ભાવમાં ૪૦ રૂપિયા જેટલો વધારો થયો છે. ગત વર્ષે ૪૮૦ કિલો ભાવ હતો.

# ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના માર્ગો ફોર લેન કરવા અને મેજર બ્રિજ બનાવવા ₹ ૨૯૪ કરોડની ફાળવણી

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં લોક માગણી મુજબની રોડ કનેક્ટિવિટી મળે તેવો જનહિતકારી અભિગમ અપનાવી કપરાડા તાલુકામાં મેજર બ્રિજ નિર્માણ સહિત ઉત્તર ગુજરાતના વિસનગર, વિજાપુર માર્ગને ફોર લેન કરવા સાથે મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડતા મહત્ત્વપૂર્ણ સ્ટેટ હાઈવેને વધુ સુવિધા આપવા એક જ દિવસમાં ૨૯૪ કરોડ રૂપિયા ફાળવ્યા હતાં.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના આદિજાતિ વિસ્તાર કપરાડાનાં ૧૬ જેટલાં ગામોની ૨૩ હજારથી વધુ વસ્તીને અવરજવર માટે સગવડ મળે તે માટે દમણગંગા નદી પર મેજર બ્રિજના કામ માટે ૨૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતાં. કપરાડાના ભૂરવડથી દમણગંગા નદીના સામા કાઠાંના ટુકવાડાને જોડતા બ્રિજનું નિર્માણ આ રકમ માંથી થશે. આના પરિણામે શાળાએ જનારા ગ્રામીણ વિદ્યાર્થીઓ, ખાનવેલ અને સેલવાસ જી.આઈ.ડી.સી.માં નોકરી-રોજગારી માટે જતા લોકોને અવરજવરમાં વધુ સુગમતા મળશે.

મુખ્યપ્રધાને રાજ્યના વધુ બે માર્ગોને પણ ફોરલેનમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય કર્યો હતો. મહેસાણા જિલ્લાના વિસનગરથી વિજાપુરના ૨૪ કિલોમીટરના માર્ગને હાલની ૭ મીટર પહોળાઈથી વધારીને ફોરલેન કરવા માટે ૧૩૬.૧૬ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી તેમણે આપી હતી. વિસનગરથી વિજાપુર જતાં આ માર્ગ પરથી હિંમતનગર, મોડાસા, ઈડર અને મહિસાગરના લુણાવાડા તરફ જતા ભારે વાહનો પસાર થાય છે.

મુખ્ય પ્રધાને મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડતા આણંદ, કરમસદ, સોજીત્રા તારાપુર રોડને પણ ૧૦ મીટર પહોળાઈથી વધારીને ચારમાર્ગીય કરવા માટે ૧૩૨ કરોડ રૂપિયા ફાળવ્યા હતાં. આ નિર્ણયને પરિણામે મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના વાહનવ્યવહાર, તારાપુર, પેટલાદ, સોજીત્રા તાલુકાના નાગરિકો, આણંદ જી.આઈ.ડી.સી.ના વાહનવ્યવહાર તેમ જ વલ્લભ વિદ્યાનગર ખાતે અભ્યાસ માટે આવતા-જતાં વિદ્યાર્થીઓને વ્યાપક લાભ મળશે.

## પત્ની પર નજર બગાડનારા યુવકની હત્યાઃ પતિની ધરપકડ

મુંબઈઃ પત્ની પર નજર બગાડનારા યુવકના માથા પર હથોડી ફટકારી કથિત હત્યા કરનારા પતિની પોલીસે ધરપકડ કરી હતી.બદલાપુર પૂર્વ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ નરેશ શંભુ ભગત (૩૦) તરીકે થઈ હતી. શુક્રવારની રાતે ભગતે તેના મિત્ર સુકાંત પરિડા (૨૯)ની હત્યા કરી અકસ્માત મૃત્યુનો દેખાવ કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી ભગતે જ પોલીસને ફોન કરી પરિડાનું જમીન પર પટકાવાથી મૃત્યુ થયું હોવાની ફરિયાદ કરી હતી. પોલીસે એડીઆર નોંધી પરિડાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો. ફરિયાદીનું નિવેદન નોંધતી વખતે પોલીસને શંકા ગઈ હતી. વારંવાર પૂછપરછમાં તે નિવેદન બદલી રહ્યો હોવાનું પોલીસને લાગ્યું હતું. આખરે આકરી પૂછપરછમાં આરોપીએ ગુનો કબૂલ્યો હતો. મૃતક આરોપીની પત્ની પર નજર બગાડતો હતો અને અમુક વાર તેણે બળજબરીનો પણ પ્રયાસ કર્યો હતો. આ વાતની જાણ પત્નીએ ભગતને કરી હતી.

## આજથી ઈન્ડિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટ, સાત્ત્વિક-ચિરાગ પર રહેશે તમામની નજર

નવી દિલ્હીઃ ઈન્ડિયા ઓપન સુપર ૭૫૦ ટુર્નામેન્ટમાં ભારત ટુર્નામેન્ટના સૌથી મોટા દળ સાથે મેદાનમાં ઊતરશે. તમામની નજર સાત્ત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીના સતત સારાં પ્રદર્શન પર રહેશે. ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન મેન્સ ડબલ્સ ટીમે ૨૦૨૨ ઈન્ડિયા ઓપન જીતી હતી અને ગયા અઠવાડિયે મલેશિયા ઓપન સુપર ૧૦૦૦ ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પહોંચીને ૨૦૨૫ સીઝનની સારી શરૂઆત કરી હતી.

પેરિસ ઑલિમ્પિકની નિરાશા છતાં બંને છેલ્લાં બે વર્ષમાં ભારતના સૌથી ભરોસાપાત્ર ખેલાડી રહ્યા છે. ચાઇના માસ્ટર્સ ૨૦૨૪ સેમિફાઇનલ રમી ચૂકેલા સાત્ત્વિક અને ચિરાગનો પ્રથમ રાઉન્ડમાં મુકાબલો મલેશિયાના વેઇ ચોંગ મેન અને કેઇ વુન તી સામે થશે. તેઓ ચીનના ઑલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા લિયાંગ વેઇકેંગ અને વાંગ ચાંગ, પેરિસ ઑલિમ્પિકના બ્રોન્ઝ મેડલ વિજેતા એરોન ચિયા અને મલેશિયાના સોહ વુઇ યીક, ડેન્માર્કના કિમ એસ્ટ્રુપ અને એન્ડર્સ રાસમુસેન અને ઇન્ડોનેશિયાના ફજર અલ્ફિઆન અને મુહમ્મદ રિયાન આર્દિયાન્ટો સામે સખત સ્પર્ધાનો સામનો કરશે.

આ વર્ષે ભારતમાંથી ૨૧ એન્ટ્રીઓ મળી છે જેમાં બે વખતની ઑલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુનો સમાવેશ થાય છે. સિંધુ તેનાં લગ્નને કારણે મલેશિયા માસ્ટર્સમાં ચૂકી ગયા બાદ વાપસી કરી રહી છે. હૈદરાબાદની ૨૯ વર્ષની સિંધુએ સૈયદ મોદી આંતરરાષ્ટ્રીય ટાઇટલ જીત્યું હતું, પરંતુ તેમાં મોટા ભાગે ભારતીય ખેલાડીઓ રમ્યા હતા.

સિંધુ પ્રથમ રાઉન્ડમાં અનુપમા ઉપાધ્યાય સામે ટકરાશે. તે હવે પછી જાપાનની તોમોકા મિયાઝાકી સામે રમી શકે છે, જેણે તેને ગયા વર્ષે સ્વિસ ઓપનમાં હરાવી હતી. સૈયદ મોદી ટાઈટલ વિજેતા લક્ષ્ય સેન મલેશિયામાં શરૂઆતના રાઉન્ડમાં જ બહાર થઈ ગયો હતો. ત્રણ વર્ષ પહેલાં અહીં ટાઈટલ જીતનાર લક્ષ્યનો પ્રથમ રાઉન્ડમાં ચીનના હોંગ યાંગ વેંગ સામે મુકાબલો થશે.

એચએસ પ્રણય મલેશિયામાં બીજા રાઉન્ડમાં બહાર થઈ ગયો હતો. અહીં પ્રથમ રાઉન્ડમાં તેનો મુકાબલો ચીની તાઈપેના લી યાંગ સુ સામે થશે. ઈન્દિરા ગાંધી સ્ટેડિયમના કેડી જાધવ ઈન્ડોર હોલમાં યોજાનારી આ ટુર્નામેન્ટમાં ઑલિમ્પિક ચેમ્પિયન વિક્ટર એક્સેલસન, અન સી યંગ અને વિશ્વના નંબર વન શિ યુકી જેવા દિગ્ગજ ખેલાડીઓ ભાગ લેશે.

ટુર્નામેન્ટમાં વિશ્વના ટોચના ૨૦ પુરુષ સિંગલ્સ ખેલાડીઓમાંથી ૧૮ અને મહિલા સિંગલ્સના ટોચના ૧૪ ખેલાડીઓ છે. વિમેન્સ ડબલ્સમાં ભારતની ટ્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદનો મુકાબલો જાપાનની અરિસા ઇગારાશી અને અયાકો સાકુરામોટો સામે થશે.

## આઈએમએના વાઈસ પ્રેસિડન્ટ નિમાયા ડૉ. હોઝી કાપડિયા




મુંબઈઃ ડૉ. હોઝી દારા કાપડિયા ભાયખલામાં ફેમિલી ફિઝિશિયન છે અને છેલ્લાં ૫૦ વર્ષથી પ્રેક્ટિસ કરી રહ્યા છે. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન (આઈએમએ)ના હૈદ્રાબાદ ખાતેના હેડક્વાર્ટર યોજાયેલા ભવ્ય સમારોહમાં તેમની આ વર્ષે આઈએમએના પ્રતિષ્ઠિત સ્થાન નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

તોએ ૨૦૧૮-૧૯માં મહારાષ્ટ્ર આઈએમએના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ અને ૨૦૦૭-૦૮માં આઈએમએમ મુંબઈ બ્રાન્ચના જનરલ પ્રેક્ટિશનર્સના પ્રેસિડેન્ટ હતા. તેમને ૨૦૨૨માં માનદ્ પ્રોફેસરશિપથી નવાજવામાં આવ્યા હતા. સીએમઈ ક્લાસમાં તેઓ નિરંતર જુવાન અને ઊભરતા ડોક્ટરોનું જ્ઞાન વધારવા, નૈતિક રીતે પ્રેક્ટિસ કેવી રીતે કરાય અને થોડી કોમ્યુનિટી સેવા કેવી રીતે થાય અને ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને કેવી રીતે મદદરૂપ થાય તેની સલાહ આપે છે. તેમના દિવંગત પિતા ડૉ. દારા કાપડિયા પણ ફેમિલી ફિઝિશિયન હતા.

તેમનો દીકરો પૌરસ કાપડિયા પણ ફેમિલી ફિઝિશિયન છે, જે છેલ્લાં પચીસ વર્ષથી ભાયખલામાં પ્રેક્ટિસ કરે છે. તેમની પૌત્રી થિયા મેડિકલની સ્ટુડન્ટ છે.

## ઠેર-ઠેર રસ્તા ખોદી કઢાતા માટુંગાવાસીઓના હાલહવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ મધ્ય મુંબઈના માટુંગાની પાલિકા દ્વારા રોડ ખોદી કઢાતાં બેહાલી થઇ છે. ઠેર ઠેર રસ્તાઓ ખોદીને કામ તો શરૂ કરી દેવામાં આવ્યું છે, પણ એ ક્યારે પૂરું થશે એ માટે રહેવાસીઓ માટે એક સવાલ જ બનીને રહ્યો છે. જેતે વિસ્તારમાં ચાલી રહેલા રસ્તાના ખોદકામને કારણે રહેવાસીઓને ચાલવાથી લઇને પોતાની કારને પાર્ક કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

પરમેશ્વરન રોડ પર આવેલા પલઇવિલામાં રહેતા કિશોર દોશીએ રસ્તાઓ ખોદવાને કારણે થઇ રહેલા ત્રાસ અંગેની હૈયાવરાળ ઠાલવતાં કહ્યું હતું કે છેલ્લા દસેક દિવસથી અહીં કામ શરૂ કરવામાં આવ્યું છે, પણ આ કામ શાને માટે કે પછી ક્યારે પૂરું થશે એ અંગે કોઇ માહિતી નથી આપતું. કામ શરૂ કરતાં પહેલાં પણ રહેવાસીઓને વિશ્વાસમાં લેવામાં નથી આવતા.

રહેવાસીઓને કેટલી અગવડતાનો સામનો કરવો પડશે એ અંગે પાલિકા ક્યારે પણ ચિંતા નથી કરતી. અમે રહીએ છીએ અને એની આસપાસની દસેક સોસાયટીમાં જો આગ લાગવા જેવી ઘટના થાય તો ફાયરબ્રિગેડનાં કોઇ વાહન અંદર પ્રવેશી જ ન શકે એવી રીતે રોડ ખોદવામાં આવ્યા છીએ. પાલિકામાં પૂછવા જાવ તો કોઇ સરખો જવાબ જ ન આપે.

રોડ નંબર ૩માં આવેલી સમૃદ્ધિ હાઈટ્સમાં રહેતા અન્ય એક રહેવાસી રવીન્દ્ર શાહે નમુંબઈ સમાચારથને જણાવ્યું હતું કે છેલ્લા એક મહિનાથી કામ ચાલી રહ્યું છે. કાર પાર્ક કરવાની જગ્યા જ નથી રાખી. આટલું જ નહીં જેઓએ કાર થોડે દૂર પાર્ક કરી હતી તેમની કારમાંથી ચોરીના બનાવો પણ બન્યા છે.

પાલિકાનાં કામમાં સાચ્ચે જ કોઇ ભલીવાર નથી એ અત્યારે ચાલી રહેલા કામ પરથી અંદાજ આવી જાય છે, એવું ચંદ્રમણિ બિલ્ડિંગમાં રહેતા ભાવેશ મંડલે જણાવ્યું હતું. પાલિકા સારું કામ કરવા માટે જ રસ્તો ખોદી રહી હશે અને કદાચ રહેવાસીઓને નોટિસ પણ મોકલાવી હશે, પણ પ્લાનિંગ સાથે તેઓ કામ નથી કરતા. કામ કરવાની કોઇ ના નથી, પણ પ્લાનિંગથી અને સમયમાં પૂરું થાય એ જોવાની જવાબદારી પણ રાખવી જોઇએ.

માત્ર બે કે ત્રણ નહીં પણ અનેક ઠેકાણે રસ્તાને ખોદવાનું કામ ચાલી રહ્યું હોવાથી મોટા ભાગના માટુંગાવાસીઓ હાલમાં પ્રદૂષણથી લઇને અનેક સમસ્યાનો સામનો કરી રહ્યા છે. પાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા કામથી ભવિષ્યમાં રહેવાસીઓને ફાયદો તો થવાનો છે, પણ હાલમાં જે હાલાકી અનુભવાઈ રહી છે અને પાલિકા દ્વારા હાથ ધરવામાં આવતા કઢંગા કામનો ભોગ બની રહ્યા છે રહેવાસીઓ. આ અંગે માટુંગા એફ નોર્થ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર પૃથ્વીરાજ ચવ્હાણનો સંપર્ક સાધવામાં નિષ્ફળતા સાંપડી હતી.

માટુંગામાં ઠેર ઠેર રસ્તાઓ ખોદવામાં આવ્યા હોવાથી રહેવાસીઓની હાલાકી વધી ગઇ છે. એ અંગે અહીંના ભાજપનાં ભૂતપૂર્વ સ્થાનિક નગરસેવિકા નેહલ શાહને પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે કામ શરૂ કરતાં પહેલાં ડિટેલિંગ કર્યું હતું અને વિવિધ તબક્કામાં કામ હાથ ધરવા માટેનું પાલિકાને સૂચન કર્યું હતું. પાલિકાને પ્લાનિંગ સાથે કામ કરવાનું કહ્યું હતું, પણ આટલા ઠેકાણે કેમ રોડ ખોદી નાખ્યા તેની મને જાણ નથી.

## રત્નાગિરિમાં એસટી બસ ૧૫ ફૂટ નીચે પડીઃ ૪૧ પ્રવાસીના જીવ બચાવાયા

મુંબઈઃ રત્નાગિરિના શેનાલે ઘાટ પર એસટી બસ ૧૫ ફૂટ નીચે ખીણમાં પલટી મારી જતાં અકસ્માત સર્જાયો હતો. ગઈ કાલે વહેલી સવારે ૨ વાગ્યાની આસપાસ બનેલી આ ઘટનામાં કોઈ મુસાફરોને ગંભીર ઈજા થઈ ન હતી.

રવિવારે મોડી રાતે એસટી બસ મંડનગઢ શેનાલે ઘાટ પરથી પસાર થઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો. આ ઘાટમાં ખૂબ જ ઢાળ હોવાથી એક રેમ્પ પર એસટી બસે કાબૂ ગુમાવ્યો અને ખીણમાં પડી. જોકે, બસ ખીણમાં એક ઝાડ સાથે અથડાઈ હતી અને ત્યાં જ ફસાઈ ગઈ હતી. આ પછી, બચાવ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને એસટી બસના ૪૧ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો આ એસટી બસ વધુ નીચે ઉતરી હોત તો તે સીધી ડેમમાં પડી હોત અને ઘણા મુસાફરોએ જીવ ગુમાવ્યો હોત.

## રાયગડમાં આખલા લડાઈ પીટાની ચેતવણી પછી બંધ કરાવાઈ

થાણે/અલીબાગઃ મહારાષ્ટ્રના રાયગડ જિલ્લામાં આખલાઓની લડાઈની સ્પર્ધાને પશુ કલ્યાણ સંસ્થાની ચેતવણી બાદ પોલીસ દ્વારા અટકાવવામાં આવી હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ટુડીલ તાલુકામાં યોજાયેલ આ સ્પર્ધાની જાણ એક નાગરિકે પીપલ ફોર એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ (પેટા) ને કરી હતી, જેમણે બાદમાં રાયગડ પોલીસને આ બાબતે ફોન કર્યો હતો. પોલીસ અધિક્ષક સોમનાથ ખડગેના નિર્દેશ પર, એક ટીમ સ્થળ પર પહોંચી અને સ્પર્ધાને અટકાવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## સંસ્થા સમાચાર



ડૉ. જે.એમ. શાહને ગ્લોબલ બુક ઓફ એક્સેલન્સ-ઈંગ્લેન્ડ મળવા બદલ યોજેલ સ્નેહમિલનમાં મુંબઈ સમાચારના તંત્રી નીલેશ દવે, ગ્લોબલ બુકના પ્રમુખ મનીષકુમાર અને બ્રાન્ડ એમ્બેસેડર હેમરાજ શાહ, શ્રી અને શ્રીમતી જશવંત શાહ અને પાટણ જૈન મંડળના પ્રમુખ દાનેશભાઈ આ પ્રસંગે જશવંતભાઈ અને સુરેખાબહેને ગણપતિની મૂર્તિ આપી ચારે આગેવાનોનું સન્માન કર્યું હતું.

### રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત, લુક એન લર્ન - કર્મ એક્ઝિબિશન



રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની દીર્ઘદૃષ્ટિ અને કરુણા ભાવના સાથે સર્જાયેલું લુક એન લર્ન -કર્મ એક્ઝિબિશન હજારો ભાવિકોને સત્યથી ભાવિત કરી, તેમના જીવન જીવવાના દૃષ્ટિકોણને બદલી રહ્યું છે. મુંબઈથી ૬૦ કિલોમીટરના અંતરે મુંબઈ - નાસિક હાઈવે પર વહેતી ભાત્સા નદીના કિનારે, લીલીછમ વનરાજીની વચ્ચે વસેલાં પરમધામ સાધના સંકુલના વિશાળ પ્રાંગણમાં ૫૦ હજાર સ્ક્વેર ફીટના વિસ્તારમાં સર્જાયેલું આ ગ્રાન્ડ લેવલનું એક્ઝિબિશન પ્રભુ મહાવીરના કર્મ સિદ્ધાંતનો જીવંત ચિતાર આપી રહ્યું છે. આ એક્ઝિબિશનનો લાભ સહુ આવનારા મહિનાઓમાં શનિવાર અને રવિવારના દિવસે લઇ શકશે. એક્ઝિબિશનની મુલાકાત લેવા ઇચ્છુક ગ્રુપના સભ્યો, ભાવિકો, સંસ્થાઓએ પોતાનું રજીસ્ટ્રેશન +૯૧ ૮૬૫૭૪૮૪૪૯૯ નંબર પર કરાવું અનિવાર્ય રહેશે.

### ધીરગુરુદેવની નિશ્રામાં લાલપુરમાં મહેતા ઉપાશ્રયનું ઉદ્ઘાટનઃ જશાપરમાં જમણ




શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર સંચાલિત અને લાલપુર સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત માતુશ્રી નવલબેન વીરચંદ મીઠાલાલ મહેતા - મહાવીર જૈન ઉપાશ્રયનું પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી ૫૧ લાખના ખર્ચે સાતાકારી નિર્માણ પૂર્ણ થવા પામેલ છે.

જયશ્રીબેન શાહના જણાવ્યાનુસાર ૧૫ જાન્યુઆરી, બુધવારના સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે પૂ. શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે લાલપુર નિવાસી હાલ લંડન શ્રી મયૂર મહેતા, મુકેશ મહેતા, રશ્મિ મહેતા, નીલેશ મહેતા પરિવારના હસ્તે ઉદ્ઘાટન વિધિ બાદ ધર્મસભા અને સંઘજમણ યોજાશે. જ્યારે ૧૬ જાન્યુઆરીના ભાણવડ તાલુકાના જશાપર ગામે સવારે ૯.૦૦ કલાકે પૂ. ગુરુદેવનું સ્વાગત સામૈયું અને ૯.૩૦ કલાકે માલિની કિશોર સંઘવી પ્રાથમિક શાળામાં ઉમેદભાઈ દોશી પ્રેરિત અનેરી - જ્યોત ફાઉન્ડેશન દ્વારા સ્માર્ટ બોર્ડની લોકાર્પણ વિધિ અમેરિકાના જગદીશ અને રેણુ મહેતા, જયંત અને રંજના કામદારનાં હસ્તે કરાશે. હરિબોલ તરફથી ધુંવાડાબંધ ગામજમણ અને દંતયજ્ઞ શિબિર રાખેલ છે. ધોરાજીમાં તા. ૧૮ના પૂ. ગુરુદેવની નિશ્રામાં સવારે ૯.૩૦ કલાકે લૈલારાની સ્લોન વારીઆ (અમેરિકા) ડાઈનીંગ કક્ષ અર્પણ વિધિ અને સમરતબેન પ્રભુલાલ મુલજી મહેતા પરિવાર પ્રેરિત સંઘજમણ રાખેલ છે.



નીલકંઠ રેગાલિયા પ્રીમિયર લીગ (એનઆપીએલ), ૨૦૨૫નું આયોજન ૧૧ અને ૧૨મી ડિસેમ્બરે કરવામાં આવ્યું હતું. પુરુષોની ૯, મહિલાઓની પાંચ અને બાળકોની ચાર ટીમ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બ્લાસ્ટર ટીમ વિજેતા બની હતી, જેનું બહુમાન ચેરમેન ભાવેશ ભાનુશાલી, સેક્રેટરી ચિંતન સંઘવી સહિત અન્ય પદાધિકારીઓનો સાથસહકાર સાંપડ્યો હતો.

## યુજીસી-સેટ અને નેટની પરીક્ષા આગળ ધકેલાઈ

મુંબઈઃ યુજીસી-સેટ અને નેટની પરીક્ષાની તારીખ લંબાવવામાં આવી છે. અગાઉ ૧૫મી જાન્યુઆરીએ આ પરીક્ષા લેવામાં આવવાની હતી, જેને આગળ ઠેલવામાં આવી છે. જોકે તેની તારીખ હજી સુધી જાહેર કરવામાં આવી નથી. ડિગ્રીનું શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી શૈક્ષણિક ક્ષેત્રે પ્રોફેસર કે પછી આસિસ્ટન્ટ પ્રોફેસરની નોકરી મેળવવા માટે વિદ્યાર્થીઓનો પ્રયાસ રહેતો હોય છે. જોકે માત્ર એમ.એડ. કર્યા પછી પણ આ વિદ્યાર્થીઓને શિક્ષકની નોકરી મળતી ન હોઇ યુજીસી-સેટ અને નેટની પરીક્ષા આપવી પડે છે. આને કારણે આ વિદ્યાર્થીઓ સેટ અને નેટની પરીક્ષાની તૈયારી કરતા હોય છે. આસિસ્ટન્ટ પ્રોફેસર અને પીએચ.ડી. માટે પ્રવેશ મેળવવા માટે આ પરીક્ષા પાસ કરવી અનિવાર્ય છે.

## હિન્દુ મરણ

**કપોળ**

નાગેશ્રીવાળા હાલ કાંદિવલી, સ્વ. હંસાબેન જશવંતરાય જગજીવનદાસ સંઘવીના દીકરા. જયંતભાઇ (ઉં. વ. ૬૧) શનિવાર તા. ૧૧-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે દિનાબેનના પતિ. તે અલ્કાબેન રાજેશકુમાર શાહના ભાઇ. ચિંતન, હાર્દિક અને હિતિક્ષા યશકુમાર કોઠારીના પિતા. સ્વ. નવીનચંદ્ર વસંતરાય મહેતાના જમાઇ. તે બિમલભાઇ અને સંજયભાઇ નવીનચંદ્ર મહેતાના બનેવી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વેદાંત બ્રાહ્મણ**

રજનીકાંતભાઇ વેદાંત (ઉ. વ.૮૨) (કચ્છ-કોડાય) હાલ મુલુંડ તા. ૧૨-૧-૨૫ના રવિવારના રામશરણ પામેલ છે. તે સ્વ. ઝવેરબેન હિરજીભાઇ ઘેલાભાઇ વેદાંતના સુપુત્ર. તે ગં. સ્વ. રોહિણીબેનના પતિ. અમરીષના પિતાશ્રી. સ્વ. ભાનુબેન, ગં. સ્વ. ચંપાબેન, ગં. સ્વ. રસિલાબેન, અ. સૌ. જયોતિબેન, પ્રતાપભાઇ, ગીરીશભાઇ, સ્વ. સરોજબેનના ભાઇ. અ. સૌ. પારૂલબેનનાં જેઠ. ગોપાલદાસ પુરુષોતમ દેસાઇના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

મુળગામ ભદ્રેશ્વર હાલ અંધેરી નિવાસી ભાલચંદ્રભાઇ જોશી (ધીરુભાઇ) (ઉં. વ. ૮૯) તા. ૧૨-૧-૨૫ના રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. સાકરબાઇ મેઘજી લીલાધરના પુત્ર. કુમુદબેનના પતિ. સ્વ. જશવંતીબેન નરોતમદાસ શાહના જમાઇ. રાજેશ, મુકેશ, ચેતનના પિતાશ્રી. મનીષા, લીના, ભારતીના સસરા. જીનલ, મીરા, અક્ષીના દાદા. લૌકિક પ્રથા બંધ છે.

**કંસારા સોની**

નીતિન લક્ષ્મીદાસ સોની (ઉં. વ. ૬૬) હાલ ઘાટકોપર જયોત્સના સોનીના પતિ. નેહલ બાવીસીના પિતા. પ્રતિક રાજેશ બાવીસીના સસરા. અરવિંદ, નીલેશ, શોભાના ભાઇ. તા. ૧૨-૧-૨૫ના મરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય ન (પાલવાડા)**

ઉષાબેન જોષી (ઉં. વ. ૯૦) તે સ્વ. કૃષ્ણકાંત હરિપ્રસાદ જોષીના પત્ની. સ્વ.શાંતિલાલ ઉપાધ્યાયના પુત્રી. રાજેશ, મનીષ, સુષ્મા, સ્વાતિ (ગોપી)ના મમ્મી. ગીતા રાજેષ જોષી, મુકેશભાઈ મહેતા અને અનિલ રાવલના સાસુ તા.૧૩-૧-૨૦૨૫ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. અંતિમયાત્રા બુધવાર તા. ૧૫-૧-૨૫- સવારે ૮ વાગે નિવાસસ્થાન એ/૧૯૦૧, સચીનમ હાઈટ્સ, ભાટિયા હોસ્પિટલ સામે, ગ્રાન્ટ રોડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સિધ્ધપુરિયા સારસ્વત મોઢ વણિક**

બોરીવલી નિવાસી અનિલભાઈ ચંદ્રકાંત શાહ (ઉં. વ. ૬૧) ૧૧/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સુનીતાબેનના પતિ. જયશ્રી ચંદ્રવદન તલાટીના ભાઈ. રવિ તથા ડિમ્પલ ચિરાગ મોદીના પિતા. ઝીવાના નાના. પ્રાર્થનાસભા ૧૬/૧/૨૫ના ૩ થી ૫. ૫૧, બી રજવાડી ચાલ, જાંબલી ગલ્લી એસ. વી રોડ, બોરીવલી વેસ્ટ.

**મોડાસા એકડા વિશા ખડાયતા કોવાડીયા**

ગોરેગાંવ નિવાસી આશા શાહ (ઉં. વ. ૬૭) ૧૦/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે નિરંજન જેઠાલાલ શાહના ધર્મપત્ની. નિશિત તથા રિંકુ (ડિમ્પલ) ચિંતનકુમાર શાહના માતુશ્રી. જયોતિન્દ્ર, નયના, ભાવનાના બહેન, સ્વ.રજનીકાંત, સ્વ.અરવિંદભાઈ, અશોકભાઈ, વ્રજબાલા, નિર્મળા તથા શર્મિષ્ટાના ભાભી. પિયરપક્ષે સ્વ.કપિલાબેન કાંતિલાલ ધુવાડના દીકરી.

**કચ્છી ભાટિયા**

કિરીટ ટોપરાણી (ઉં. વ. ૮૧) સ્વ.રૂક્ષ્મણીબેન તથા સ્વ.દેવજી માવજીના પુત્ર. તે દમયંતીના પતિ. સ્વ.જયાબાઈ વસનજી કાપડિયાના જમાઈ. ચિ.જવાહીર તથા અ.સૌ.રાખી આશિષ સંપટના પિતાશ્રી. પુષ્પકુમાર, અ. સૌ. નીલા દિગ્વિજય, મયુરના ભાઈ તા. ૧૧/૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૧૪/૦૧/૨૫ને મંગળવાર ૫ થી ૬:૩૦. ઠક્કર ભાટિયા હોલ નં ૫, શંકરલેન, કાંદિવલી (વે).

**ઘોઘારી મોઢ વણિક**

ચંદ્રકાંત રતિલાલ મહેતા (ઉં. વ. ૮૩) સોનગઢ નિવાસી હાલ ઘાટકોપર અ.નિ.વસુમતી ચંદ્રકાંત મહેતાના પતિ. સ્વ.સમરતબેન રતીલાલ મહેતાના પુત્ર. અ.નિ.શાન્તાબેન મનસુખલાલ વડોદરિયાના જમાઈ. મીના, સોનલ, નિખિલના પિતાશ્રી. ભાવિન હરકિશન પારેખ, ઉમેશ પુરષોત્તમ પારેખ, માલાના સસરા. શ્લોક, ઋતુના દાદા, તા.૧૦/૦૧/૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપોળ**

સ્વ. ધર્મેશભાઈ હકાણી (ઉં. વ. ૪૬) પાલીતાણાવાળા સ્વ. હિંમતભાઈ રણછોડભાઈ હકાણીના પૌત્ર. સ્વ. રમેશભાઈ હકાણીના પુત્ર. તે ભાવિશાબેનના પતિ. મિતેશના ભાઈ. અમરેલી નિવાસી જીતેન્દ્રભાઈ મહેતા, મહેન્દ્રભાઈ મહેતા, જયેશભાઈ મહેતાના ભાણેજ, ભરતભાઈ હિંમતલાલ, જ્યોતિબેન હરિઓમના ભત્રીજા, સોમવારે તા.૧૩-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૧-૨૫ને ગુરૂવારના ૪.૦૦ થી ૬.૦૦, શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ડાયમંડ ટૉકીઝની સામે, એલ.ટી.રોડ, બોરીવલી-વેસ્ટ.

## પારસી મરણ

યાસ્મીન કાર્લ બાંદ્રાવાલા તે કાર્લ પી. બાંદ્રાવાલાના ધણીયાની. તે બચી જે. ગારડા તથા મરહુમ ઓસ્તા જીમી ગારડાના દીકરી. તે ઝરાન બાંદ્રાવાલા ને સીમોન બાંદ્રાવાલાના મમી. તે ફરીદા જે. ગારડાના બહેન. તે મરહુમ કેકી એરચ શાહ વકીલના ભાણજી. તે મરહુમો આલામાય તથા ધનજી શાહ ગારડા. તથા મરહુમો માનેક તથા એરચશાહ વકીલના ગ્રાન્ડ ડોટર, તે મરહુમો મેહેર તથા ફીરોઝ બાંદ્રાવાલાના સાસુ. (ઉં. વ. ૬૨) રે. ઠે. ૭૦૧, પ્રેમ જીવન, ૭મો રોડ, ખાર (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૨.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મુલુંડ સ્વ. મગનલાલ જીવનભાઇ શેઠના સુપુત્ર સ્વ. જયસુખલાલના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં. વ. ૮૫) તા. ૧૩-૧-૨૫ના સોમવારે સ્વર્ગવાસ થયેલ છે. તે દીપકભાઇ તથા ભરતભાઇનાં માતુશ્રી. અ. સૌ. દિપ્તીબેન તથા અ. સૌ. ગીતાબેનના સાસુ. મનાલી રૂચિતકુમાર ગાંધીના દાદી. પિયરપક્ષે : સ્વ. જયંતીલાલ ગોપાલજી દોશીના દીકરી (દાઠાવાળા). સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૧૦૩/૨૦૧, આકૃતિ અબિચ, એસ.એન.રોડ, તાંબેનગર, મુલુંડ (વેસ્ટ).

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

લતીપુર નિવાસી જયશ્રીબેન મુલચંદ લક્ષ્મીચંદ વોરાની પૌત્રી અ. સૌ. જીનલ સિદ્ધાર્થ કક્કા (ઉં. વ. ૨૭) તે ૧૦/૧/૨૫ના અવસાન પામેલ છે. તે પૂનમબેન વિરેનભાઈની દીકરી. વૈભવની બહેન. જીલની નણંદ, કિઆરા તથા વિહાનાની ફઈ. દિવ્યાબેન નિલેશ વોરા, ભાવના રાજેશ શાહ, પારૂલ જગદીશ શાહના ભત્રીજી. પ્રાર્થનાસભા ૧૪/૧/૨૫ના ૪ થી ૫.૩૦. શ્રી વ સ્થા જૈન શ્રા કરસન લઘુ નિસર હોલ, કબૂતરખાના ની બાજુમાં, દાદર વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા.જૈન**

થાનગઢ નિવાસી હાલ બોરીવલી સુરેન્દ્રભાઈ રામજીભાઈ શાહ (દોઢિવાળા) (ઉં. વ. ૮૯) સરયૂબેનનાં પતિ. મયુર તથા કમલીની સતીષ શાહનાં પિતા. અર્ચના અને સતીષભાઈનાં સસરા. નિર્મળાબેન રતિલાલ, જયાબેન રસિકલાલ, હીરાબેન રસિકલાલ, માયાબેન રમણીકલાલ, સુનિતાબેન શશીકાંતભાઈનાં ભાઈ. માનસી, અખિલનાં દાદા, શકરીબેન પ્રાણલાલ ગાંધીનાં જમાઈ. રવિવાર તા.૧૨.૦૧.૨૦૨૫નાં અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર, પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

ઝવેરીવાડા નિવાસી હાલ બોરીવલી સ્વ. કીર્તિલાલ ગભરુચંદ શાહના સુપુત્ર નિતીનભાઇ શાહ (ઉં. વ. ૭૬) તા.૧૩.૧.૨૫ના અરિહંતશરણ થયેલ છે. રેખાબેનના પતિ. નિધિ, જિનેશના પિતા. અક્ષય, કિંજલના સસરા. તશ્વીના નાના. કવીરના દાદા બેસણું ૧૫-જાન્યુ-૨૦૨૫ના ૦૩ થી ૦૫. પાવનધામ, એમસીએ ગ્રાઉન્ડ નજીક, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રતાડિયા ગણેશવાલાના ભાનુમતી હરખચંદ શાહ (છેડા) (ઉં. વ. ૭૮) તા. ૧૧-૧-૨૫ના અવસાન પામેલ છે. હિરબાઇ મેઘજી છેડાના પુત્રવધૂ. હરખચંદના ધર્મપત્ની. કુંદરોડીના પુરબાઇ હેમરાજ દેવશી મામણીયાના સુપુત્રી. કુંદરોડીના ચુનિલાલ, લાખાપરના મિના કલ્યાણજી શેઠિયાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. અમીત કલ્યાણજી શેઠિયા, ૧૦૧/બી, જીવન વિભુતી બિલ્ડીંગ, હાજીબાપુ રોડ, મલાડ (ઇ).

બિદડા હાલે બેંગલોરના દામજી તેજશી વીરા (ઉં. વ. ૮૨) તા. ૧૧-૧-૨૫ ના બેંગલોર મધે અવસાન પામેલ છે. સ્વ. ભાનુબેન તેજશી નાગપારના સુપુત્ર. સ્વ. કુસુમ તથા અનસુયાના પતિ. ચંદ્રેશ, પુનમ, મહેશ, ધર્મેશના પિતા. ચંચળ, કસ્તુર, લીલાવતી, કિશોર, સ્વ. દમયંતી, સ્વ હેમલતાના ભાઈ. ડોણના ડુંગરશી વેલજી, મસ્કીના સુંદરબેન કિશન સિંગના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ-અનસુયા દામજી, ૦૦૨, કમ્ફર્ટ એન્કલેવ, ૧ મેન, ૧ ક્રોસ, ગંગાનગર, બેંગલોર. ૩૨.

પત્રીના માધુરી જગદીશ કુમુદચંદ્ર છેડા (ઉં. વ. ૭૫) ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ શનિવારના દેહ પરિવર્તન કરેલ છે. સરલા કુમુન્દચંદ્રના પુત્રવધૂ. ડિમ્પલ, મનીષના માતાજી. રતનબેન મગનલાલના સુપુત્રી. વસંત પંકજના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનીષ જગદીશ છેડા, ૧૦ મેફેર બિલ્ડીંગ, ત્રીજો માળ, વી એન રોડ ચર્ચગેટ, મુંબઈ-૨૦.

## ૭૦,૦૦૦ની ધારણા સામે ૨૨,૫૦૦ વાહનો જ રોજ અટલ સેતુ પરથી પસાર થાય છે

મુંબઇઃ અટલ બિહારી વાજપેયી શિવડી-ન્હાવાશેવા સી બ્રિજથી માત્ર ૧૨ થી ૧૫ મિનિટમાં મુંબઈથી નવી મુંબઈ જવાનું શક્ય બન્યું છે. આ બ્રિજ સેવામાં દાખલ થયાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. જોકે આ બ્રિજને હજુ પણ વાહનચાલકોનો જોઈએ એવો પ્રતિસાદ મળતો હોય તેમ જણાતું નથી. વર્ષ દરમિયાન ૮૨,૮૧, ૫૨૪ વાહનો અટલ સેતુ પરથી પસાર થયા છે અને દરરોજ ૭૦,૦૦૦ વાહનો પસાર થવાની અપેક્ષા છે, જોકે વર્ષ દરમિયાન દરરોજ સરેરાશ ૨૨,૫૦૦ વાહનોએ જ અટલ સેતુ પરથી મુસાફરી કરી છે. એમએમઆરડીએ દ્વારા ૨૧.૮ કિ.મી. લાંબા શિવડી - ન્હાવાશેવા સી બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેનું ઉદ્ઘાટન કર્યું હતું. ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ થી બ્રિજ પર વાહનવ્યવહાર શરૂ કરાયો હતો. એક વર્ષ પછી પણ અટલ સેતુ પર રોજના ૭૦,૦૦૦ને બદલે સરેરાશ ૨૨,૫૦૦ વાહનો દોડી રહ્યા છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં કુલ નવ કરોડથી વધુનો રોડ ટેક્સ આ બ્રિજ પરથી વસૂલવામાં આવ્યો છે. એમએમઆરડીએ એ વાહનોની સંખ્યા વધારવા માટે રોડ ટેક્સ ઘટાડવો જોઈએ, એવી લોકોની માંગ છે. પરંતુ આ સી-બ્રીજ પર ૧૭ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે અને આ ખર્ચ વસૂલવા માટે રોડ ટોલ ફી જરૂરી છે એવું એમએમઆરડીએનું કહેવું છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા




## ઘડપણમાં સંતાનો પર કેટલું નિર્ભર રહેવું?

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

**પૈસાની** વાત આવે ત્યારે ભાગ્યે જ તર્ક ચાલતો હોય છે. આ વાત કોઈ એક વયજૂથને લાગુ પડતી નથી. બધા માટે એ સાચી છે. આમ છતાં ઘડપણમાં અસલામતી વધારે સતાવતી હોવાથી તર્કની સાવ બાદબાકી થઈ જાય છે. મારી પાસે પૈસા બચે તો શું થશે, શું મારે સંતાનો પાસેથી મદદ માગવાનો વારો આવશે, જો કોઈ મોટી બીમારી આવી જશે તો નાણાં ક્યાંથી લાવીશ વગેરે પ્રશ્ન મનમાં ઘૂમરાયા કરતા હોય છે.

મનમાં આ બધી લાગણીઓ ઊઠે એ સ્વાભાવિક છે. આપણા અંતરમનમાં ઊઠતા આ તરંગો આપણા નિર્ણયો પર અસર કરે છે.

અહીં એક ખાસ વાત યુવાવર્ગને કહેવાની છે. ક્યારેય વડીલોને તાર્કિક અને બુદ્ધિગમ્ય જવાબ આપવાનો પ્રયાસ કરવો નહીં, કારણ કે તેનાથી એમની સમસ્યાનો હલ નહીં આવે.

'મેં મારા પિતાજીને કેટલીય વખત કહ્યું કે એમણે ચિંતા કરવાની જરૂર નથી, એમનો ખર્ચ પૂરો થાય એટલી પૂરતી ફિક્સ્ડ ડિપોઝિટ અને બોન્ડ છે. મેં બધી ગણતરીઓ કરીને એમને પણ બતાવી છે, પરંતુ એમનું મન કોચવાયા કરે છે. ક્યારેક તો એ રોજની વિટામિનની ગોળી લેવાનું પણ માંડી વાળે છે, કારણ કે એક જ બાટલી વધારે દિવસ ચાલે અને પૈસા બચે એવું એ વિચારતા હોય છે' મારા કૉલેજકાળનો મિત્ર મોહિત આમ કહે છે.

કોઈને પણ સંતાનો પર નિર્ભર રહેવાનું ગમતું નથી. આ વાત સમજી શકાય એવી છે. માણસ ઉપર-ઉપરથી ભલે ના કહેતો હોય, પરંતુ કોઈના પર આધાર રાખવો પડે એ સ્થિતિ લઘુતાગ્રંથિ નોતરે છે. સામેવાળો માણસ એટલે કે, જે પૈસા આપતો હોય એ માણસ ભલે એવું વિચારે નહીં, પણ લેનારના મનમાં લઘુતાગ્રંથિ આવી જતી હોય છે.

આ સમસ્યાનો હલ લાવવા માટે કોઈ ચોક્કસ રસ્તો નથી. તેનું કારણ આપણું સુષુપ્ત મન છે. સુષુપ્ત મનની સમસ્યાઓનો ઉકેલ જાગૃત મન લાવી શકતું નથી. આ સ્થિતિને કેવી રીતે સંભાળી લેવી તેના અનેક માર્ગ છે. તેમાં સાચો કે ખોટો કોઈ રસ્તો હોતો નથી. જે માર્ગે આપણું મન સ્થિર અને ચિંતામુક્ત રહે એ પથ સાચો.

અમુક વખત પરિવારજનો મોકળા મનથી વાતચીત કરીને આ પરિસ્થિતિને સંભાળી લે છે. મારા પાડોશીની પરિણીત દીકરીએ એક વખત મને કહ્યું હતું: 'મારાં સાસુ-સસરા અમારા દર મહિનાના ખર્ચ સહિતના પોતાના બધા જ ખર્ચ સંભાળી લે છે. અમારે અમારા અંગત ખર્ચ જાતે પૂરા કરવાના હોય છે.'

બીજી બાજુ, મારા મામાના પરિવારમાં દીકરો જ બધા ખર્ચ પૂરા કરે છે, પણ મામા-મામીનો ખર્ચ એમનાં પોતાનાં અંગત બૅન્ક એકાઉન્ટમાંથી થાય છે. આનું કારણ એ કે મામા-મામીને ક્યારેય એવું લાગવું જોઈએ નહીં કે એ પુત્ર પર નિર્ભર છે.

મારા એક ક્લાયન્ટનું ઉદાહરણ પણ જોવા જેવું છે. એ વૅકેશન, કલબનાં સબસ્ક્રિપ્શન વગેરેના ખર્ચ જાતે જ કરી લે છે. બાકીના બધા ખર્ચ માટે દીકરો છે, પણ પોતાના પ્રવાસ અને મનોરંજન માટેના ખર્ચ એ પોતાના જ પૈસે કરવાનું પસંદ કરે છે. ફિલ્મ જોવા જવું હોય તોપણ પોતાની ટિકિટ પોતે જ ખરીદે છે.

આમ અલગ અલગ રીતે લોકો પોતપોતાનો માર્ગ કાઢે છે. ક્યારેક સંતાનો માતા પિતાના તબીબી ખર્ચ પૂરા કરે અને અમુક વખત માત્ર કપડાં-લત્તાનો ખર્ચ કરે. જેમ હમણાં કહ્યું તેમ કોઈ રસ્તો સાચો કે ખોટો હોતો નથી. આપણા મનને અને પરિવારને માફક આવે એ સાચું, પણ એક વાત ચોક્કસ કે કોઈ વડીલને સંતાનો પર નિર્ભર રહેવાનું નહીં ગમે. વળી, એય સાચું છે કે બાળકો તમારા ખર્ચ પૂરા કરે એમાં જરાય વાંધો નથી. જરૂર પડ્યે પોતાનો ખર્ચ પોતે પણ કરી શકાય.

ટૂંકમાં, એટલું જ કહેવાનું કે જીવનમાં કોઈ તકલીફ આવે નહીં એ જ બધાને ગમતું હોય છે. ■

# વીમા સુરક્ષાકવચ

## વેડિંગ ઈન્સ્યોરન્સ વિશે જાણો છો?

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

**ચેન્નાઈમાં** ચક્રવાત મિચાંગને કારણે તાજેતરમાં આવેલાં પૂરને કારણે શહેરમાં જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું હતું. એનાં કારણે ઘણા મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો સ્થગિત થઈ ગયા હતા, જે મહિનાઓ અગાઉથી નક્કી કરવામાં આવ્યા હતા. આ કારણે અસંખ્ય લોકોને અસુવિધા સાથે ભારે નુકસાન પણ થયું હતું. હવે આ કુદરતી આફતને લીધે અનેક લગ્નો રદ થયાં, જેનું આયોજન હવે ફરીથી કરવું પડશે. જાણીતી ગ્લોબલ એજન્સી KPMG અને 'ઇવેન્ટ એન્ડ એન્ટરટેઈનમેન્ટ મૅનેજમેન્ટ ઍસોસિયેશન' દ્વારા કરવામાં આવેલા તાજેતરના અભ્યાસ મુજબ, ભારતમાં લગ્ન અને તેની સંલગ્ન શાખાઓને લગભગ ૫૦ બિલિયનનો ઉદ્યોગ માનવામાં આવે છે. માત્ર હમણાં જ નવેમ્બર અને ડિસેમ્બર દરમિયાન અંદાજે ૩.૨ મિલિયન લગ્ન યોજાયાં હતાં. આમાંથી ચૈન્નઈ આસપાસનાં અનેક લગ્નો રદ થતાં એમણે કેવી ભારે આર્થિક નુકસાની ભોગવવી પડી હશે એ તમે કલ્પી શકો છો...

આવી વખતે વેડિંગ ઈન્સ્યોરન્સ નુકસાનીમાં રક્ષણ કરી શકે છે માટે અણધાર્યા જોખમોને વેડિંગ ઈન્સ્યોરન્સ દ્વારા કવર કરવા બહુ જ સમજણપૂર્વકનું પગલું છે.



### વેડિંગ ઈન્સ્યોરન્સના લાભ

▶ કુદરતી અથવા માનવસર્જિત અવરોધોને કારણે લગ્ન રદ થાય એવે સમયે થયેલું પ્રોપર્ટીનું નુકસાન અથવા ઇજા/મૃત્યુને કારણે થતું નુકસાન શામેલ છે.

▶ આ કવરમાં 'પબ્લિક લાયાબિલિટી' શામેલ છે, જેમાં પૉલિસીના સમયગાળા દરમિયાન પ્રસંગને સ્થળે અકસ્માતના પરિણામે ઇજા/નુકસાન થાય એને કવર કરે છે.

▶ કુદરતી અથવા માનવસર્જિત અવરોધોને કારણે થનારા પ્રોપર્ટીના નુકસાનમાં અસ્થાયી સેટઅપ, ઝવેરાત અને અન્યનો સમાવેશ થાય છે.

▶ પર્સનલ એક્સિડન્ટ કવર હેઠળ અગાઉથી આવરી લેવામાં આવેલી વ્યક્તિઓ માટે પંગુતા અથવા મૃત્યુ થાય તો એમને વળતર મળે છે.

### વેડિંગ ઈન્સ્યોરન્સમાં શું શું કવર થાય છે?

▶ પ્રસંગને સ્થળે ભૂકંપ/આગ અને અન્ય જોખમો આવે તો

▶ ચોરી અથવા લૂંટફાટ થાય તો

▶ પૉલિસીમાં નામાંકિત થયેલી વ્યક્તિ લગ્નસ્થળે મૃત્યુ, વ્યક્તિગત ઈજા, હૉસ્પિટલાઈઝેશન અને પૉલિસીમાં નોંધેલ હોય એવા અન્ય કોઈ કારણે હાજર ન થાય તો

પૉલિસીની રકમમાં કંકોત્રી છપાવવાનો ખર્ચો, કેટરર/લગ્નના હૉલ માટે આપેલી એડ્વાન્સની રકમ, ડેકોરેટરને આપેલી એડ્વાન્સની રકમ, હોટેલ રિઝર્વેશન/યાત્રાની ટિકિટો વગેરેનો સમાવેશ થાય છે.

▶ પૉલિસી હેઠળ વીમો કરેલી પ્રોપર્ટીને થયેલું વાસ્તવિક નુકસાન. આ કવરનો સ્કોપ આ પ્રમાણે છે....

▶ ભૂકંપ અને આગ (સંબંધિત જોખમો શામેલ છે)

▶ ચોરી અથવા લૂંટફાટ

▶ સામગ્રીના નુકસાનમાં ડેકોરેશન ખર્ચ, ઘરેણાં અને હીરા અને કીમતી પથ્થરો, ઉપકરણો, કીમતી ધાતુઓ અને અન્ય જેમનો પૉલિસી ડૉક્યુમેન્ટમાં ઉલ્લેખ કરવામાં આવેલો હોય એ..

▶ પર્સનલ એક્સિડન્ટ પૉલિસી આવરી લેવામાં આવેલી વ્યક્તિઓને આ ફાયદાઓ પ્રદાન કરે છે, જેમ કે...

▶ પૉલિસીમાં નામાંકિત કરેલી વ્યક્તિઓ જેમાં લોહીના સંબંધો શામેલ છે એમનાં એક્સિડેન્ટલ મૃત્યુ સામે આવરી લેવામાં આવે છે.

▶ વીમો લેતાં પહેલાં જેમનાં નામ જાહેર કરવામાં આવ્યાં છે એમની કાયમી સંપૂર્ણ અપંગતા અને કાયમી આંશિક અપંગતા વ્યક્તિઓ માટે આવરી લેવામાં આવે છે.

▶ 'પબ્લિક લાયાબિલિટી' હેઠળ લગ્નના સ્થળે અકસ્માતોથી ઉદ્‌ભવતા ઈજા/મૃત્યુ સામે રક્ષણની ખાતરી આપે છે. તે થર્ડ પાર્ટીની સંપત્તિના નુકસાનને પણ આવરી લે છે.

### વેડિંગ ઈન્સ્યોરન્સ પૉલિસીમાંથી શું શું બાકાત હોય છે?

▶ સામાજિક અશાંતિ અથવા 'બંધ' ને કારણે રદ થયેલાં લગ્ન માટે વળતર આપવામાં આવતું નથી.

▶ આતંકવાદી ઘટના...

▶ પૉલિસી હેઠળ આવરી લેવામાં આવેલી વ્યક્તિ(ઓ)નું અપહરણ કરવામાં આવે તો...

▶ પરિવહન સેવાઓની ઉપલબ્ધતા ન હોવાને કારણે સમયસર સ્થળ પર ન પહોંચેલી વ્યક્તિઓના સંદર્ભમાં કરવામાં આવેલો દાવો મંજૂર ન થાય..

▶ લગ્ન પ્રસંગ રદ કરવાને કારણે થયેલાં પરિણામલક્ષી નુકસાન...

▶ યુદ્ધ અથવા યુદ્ધ જેવી પરિસ્થિતિઓને કારણે ઈન્સ્યોર્ડ વ્યક્તિને થયેલી ઈજા અથવા મૃત્યુ.

▶ જાતે સ્વયંને પહોંચાડેલી ઈજા અથવા આત્મહત્યા. ■

# ગઈ કાલની આજ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

## બે હજાર વર્ષથી પણ જૂનો છે આ પતંગ...!





**'મસ્તીનો** તહેવાર ઊજવતી, સઘળી ન્યાતિ-જાતિ, ભેદભાવને ભૂલીને જનતા તલના લાડુ ખાતી પરપ્રાંતિ જોડાયા આવ્યા પરદેશી મુલાકાતી, પતંગ થઈને આખો દિવસ ઊડે સૌ ગુજરાતી...'

સંક્રાંતિનો તહેવાર આવતાં જ જાણીતા કવિ રઈશ મણિયારની આ પંક્તિઓ યાદ આવી જાય એ સહજ છે.

મકરસંક્રાંતિ ભારતવર્ષમાં ધાર્મિક-સામાજિક દૃષ્ટિકોણથી કેટલું મહત્ત્વ ધરાવે છે તે કોણ નથી જાણતું? ભારતના વિવિધ પ્રદેશોમાં વિવિધ રૂપે અને નામે સંક્રાંતિ ઉત્સવ ધામધૂમથી ઊજવાય છે. સૂર્યના ઉત્તરાયણના અપભ્રંશ 'ઉતરાણ' એ ગુજરાતીઓનું પોતીકું નામ છે. ગુજરાત અને ગુજરાતીઓ માટે તો આ ઉત્સવ પતંગ વિના એવો છે, જેવી વરરાજા વિનાની જાન!

-અને આમેય પતંગનો ઇતિહાસ પતંગ ચગાવવાના આનંદ જેટલો જ રોચક છે.

પતંગનો ઈતિહાસ ૨૦૦૦ વર્ષથી પણ વધુ જૂનો છે. એવું માનવામાં આવે છે કે પ્રથમ પતંગની શોધ ચીનના શાનડોંગમાં થઈ હતી. તેથી તે પ્રદેશને 'પતંગના ઘર' તરીકે પણ ઓળખવામાં આવે છે. એક માન્યતા અનુસાર, એક ચીની ખેડૂત એની ટોપી પવનમાં ઊડી ન જાય તે માટે તેની સાથે દોરડી બાંધતો હતો. આ વિચાર સાથે પતંગની શરૂઆત થઈ હતી. એવું પણ માનવામાં આવે છે કે પૂર્વે પાંચમી સદીમાં ચીની ફિલસૂફ મોઝી અને લુ બાને વાંસના કાગળમાંથી પતંગની શોધ કરી હતી.

જોકે, પતંગ ઉડાવવાના ખલીફાઓ અને ઉસ્તાદો માને છે કે પ્રથમ પતંગ હકીમ જાલીનોસે બનાવ્યો હતો. કેટલાક હકીમ લુકમાનનું નામ પણ લે છે. જોકે, કોરિયા અને જાપાન થઈને પતંગનું ભારતમાં આગમન થયું મનાય છે. અહીં તેનો પોતાનો અલગ ઇતિહાસ છે. મોટા ભાગના લોકો માને છે કે ચીનના પ્રવાસીઓ હિનયાન અને હ્યુએન સાંગ ભારતમાં પતંગ લઈ આવ્યા હતા.

વર્ષોથી રામાયણની કથા સાંભળનારાઓના ધ્યાનમાં પણ એક વાત કદાચ નહીં આવી હોય કે મહાકવિ તુલસીદાસે રામાયણમાં એવી ઘટનાનો ઉલ્લેખ કર્યો છે જ્યારે શ્રી રામે એમના ભાઈઓ સાથે પતંગ ઉડાવી હતી. આ સંદર્ભમાં, 'બાલકાંડ'માં ઉલ્લેખ છે: 'રામ ઈક દિન ચંગ ઉડાઇ, ઇન્દ્રલોક મેં પહુંચી જાઈ'

શ્રી રામે ભાઈઓ - મિત્રો સાથે પતંગ ઉડાવવાનું શરૂ કર્યું, જે ઇન્દ્રલોક સુધી પહોંચી ગયો અને એ પછી શું ઘટના બની અને પતંગ કેવી રીતે પાછો આવ્યો તેનું વર્ણન છે.

મોગલ દરબારમાં પતંગ એટલા લોકપ્રિય હતા કે રાજાઓ, રાજકુમારો અને મંત્રીઓ પણ પતંગ ઉડાવવામાં ભાગ લેતા હતા. મોગલ બાદશાહ બહાદુર શાહ ઝફરને પણ પતંગ ઉડાવવાનો ઘણો શોખ હતો. ધીમે ધીમે રાજાઓ-નવાબોનો આ શોખ સામાન્ય લોકોના જીવનનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બની ગયો. વર્ષ ૧૯૨૭માં 'સાયમન કમિશન'સામે 'ગો બેક' વાક્ય લખેલું પતંગ ઉડાડીને વિરોધ કરવામાં આવ્યો હતો. ભારતના હૈદરાબાદ અને લાહોર (હવે પાકિસ્તાન)માં પતંગ ઉડાવવાની રમત ખૂબ જ ઉત્સાહથી રમાતી હતી. આજે પણ મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને દિલ્હી વગેરેમાં વિશેષ પર્વમાં પતંગ ઉડાડવામાં આવે છે.

અમદાવાદમાં ૧૯૮૯થી શરૂ થયેલો પતંગ મહોત્સવ હવે તો આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય છે, જેમાં ભાગ લેવા સેંકડો વિદેશીઓ અમદાવાદ આવતા થયા છે.

દુનિયામાં ક્યાં ક્યાં યોજાય છે પતંગોત્સવો?

- ઑસ્ટ્રેલિયાનો સૌથી મોટો પતંગ ઉત્સવ દર વર્ષે સપ્ટેમ્બરમાં સિડનીમાં 'ફૅસ્ટિવલ ઑફ વિન્ડ્સ'ના નામથી ઊજવવામાં આવે છે.
- ચીનના વેઇફાંગ શહેરમાં દર વર્ષે એપ્રિલમાં કાઇટ ફેસ્ટિવલ યોજાય છે. અહીં એવું માનવામાં આવે છે કે ઊંચા પતંગને જોવાથી આંખોની રોશની સુધરે છે.
- જાપાનમાં, દર વર્ષે મેના પ્રથમ સપ્તાહમાં, હમામાત્સુના શિઝુકા પ્રાંતમાં પતંગોત્સવ યોજાય છે. અહીં એવી માન્યતા છે કે પતંગ ઉડાડવાથી દેવતાઓ પ્રસન્ન થાય છે.
- દર વર્ષે બ્રિટનમાં ઑગસ્ટના બીજા સપ્તાહમાં 'પોર્ટ્સ માઉથ ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ'નું આયોજન થાય છે. લોકો અહીં ડિઝાઇનર્સથી લઈને થ્રી-ડી પતંગ માટે ભેગા થાય છે.
- દર વર્ષે ૧ નવેમ્બરે ગ્વાટેમાલામાં 'કાઈટ ઑફ સુપાન્ગો' નામનો પતંગ ઉત્સવ ઊજવવામાં આવે છે. જેમાં ૧૫-૨૦ મીટર પહોળા પતંગો ઉડાડવામાં આવે છે.
- ઈન્ડોનેશિયાના 'બાલી કાઈટ ફેસ્ટિવલ'માં ૪-૧૦ મીટર પહોળા અને ૧૦૦ મીટરની પૂંછડીઓ સાથેના પતંગો ઉડાવવામાં આવે છે. તે ઓક્ટોબરના ત્રીજા સપ્તાહમાં ઊજવવામાં આવે છે.
- જાન્યુઆરીના બીજા સપ્તાહમાં દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઊજવવામાં આવે છે.
- અમેરિકામાં 'ઝિલ્કર કાઈટ ફેસ્ટિવલ' યોજાય છે. દર માર્ચ મહિનામાં, અહીં તમામ વય જૂથો માટે સંગીતસમારોહ અને કાઈટ કોન્ટેસ્ટનું આયોજન થાય છે.

પતંગ પણ 'ગિનિસ બુક ઑફ રેકોર્ડસ'માં...

વિક્રમોની આ વિખ્યાત બુકમાં અનેક પતંગ મહોત્સવ અને એના શોખીનોનાં નામ નોંધાયાં છે..

આ રહ્યા કેટલાક મહત્ત્વના રેકોર્ડ....

- ઑસ્ટ્રેલિયાના રોબર્ટ મૂરે ૨૦૧૪માં વિશ્વની સૌથી ઊંચી પતંગ (ચાર હજાર નવસો મીટર) ઉડાડવાનો રેકોર્ડ સર્જ્યો હતો.
- ૨૦૦૫માં અબ્દુલ રહેમાન અને ફારિસે કુવૈતમાં પતંગ મહોત્સવમાં વિશ્વનો સૌથી મોટો પતંગ ઉડાવ્યો હતો. તે ૨૫ મીટર લાંબો અને ૪૦ મીટર પહોળો હતો.
- ૨૦૦૬માં એક દોરીથી ૪૩ પતંગ ઉડાવવાનો રેકોર્ડ ચીનના મા કિંગહુસેટના નામે છે.
- પોર્ટુગલના ફ્રાન્સિસ્કો લુફિન્હાના નામે સૌથી લાંબી કાઈટસર્ફિંગ સફર (૮૬૨ કિમી)નો રેકોર્ડ છે.
- ૨૦૧૧માં, 'યુનાઈટેડ નેશનલ રિલીફ એન્ડ વર્ક એજન્સી' સંસ્થાએ પેલેસ્ટિનિયન બાળકો માટે ગાઝા પટ્ટીના દરિયાકિનારા પર ૧૨,૩૫૦ પતંગો ઉડાવીને રેકોર્ડ બનાવ્યો હતો.

-અને છેલ્લે છેલ્લે, કવિ રિષભ મહેતાની માર્મિક પંક્તિઓ

*એક માણસ જો કપાયે, ટીસ પણ ઊઠતી નથી!,*
*કેવી હો-હા થાય છે દેખી કપાયેલો પતંગ!!*
*હાથમાં રહી જાય છે જે ડોર, એ છે જીંદગી!,*
*સૂચવે છે એ જ સૌને હર કપાયેલો પતંગ* ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# ઉત્તમ ભારતીય નાસ્તા



**સાનંદાશ્ચર્ય!** ભારતીય ખાણું વિશ્વપ્રિય થઇ રહ્યું છે. ભારતીય વ્યજંન વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ અને પૌષ્ટિકતાથી ભરેલાં છે. ફક્ત સ્વાદ અને મસાલા છે એવું નહીં વિટામિન્સ ખનિજ તત્ત્વ અને હિમોગ્લોબીનથી શરીરને ભરી દે છે. જે આપણને સ્વસ્થ રાખવા માટે અનુકૂળ છે. સવારના નાસ્તા જે ભારતીય છે તે સ્વાસ્થ્ય જાળવવાનો સુખદ માર્ગ છે. ભારતીય પદ્ધતિ પ્રમાણે ખાદ્ય-પદાર્થના ઘટકોનું મિશ્રણ શક્તિશાળી છે. જે ઊર્જા પ્રદાન કરે છે અને માનસિક રીતે તરોતાજા કે ખુશ રાખે છે. જે વિદેશીઓ ભારતીય પડોશથી નાખુશ હતાં તે હવે ભારતીય પડોશને ઝંખે છે. જો ભારતીય પડોશ સાથે મિત્રતા હશે તો જીવનભર ઉત્તમ પ્રકારનું ખાણું મળતું રહેશે.

શિયાળાની ઋતુમાં શરીરને સ્વસ્થ રાખવા માટે અનેક વ્યંજનો છે. પર્યટન સ્થળો પર પણ મજેદાર નાસ્તાઓ આ શિયાળાની ઋતુમાં મળી રહે છે. સ્વાદ સુગંધ અને પોષણથી ભરપૂર નાસ્તો ભારતીય જ હોઇ શકે. વિદેશી બ્રેડ-બટરમાં કોઇ સુગંધ પોષણ નહીવત્ છે.

શિયાળાની ઋતુઓમાં નાસ્તાની વિવિધતા દરેક રાજયમાં જોવા મળે છે. સુખદ ઠંડા વાતાવરણમાં હલકી વરાળ નીકળતા નાસ્તાઓની યાદી બહુ મોટી છે. જે શરીરને ઊર્જા પ્રદાન કરે છે. કાશ્મીરથી શરૂઆત કરી એ તો કાશ્મીરી કાવા અને શીરમલ રોટી જે કેસર, મેવાથી ભરપૂર બન્ને વ્યંજન છે. કાશ્મીર, પંજાબ, હિમાચલમાં બનતી ગાજર-બીટની કાંજી જે લોહતત્ત્વથી ભરપૂર છે. જે સવારના નાસ્તામાં પીવાય છે.

જે એક ઉત્તમ પ્રો-બાયોટીક છે જે વિટામિન-બીથી ભરપૂર છે. પંજાબમાં મકાઇની વાનગીઓ ભરપૂર છે. જેમાં મકાઇનો ઉપમા જે ખાટી છાસ નાખી બનાવાય છે. હરિયાણામાં સવારના બાજરાની આલુ રોટી અને ચંદનબથુઆ ભાથુનું રાયતું બનાવી ખવાય છે. જે દિવસભર ઊર્જા આપે છે. તેમ જ શરીરને અનોખી મજબૂતી પ્રદાન કરે છે. ચંદનબથુઆ ભાજી શિયાળાની ભાજી છે જે શરીરના ઝેરીલા તત્ત્વોને બહાર કાઢી નાખે છે.

છત્તીસગઢ એ વ્યંજનનો ગઢ છે. જે વાંસના અથાણા સાથે છિલકા રોટી, વિવિધ પ્રકારની કાંજીઓ અને અનોખી ચટણીઓનો નાસ્તો કરે છે. મેઘાલય જે ઘેરા જંગલોથી ઘેરાયેલું છે. ત્યાં થેથરી, ગુલગુલે, ચોસેલા અરેસા ચિલા ફારા, ખુરમી જેવા મીઠા અને ખારા વ્યંજનોનો નાસ્તો લે છે. બિહારના લીટી ચોખા અને થેકૂઆ જેવા વ્યંજનોનો નાસ્તો બને છે. જે બિહારને મજબૂત ઊર્જાથી ભરી દે છે.

મણિપુરમાં અરોમ્બા જે બાફેલા અને છૂંદેલા શાકભાજીથી બને છે. જે વિટામિન્સથી ભરપૂર છે. રાજસ્થાનમાં બનતી રાબ જે બાજરા અને ઘઉંના લોટને શેકી તેમાં દૂધ અને મરી નાખી બનાવાય આનો સ્વાદ ચહા-કોફીના સ્વાદથી અનેક ઘણો આનંદદાયક છે અને જે ઠંડીની મોસમા શક્તિશાળી પીણું છે, તેમ જ બાજરાની રોટલી પર માખણ નાખી ખાય છે. મકાઇની ઘાટ બનાવી આનો ઉપયોગ નાસ્તામાં થાય છે. આ પણ એક ઉત્તમ પ્રો. બાયોટીક છે.

ગુજરાતની વાત અનોખી અનેક પ્રકારના નાસ્તા જે વિશ્વમાં મોટી ખ્યાતિ પામ્યા છે. વિવિધ પ્રકારની રાબ જેમ કે ગુંદરની, બાજરાની, ચોખાની, અસેરિયા રાબો પીવાય છે. સાથે સેવ-ખમણી, થેપલા, ખાખરા, બાજરાના લોટના ઢેબરા, અડદિયા જે વસાણાથી ભરપૂર છે.

આંધ્ર પ્રદેશ અને તેલગણાંમાં  ચૂનો અને ટમેટાનું મિશ્રણ કરી અથાણું અને ઢોસા કે અપ્પમ બનાવી નાસ્તામાં લે છે. બીજા અન્ય અથાણાં અવકાયા, મગાયા પણ અનોખા અથાણાં છે. સોરેલના પાનમાંથી બનાવેલું ગોગૂરા નામનું અથાણું ખૂબ ખવાય છે. ઓડિશામાં છૂંદેલા બટાટાનું આલુ ભર્તા અને પખાલા જે દહીંમાં અલગ અલગ જાતના શાકભાજી અને રાંધેલા ભાત નાખી ખવાય છે. આ પણ ઉચ્ચ પ્રકારનું પ્રોબાયોટીક છે. આખા દિવસની ઊર્જા શરીરને આપે છે. કેરલામાં ઇલીયપ્મ, ફૂટ જેવી વાનગી સાથે ગુલાબ સફરજનનું અથાણું ખવાય છે.જેને ચંબાક્કા કહેવાય છે. આ ઉત્તર ભારતના ઘણાં રાજ્યોમાં પણ સફરજનનું અથાણું બનાવાય છે. આ અથાણું વિટામિન-બીની કમીને દૂર કરે છે. પણ ઓર્ગેનિક અને પારંપારિક રીતથી બનવું જરૂરી છે.

ભારતના હૃદય સમા રાજય એટલે મધ્ય પ્રદેશ જયાં પૌઆ પ્રસિદ્ધ છે. મહારાષ્ટ્રમાં પણ કાંદાપૌઆ અને ગુજરાતમાં બટેકા પૌઆ બને છે. જે એક આદર્શ નાસ્તો છે. આની ઘણીય વિવિધતા છે. વટાણા પૌઆ, દહીં પૌઆ, તરી પૌઆ (જે એક પ્રકારની ખાટી-તીખી- મીઠી રસવાળી તરી છે). પૌઆ એ કેલ્શિયમ રીચ નાસ્તો છે. પૌઆ આર્યન સામગ્રીથી સમૃદ્ધ છે. જે રક્તકોશિકાઓને તંદુરસ્ત રાખે છે. વિટામિન બી-૧થી ભરપૂર છે. જે લોહીમાં ખાંડના સ્તરને કંટ્રોલ કરે છે. પાચનની બીમારીથી પીડાતા લોકો માટે પૌઆ ઉત્તમ આહાર છે. પ્રોટીનથી સમૃદ્ધ છે. જે સ્નાયુના સમારકામ માટે ઉપયોગી છે. દહીં સાથે પૌઆ હાડકાંને મજબૂત બનાવે છે. ઝડપથી તૈયાર થતો નાસ્તો છે. સ્વાદિષ્ટ હળવા નાસ્તા તરીકે આ ઉત્તમ છે. ઘણીયે જાતના પૌઆ મળે છે પાતળા, જાડા, દગડી સુગંધિત પૌઆ લગભગ બધે જ મળે છે.

ઉપમા ઘણીય પ્રકારના બને છે. જે રવો, બાજરાનો રવો, મકાઇનો રવો, વર્મીસેવ ચોખાની કણકીથી બને છે. જે જલદી તૈયાર થઇ જાય છે. ચટણી અને દહીં સાથે લઇ શકાય છે.


ભારતીય નાસ્તા એ ઉત્તમ સાબિત થયા છે. જે વિશ્વ પ્રસિદ્ધ થયા છે જે આપણા માટે ગર્વની વાત છે. વિશ્વ આને સહજતાથી અપનાવી રહ્યું છે. ઇડલી-ઢોસા જે દુનિયાના બધા જ ખૂણે બને છે.

સ્વાસ્થયને ખરાબ કરતાં બ્રેડ-બટર જામ, મેગી, નુડલ્સ, પાસ્તા સોસ, બિસ્કિટ નો ઉપયોગ સદંતર બંધ કરવો. આ અખાદ્ય પદાર્થમાં કોઇ ન્યૂટ્રીશન, વેલ્યુ નથી. શરીરનો ગ્લાયકેસેમિક ઇન્ડેકસને વધારી ખરાબી પેદા કરે છે. વિવિધ પ્રકારની બીમારીનો ઉદ્ભવ કરે છે. આપણાં ભારતીય વ્યંજનના નાસ્તા જે સરળતાથી બને છે. શરીરને પોષણ પૂરું પાડે છે તે અપનાવા જરૂરી છે.

હજુ ઘણાં પ્રકારના નાસ્તા કે વ્યંજન વિસરાઇ ગયા છે, તેની યાદી પણ લાંબી છે. આ વિસરાઇ ગયેલાં વ્યંજન ‘લોસ રેસીપી’ નામની સિરિયલમાં જોઇ શકાય છે. જે વડીલોએ આપણને વ્યંજનનો આ વારસો આપ્યો છે તેને ‘નમન.’ ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# હિસ્ટીરિયા અને અપસ્માર ભિન્ન વિકૃતિ છે



(ગતાંકથી ચાલુ)

**૧૩. અપસ્માર** (Epilepsy)ની યૌગિક ચિકિત્સા

સામાન્ય વાતચીતમાં હિસ્ટીરિયા અને અપસ્મારને એક ગણી લેવામાં આવે છે, પરંતુ વસ્તુતઃ આ બંને ભિન્નભિન્ન રોગ છે. હિસ્ટીરિયા વિશેષતઃ તીવ્ર માનસિક સંઘર્ષ અને તજજન્ય તાણમાંથી જન્મે છે. હિસ્ટીરિયાનાં ત્રણ સ્વરૂપો છેઃ

(૧) રૂપાંતરિત પ્રતિક્રિયાઓ (conversion reactions)

(૨) વિયોજિત પ્રતિક્રિયાઓ (dissociative reactions)

(૩) આંકડી

હિસ્ટીરિયાના આ તૃતીય સ્વરૂપ અને અપસ્મારનાં બાહ્ય લક્ષણોમાં કેટલીક સમાનતાઓ છે. તેથી હિસ્ટીરિયા અને અપસ્મારને એક ગણી લેવાની ભૂલ થાય છે, પરંતુ આપણા મનમાં સ્પષ્ટતા હોય તે આવશ્યક છે કે હિસ્ટીરિયા અને અપસ્માર ભિન્નભિન્ન વિકૃતિઓ છે અને બંને એક નથી.

અહીં આપણે અપસ્માર અને તેની યૌગિક ચિકિત્સાનો વિચાર કરીએ છીએ.

અપસ્મારનાં અનેક નામો છે. અંગ્રેજીમાં તેના માટે ‘Epilepsy' શબ્દદ્ધછે. આ ઉપરાંત તેને  Falling disease (પડી જવાનો રોગ), FITS FU Convulsive (ફીટ આવવાનો રોગ) Siezers (પકડ રોગ) પણ કહેવામાં આવે છે. ગુજરાતીમાં આ રોગને વાઇનું દર્દ (વાઇ આવવી) કહોવામાં આવે છે. વળી આ રોગને ફેફરું પણ કહેવામાં આવે છે અને આ રોગને તાણ- આંચકી પણ કહેવામાં આવે છે.

અપસ્માર માટેનો અંગ્રેજી શબ્દ ‘Epilepsy’ ગ્રીક ભાષાના ‘Epilepsia’ શબ્દ પરથી ઊતરી આવ્યો છે ગ્રીક ભાષાના ‘Epilepsia’ શબ્દનો થાય છે- પકડી રાખવું. પ્રાચીનકાળમાં એવા માન્યતા હતી કે કોઇ પ્રેતાત્મા દરદીને પકડી લે છે અર્થાત્ દરદીનો કબજો લઇ લે છે. આજે પર ક્વચિત્ આવી માન્યતા અને તદનુરૂપ ચિકિત્સા જોવા મળે છે.

અપસ્મારનું મુખ્ય લક્ષણ તાણ-આંચકી છે. શરીર એકદમ જકડાઇ જાય, સ્નાયુઓ ખેંચાઇ જાય, મુટ્ઠીઓ ભિડાઇ જાય, હાથ-પગ પછડાવા લાગે- આ પ્રકારનાં ચિહ્નો જોવા મળે છે. આ ઉપરાંત બેભાનાવસ્થા, મનોવૃત્તિઓમાં પરિવર્તન, સ્વયંસંચાલિત સ્નાયુમંડળમાં ફેરફાર, ગભરાટ, મુખમાં ફીણ આવે, દાંત કચકચાવવા, ક્વચિત્ જીભ કચડાઇ જાય વગેરે લક્ષણો પણ જોવા મળે છે.

આ લક્ષણોમાં વ્યક્તિગત ભિન્નતા પણ હોય છે.

(૧) મહાઅપસ્માર :

આ પ્રકારના અપસ્મારને મોટું ફેફરું પણ કહેવામાં આવે છે.

આ પ્રકારના અપસ્મારની ચાર કમિક અવસ્થાઓ છે.

(i) આ પ્રથમાવસ્થા ચેતવણીની અવસ્થા છે. આમાં અપસ્મારનો હુમલો થવાનો હોય તે પહેલાં કેટલાંક ચેતવણીરૂપ ચિહ્નો પ્રગટ થાય છે. જેમ કે માથું દુખવું, બહેરાશ, કાલ્પનિક અવાજો, કાલ્પનિક દર્શનો આદિ.

(ii) આ બીજી અવસ્થામાં દરદી એકદમ ચીસ પાડીને બેભાન બની જાય છે. સ્નાયુઓ સખત બની જાય છે. સમગ્ર શરીર લાકડા જેવું - જડવત્ બની જાય છે. દાંત સખત રીતે બિડાઇ જાય છે. હાથ-પગ ફેલાઇ જાય છે.

(iii) ત્રીજી અવસ્થામાં સંકોચાયેલી માંસપેશીઓમાં ઝાટકા આવવા લાગે છે. મુટ્ઠીઓ સખત રીતે બિડાઇ જાય છે. હાથપગ, છાતી અને પેટણા થાગ પણ ખેંચાવા લાગે છે. દરદી ઉછાળા મારવા માડે છે. મોંમાંથી ફીણ કે લાળ નીકળવા લાગે છે. કોઇ વાર મળ-મૂત્રનું વિસર્જન પણ થઇ જાય છે. પ્રારંભમાં ઝાટકા મોટા અને સ્થૂળ હોય છે. ધીમેધીમે આ ઝાટકા નાના અને સૂક્ષ્મ બનતા જાય છે. આ અવસ્થા ચાર-પાંચ મિનિટ સુધી ચાલે છે.

(iv) ચોથી અવસ્થામાં દરદીના સ્નાયુઓ ઢીલા થઇ જાય છે. આ અવસ્થામાં દરદી ત્રણથી પંદર મિનિટ સુધી બેભાન થઇને રહે છે.

(૨) ગૌણ અપસ્મારઃ

આ પ્રકારના અપસ્મારમાં હુમલો સાવ સાધારણ હોય છે. આ પ્રકારના અપસ્મારનું મુખ્ય લક્ષણ એ છે કે વ્યક્તિ દસ કે પંદર સેકન્ડ માટે ભાન ભૂલી જાય છે. કેટલીક વાર આવા હુમલા દરમિયાન દરદી ઢળી પડે છે. દરદીના હાથમાંની વસ્તુ પડી જાય કે કાર્યભંગ પણ થઇ જાય છે. દરદીનો ચહેરો ફિક્કો પડી જાય છે અને ચહેરો ભાવહીન પણ બની જાય છે.

આ પ્રકારના હુમલા પછી થોડી જ વારમાં દરદી પોતાની મૂળ સ્થિતિમાં આવી જાય છે. જાણે કાંઇ ન બન્યું હોય તેમ દરદી પોતાનું કાર્ય આગળ ધપાવે છે.

ગૌણ અપસ્મારનું કાળાંતરે મહાઅપસ્મારમાં પરિવર્તન થાય તેવું જોખમ છે. ક્યારેક બંને પ્રકારો સાથે ચાલે તેમ પણ બને છે.

(૩) અવિરત અપસ્મારઃ

અપસ્મારના આ પ્રકારમાં દરદીને અપસ્મારનો હુમલો વારંવાર કે ઉપરાઉપરી આવે છે. આ હુમલા વચ્ચેનો ગાળો નાનો અને નાનો થતો જાય છે. સમયસર ચિકિત્સા ન કરવામાં આવે તો દરદીનું મૃત્યુ થાય છે.

(૪) મનઃકારક અપસ્મારઃ

અપસ્મારનો આ એક એવો પ્રકાર છે. જેમાં મહાઅપસ્મારની જેમ તાણ-આંચકી આવતી નથી. પરંતુ મહાઅપસ્મારના હુમલા પછી દરદીની જે માનસિક સ્થિતિ હોય છે તે પ્રકારની માનસિક સ્થિતિનો દરદીને અચાનક અનુભવ થાય છે. આ પ્રકારના અપરસ્મારની મુખ્ય લાક્ષણિકતા માનસિક અસ્તવ્યસ્તતા છે.

દરદીમાં જે માનસિક લક્ષણો જોવા મળે છે તેમને મનોવૈજ્ઞાનિકો ચાર ભાગમાં વહેંચે છે.

(i) વ્યવહારમાં વિચિત્રતાઃ

અકારણ બોલવું, ગમે તેમ બોલવું, ઝઘડા કરવા, તમે તેવાં કપડાં પહેરવાં વગેરે.

(ii) આક્રમક પ્રવૃત્તિઓઃ

દરદી બેભાનાવસ્થામાં કોઇને મારી બેસે છે. ક્વચિત્ મારી પણ નાખે છે, કોઇ વાર પોતાના શરીરનાં અંગો કાપી નાખે છે, સમાજવિરોધી કાર્યો કરી નાખે છે, ક્વચિત્ બળાત્કાર પણ કરે છે.

(iii) બાહ્ય જગત સાથેનો સંબંધ અસમતોલ બને છે. દરદીનું મગજ અસ્તવ્યસ્ત બની જાય છે. તેનો વ્યવહાર અને સંબંધો પણ અસ્તવ્યસ્ત બની જાય છે.

(iv) દારૂ પીધેલ વ્યક્તિની જેમ શરીર અને મન પરનો કાબૂ ગુમાવી બેસે છે.

આ સ્થિતિને ડિપ્સોમેનિયા કહેવામાં આવે છે.

(૫) જેક્સોનિયન અપસ્મારઃ

જ્હોન હગલિંગ્ઝ જેક્સન નામના નાડીવૈજ્ઞાનિકે સર્વપ્રથમ આ રોગનું સંશોધન કર્યું, તેથી તેના નામ પરથી અપસ્મારનો આ પ્રકાર ‘જેક્સોનિયન અપસ્માર’ તરીકે જાણીતો થયો છે. આ પ્રકાર મહાઅપસ્મારના આક્રમણનો એક હળવો પ્રકાર છે.

આ અપસ્મારમાં આક્રમણનો પ્રારંભ શરીરના કોઇ એકાદ ભાગ પર થાય છે. આ એક ભાગના સ્નાયુઓમાં ધ્રુજારી પેદા થાય છે અથવા તે ભાગ બહેરો બની જાય છે કે તે ભાગમાં બળતરા પણ થાય છે. ધીમેધીમે એક ભાગ પરથી સમગ્ર શરીર પર અસર થવા માંડે છે.

દરદી પ્રારંભમાં ભાનમાં હોય છે, પરંતુ આક્રમણ વધે ત્યારે તે બેભાન બની જાય છે. મનોવૈજ્ઞાનિકો એમ માને છે કે મગજના જ્ઞાનતંતુઓમાં કોઇક સ્વરૂપનો ફેરફાર થવાથી આ રોગ જન્મે છે. (ક્રમશઃ) ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# તંગ કરે પતંગ....



**ચંપક** હાંફતો હાંફતો ભાગતો હતો ને સામે ચંબુ પણ એ જ હાલતમાં દોડતો દોડતો આવ્યો ને ચંબુએ પૂછ્યું :

‘અલ્યા ચંપક, શું થયું? કેમ આમ હડકાયું કૂતરું પાછળ પડ્યું હોય એમ દોડાદોડ કરે છે?’

‘ચંબુડા, હવે તો હું પોતે જ હડકાયો માણસ બની જઈશ. અરે ભૈ, શોધવા નીકળ્યો છું મારી ચતુર ચમેલીને. સાલું,  જેને સાત ભવ સાથ આપવાનું વચન આપેલું ને હજી લગ્નને સાત દિવસ નથી થયા ને આજે બાઇકમા પંકચર પડ્યું તો પેલી એકલી રિક્ષા કરી જતી રહી. બકા. આવી વાઈફ વસાવો કે ન વસાવો શું ફેર પડે? ભગવાન, જાણે ક્યાં ગઈ હશે’ ચંપક પાછો હાંફવા ઉપર આવી ગયો.

‘શાંત બકા શાંત,આટલામાં જ ગઈ હશે. તું બરાબર ન સાચવે તો જતી પણ રહે. બાકી સાત દિવસમાં..’

‘અરે ચંબુ ડોબા, પોતાની માની જણી સગી બેનની જેમ સાચવતો-જાળવતો..’

‘અરે, તો તો ભાગી જ જાય ને ટોપા, એના પરિવારે તારી સાથે થપ્પો રમવા થોડી મોકલી હતી?’

‘અરે, મને તો હડકાયું કૂતરું પાછળ પડ્યું હોય એમ ભાગું છું, પણ તું કેમ કોઈ ઉઘરાણીવાળો પાછળ

પડ્યો હોય એમ ભાગે છે?’

‘શું કઉ ચંપક,  સેમ પ્રોબ્લેમ....આજે સાત દિવસ થયા. જેને મેં સાત ભવ જીવન-મરણ સાથે રહેવાના કોલ આપેલા એને આજે સાત કોલ કરું તો મારો એક પણ કોલ નથી ઉપાડતી. એ જવા દે, પણ તારાવાળી દેખાવમાં કેવી છે એનું જરા વર્ણન કર તો’ ચંબુએ પૂછ્યું

‘અરે, સોલીડ’ ચંપક બોલ્યો :  ‘એની સામે ભલભલી હીરોઈનો પણ પાણી ભરે.. અરે, એ પાણી પીએ તો

ગળામાંથી ખળખળ વહેતું ઝરણું દેખાય, ધોળા દૂધ જેવો ચહેરો, સફરજન જેવા ગાલ, ચીકુની ચીર જેવી

બે આંખ, ગુલાબની પાંખડી જેવા બે હોઠ, દાડમની કાળી જેવા દાંત..’

‘વાહ, ક્યા બાત હૈ સાલા ચંપાકિયા, આ તો તારી વાઈફ છે કે ફ્રૂટસેલેડનું તપેલું?’

‘ચંબુ,  હવે તારાવાળીનું તો બોલ... દેખાવમાં કેવી લાગે છે?’

‘મારીને માર ગોળી, આપણે તારીને જ ગોતીએ. એક કરતાં બે ભલા, તારી આવી રૂપાળી ને ગોતવાની મજા કઇ ઓર જ છે, ચાલો, સાથે નીકળી..’

‘અરે ચૂપ’ ચંબુના જવાબથી ચંપકનું મગજ સમસમી ગયુંઃ

‘અલ્યા ચરકટ, તું મને કહે છે? સાલા, તારો પતંગ બરાબર ન હોય તો મારા પતંગ પર ડોળો નાખવાનો? ખબરદાર... જો બીજીવાર નાનકડો ડોળો પણ મારી પતંગ બાજુ નાખ્યો તો ડોળો કાઢી હાથમાં આપી દઇશ, સમજ્યો?’.

ચંપકની ધમકીથી ચંબુ ગભરાયો પછી ટાયરમાંથી હવા નીકળતી હોય એવા સિસકારા સાથે બોલ્યો :

‘અલ્યા ભૈ, આ તો તે કીધું કે સગી બેનની જેમ રાખતો હતો એટલે કદાચ મારા ઘરે પણ ગઈ હોય ને

મારા વાળી પણ નથી એટલે ..’

‘ચૂઉઉઉપ બિલકુલ ચૂ...પ’ ચંપકે રાડ નાખીઃ

‘તને આવો વિચાર આવતા બ્રેન હેમરેજ કેમ ન થઈ ગયું. સાલા મારું ધાબું, મારો પતંગ, મારો માંજો, મારી ફીરકી. જરાક ઢીલ આપી એટલે પતંગ તારો થઈ ગયો...?  કાન ખોલીને સોરી, કાન તો ખુલ્લા જ હોય પણ સાંભળી લે, મારો પતંગ કોઈના પગ નીચે આવી ફાટી જાય, કચડાઈ જાય, ચગદાઈ જાય, તરડાઈ જાય, કાગળના ચૂરેચૂરા થઈ જાય બધી સળીઓ નીકળી જાય આખેઆખો ઢઢ્ઢો મરડાઈ જાય ને એનુ અકાળે અવસાન થઈ જાય પણ તારે એને ગુંદરપટ્ટી કે પુંછડી લગાડી ઉડાડવાનો ભૂલથી પણ ટ્રાય કરવાનો નથી નથી ને નથી, સમજ્યો? તને શોખ હોય તો તારો પતંગ જેવો હોય એવો એને ઉડાડવો હોય તો ઉડાડ, ચગાવવો હોય તો ચગાવ ન ફાવે તો તારી જ દુકાનમાં રાખી મૂકવાનો, પણ મારી આ મોર્નિંગની વોર્નિંગ છે કે તે ચગાવીને જો મારા પતંગ સાથે પેચ લડાવવાનો ટ્રાય પણ કર્યો તો તારી હાલત એવી કરી દઇશ કે તારી જ ચંપા તને જીંદગીભર સગા ભાઈની જેમ રાખતી થઈ જશે. પછી કહેતો નઇ કે ભગો બોલ્યો નઈ’.

આટલી હૈયા વરાળ કાઢી પછી

શાંતિથી ચંપક બોલ્યોઃ

‘જો ચંબુ આપણે આપણા ઘરમાં આપણી તુંક્કલને સાચવવાની. ઘરમાં ઇડલી વડા સારા સ્વાદિષ્ટ બનતા હોય તો બહારની ઉપમા ઉપર ધ્યાન નઇ આપવાનું. સમજાય છે?’

‘બહુ ટ્રાય કર્યો, બકા... પણ આ બાજુમાં કોઈની કપાયેલી નાનકડી તુક્કલ પણ આવી તો મન પલળે પલળેને પલળે, એક વાત નક્કી કે આ પતંગ જેવો કોઈ ગુરુ નથી’ ચંબુ બોલ્યો

‘પતંગ જેવો ગુરુ? આ તો મારુ બેટુ જબરું,,કઇ રીતે? સમજાવ,  બકા’

‘જો, પતંગ અને જિંદગી જ્યાં સુધી ઊંચાઇ પર છે ત્યાં સુધી જ વાહ વાહ છે. ને આ પતંગ નામ આવ્યું

ક્યાંથી? કઇ ફૈબાએ પાડ્યું ખબર છે?’

‘હા પાંચ (૫)ચીજ જીવનમાં આપણને તંગ કરે છે. એટલે પતંગ. કંઇ કંઇ તને ખબર છે?

‘યસ મોબઇલમાં બેઠેલા ફેસબુક, ટ્વિટર વોટ્સએપ, યુ ટ્યુબ, ઇન્સ્ટાગ્રામના હવે ટોપા એ પાંચ એટલે આપણા મનમાં બેઠેલા કામ,ક્રોધ,મોહ લોભ અને અહંકાર. ને આમ તો પતંગ માણસ જેવા જ છે. જ્યાં સુધી દુકાનમાં હોય ત્યાં સુધી કેવી શાંત પહેલી બીજીમાં, બીજી ત્રીજીમાં, ત્રીજી ચોથીમાં, ચોથી પાંચમીમાં,... લોકલ ટ્રેનના મુસાફરની જેમ ચીટકેલા રહે છે પણ જેવી અલગ અલગ કરી, માંજો બાંધ્યો ને ને ઠૂમકો મારી ઉપર ચગાવી તો જે પતંગ એકબીજાને ગળે વળગીને રહેતી એ જ પતંગ એકબીજાને કાપવાની તૈયારી કરે છે.

બકા, યાદ રાખ પતંગ બની ઉડવું હજી સહેલું છે બહુ અઘરું છે દોરો બની કોઈને સાથ આપવાનું. આપણા જીવનમાં પણ આવું જ છે કોઈને પદનો, કોઈને પ્રતિષ્ઠાનો, કોઈને ઈર્ષાનો, કોઈને અહંકારનો, કોઈને જ્ઞાનનો તો કોઈને ત્યાગનો માંજો લાગે છે પછી ઉપર ગયા પછી બીજાના પતંગને કાપ્યા સિવાય કોઈ કામ કર્યું નથી. બસ, તને કાપુ ને આગળ નીકળું..બકા,

આપણે કેટલાના પતંગ કાપશું? એટલે બાબા સુભાષાનંદ અંતમાં એટલું જ કહે છે કે માંજામાં દાંતી પડવાની ખબર પડે ત્યારથી કપાવાની તૈયારી રાખવાની .. જયહિન્દ .. !

શું કહો છો ? ■



પ્રકરણઃ ૧૨

# ચહેરા મોહરા

## આટલો નિર્દોષ ચહેરો ધરાવતો આ યુવાન ખૂન કેવી રીતે કરી શક્યો હશે? વળી ખૂન પણ કોનું? સગા બાપનું?!



**પ્રફુલ્લ કાનાબાર**

**સમયનું** ચક્ર ફરતું ગયું. પાંચ વર્ષ વીતી ગયાં. આ પાંચ વર્ષ દરમ્યાન સોહમે જેલમાં કોઈની પણ સાથે ભાગ્યે જ ખાસ કોઈ વાત કરી હશે. એકલતાનું આકાશ ઓઢીને જ તે જેલમાં સજા કાપી રહ્યો હતો. આખરે જેલર ગામીત સાહેબની નિવૃત્તિનો દિવસ આવી પહોંચ્યો હતો. ગામીત સાહેબ ખૂબ જ કડક જેલર હતા તેથી મોટા ભાગના કેદીઓ તેમના જવાથી રાજી હતા. એ જ દિવસે ગોહિલ સાહેબે જેલનો ચાર્જ સંભાળ્યો હતો. ગામીત સાહેબની સામેની ખુરશીમાં બેઠા બેઠા ગોહિલ સાહેબ કેદીઓની હિસ્ટ્રીની ફાઈલ પર નજર નાખી રહ્યા હતા. સોહમના ફોટાની બાજુમાં જ એક રિમાર્ક હતી.. જેમાં લખ્યું હતું કે આ કેદી ત્રણ દિવસના જામીન મળ્યા હોવા છતાં એક જ દિવસમાં પરત આવીને જેલમાં હાજર થઈ ગયો હતો.

ગોહિલ સાહેબે આશ્ચર્યથી પૂછયું હતુંઃ

‘ગામીત સાહેબ, આવું કેમ? બહાર તેના જીવને કોઈ જોખમ હતું કે શું?’

‘ના.. ના ગોહિલ સાહેબ, એવું બિલકુલ નહોતું. એની મા હૉસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતી હતી તેથી એ પેરોલ પર છૂટીને સીધો હૉસ્પિટલે પહોંચ્યો હતો. એ ત્યાં પહોંચ્યો ત્યારે તેની માએ દેહ મૂકી દીધો હતો. માના અગ્નિસંસ્કાર કરીને એ તરત અહીં હાજર થઈ ગયો હતો. માત્ર બાર કલાકમાં એ પરત આવ્યો ત્યારે મને પણ નવાઈ લાગી હતી. જવાબમાં એક જ વાતનું રટણ કર્યું હતું કે હવે બહાર મારું શું કામ છે? મેં ખાનગીમાં એક બાતમીદારને તપાસ કરવાનું કામ સોંપીને એ કેદીની વાતની ખરાઈ પણ કરી હતી. આટલો પ્રામાણિક કેદી મેં મારી સમગ્ર કરિયરમાં જોયો નથી.’

ગોહિલ સાહેબ ફાઈલમાં સોહમની આખી હિસ્ટ્રી ધ્યાનપૂર્વક વાંચવા લાગ્યા. ‘અરે.. આ છોકરાએ તો એના બાપનું ખૂન કર્યું છે.’ ફાઈલ જોતાં જોતાં ગોહિલ સાહેબથી અનાયાસે જ બોલાઈ ગયું.

‘હા ગોહિલ સાહેબ, કદાચ ક્ષણિક આવેશમાં તેનાથી તેના બાપનું ખૂન થઈ ગયું હોવું જોઈએ, પણ ખૂન કરીને તે તરત જાતે જ પોલીસ સમક્ષ હાજર થઈ ગયો હતો એ પણ હકીકત છે.’

‘આમાં તો કારણમાં ગૃહકલેશ દર્શાવેલું છે.’ ગોહિલ સાહેબે ફાઈલમાંથી મોઢું ઊંચું કરીને ચશ્માં કાઢીને કહ્યું.

‘એનો બાપ દારૂડિયો અને જુગારી હતો. એની માને પણ મારતો. આમ રોજબરોજના ગૃહકલેશમાં જ સોહમે એના બાપને પતાવી દીધો હતો.’ ગોહિલ સાહેબ તેમની લાંબી કરિયરમાં અનેક જેલમાં જેલર તરીકે રહી ચૂક્યા હતા. કેદીના માનસનો અભ્યાસ કરવાનો તેમનો મુખ્ય શોખ હતો. તેમને પહેલે જ દિવસે સોહમના કેસમાં રસ પડયો હતો. ગોહિલ સાહેબની એક ખાસિયત એ પણ હતી કે એ દરેક કેદીનો ચહેરો હંમેશા તેના બિલ્લા નંબરથી જ યાદ રાખતા. સાંજે જયારે ગામીત સાહેબ ઓળખ પરેડ સમયે દરેક કેદીનો પરિચય કરાવી રહ્યા હતા ત્યારે ગોહિલ સાહેબ દરેક કેદીના પહેરણ પર ડાબા ભાગે લખાયેલ બિલ્લા નંબર જોઈને પછી જ તેના ચહેરા સામે જોઈ લેતા હતા. લાઈનમાં જેવો સોહમ સામે આવ્યો કે તરત ગોહિલ સાહેબથી સીધું તેના બિલ્લા નંબરની બદલે ચહેરા સામે જ જોવાઈ ગયું. આજ સુધીના ગોહિલ સાહેબના જેલર તરીકેના ઇતિહાસમાં આવું ક્યારેય બન્યું નહોતું. ગોહિલ સાહેબ સોહમના સોહામણા ચહેરાને તાકી રહ્યા. તે મનમાં જ વિચારી રહ્યા.. આટલો નિર્દોષ ચહેરો ધરાવતો આ યુવાન ખૂન કેવી રીતે કરી શક્યો હશે? વળી ખૂન પણ કોનું? સગા બાપનું? કેટલાક સંબંધો લોહીના ન હોય તોપણ કોઈ અગમ્ય કારણસર સામેની વ્યક્તિ તરફ મન ખેંચાણ અનુભવતું હોય છે. ગોહિલ સાહેબને પણ સોહમ પ્રત્યે સહાનુભૂતિનો ભાવ જાગ્યો હતો. ગોહિલ સાહેબ ગુનેગારોના મનનો અભ્યાસ બખૂબી કરી લેતા હતા. ગોહિલ સાહેબની આખી જિંદગી અનેક કેદીઓ સાથે પનારો પાડવામાં જ ગઈ હતી. કોઈ પણ માણસ જન્મજાત ગુનેગાર હોતો નથી. સમય અને સંજોગો જ તેને ગુનો કરવા પ્રેરતા હોય છે... એ વાત ગોહિલ સાહેબ સારી રીતે સમજતા હતા. ગોહિલ સાહેબને પહેલે જ દિવસે સોહમની આંખમાં એક અજીબ પ્રકારનો અજંપો જોવા મળ્યો હતો. સોહમે પણ ગોહિલ સાહેબની આંખમાં પોતાના પ્રત્યે સહાનુભૂતિ ભાળી હતી. જેલર અને કેદી વચ્ચે સામાન્ય રીતે ઔપચારિક સંબંધો જ હોય છે, કારણ કે જેમ કેદીને જેલનું બંધન હોય છે તેમ જેલરના હાથ પણ કાયદા વડે બંધાયેલા હોય છે. તે ઇચ્છે તોપણ કોઈ એક કેદીની ફેવર કરી શકતા નથી કે એ કેદીને સ્પેશિયલ ટ્રીટમેન્ટ પણ આપી શકતા નથી. જોકે કાયદાના દાયરામાં રહીને કયા કેદી સાથે કેવો વહેવાર કરવો એ બાબતથી ગોહિલ સાહેબ સારી રીતે વાકેફ હતા. એક વાર રાત્રે કડકડતી ઠંડીમાં ગોહિલ સાહેબ ઓવરકોટ પહેરીને જેલમાં રાઉન્ડમાં નીકળ્યા હતા. બેરેકમાં સોહમ ટૂંટિયું વાળીને સૂતો હતો. નિયમ મુજબ તેને એક ચોરસો આપવામાં આવ્યો હતો. ગોહિલ સાહેબે જોયું કે ચોરસાની અંદર સોહમ રીતસર ધ્રૂજી રહ્યો હતો. ગોહિલ સાહેબને સોહમની દયા આવી હતી. તેઓ જાતે પાછા ફરીને સ્ટોરમાંથી એક વધારાનો ચોરસો લઈને પરત આવ્યા હતા.ગોહિલ સાહેબે બે સળિયા વચ્ચેની જગ્યામાંથી ચોરસો અંદર સરકાવ્યો હતો. સોહમે ઠંડી લાગતી હોવા છતાં ઊભા થઈને એ ચોરસો પરત આપતાં કહ્યું હતુંઃ ‘સાહેબ, મારાથી આ ન લેવાય.’

‘કેમ?’ ગોહિલ સાહેબે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

‘સાહેબ, હું આ બીજો ચોરસો લઈશ તો બીજાને અન્યાય થયો કહેવાશે.’ સોહમની વાત સાંભળીને ગોહિલ સાહેબ સ્તબ્ધ થઈ ગયા હતા. સળિયા પકડીને ઊભેલા સોહમના હાથ પર હાથ રાખીને ગોહિલ સાહેબ બોલ્યા હતાઃ ‘તારું શરીર ધખે છે તને તો તાવ છે આ સંજોગોમાં જેલના કાયદા પ્રમાણે તું વધારાનું ઓઢવાનું લઈ શકે છે.

આખરે સોહમે બીજો ચોરસો ઓઢ્યો હતો. ગોહિલ સાહેબે મેડિકલની ઈમરજન્સી કીટમાંથી તાવ માટેની ગોળી કાઢીને સોહમને આપી હતી. આમ એ દિવસે ગોહિલ સાહેબનો સોહમ સાથેનો લાગણીનો તંતુ બંધાયો હતો.

* * * *

‘ગુજરાત એક્સપ્રેસ’ પૂરપાટ દોડી રહ્યો હતો. આખો ડબ્બો હાલકડોલક થઈ રહ્યો હતો. સોહમના મનમાં ચાલતા અવિરત વિચારો પણ ડબ્બાની જેમ જ હાલકડોલક થતા હતા. ગઈકાલે જેલમાંથી બહાર નીકળીને સોહમે આકાશ સામે જોયું હતું. પંખીઓ મુક્ત મને ઊડી રહ્યા હતા. સોહમ પાસે પણ ઊડવા માટે મુક્ત આકાશ હતું. તેણે ઘર તરફ જવાને બદલે બીજો રસ્તો પસંદ કર્યો હતો. હા, એ બીજો રસ્તો અડાલજ તરફ જતો હતો. સોહમ માત્ર એટલું જ જાણતો હતો કે આ રસ્તો તેના માટે તદ્દન અજાણ્યો છે. જેણે આ રસ્તો બતાવ્યો હતો એ માણસ પણ અજાણ્યો હતો. આ સરનામે પહોંચ્યા પછી આગળ ક્યાં જવાનું થશે તે પણ સોહમ જાણતો નહોતો. તેર વર્ષ જેલમાં રહ્યા બાદ સોહમની હિંમત અનેકગણી વધી ગઈ હતી. સોહમ હવે જીવાઈ ગયેલો ભૂતકાળ કાયમ માટે દફનાવીને નવેસરથી જીવન જીવવા માગતો હતો. ગરીબી અને ભૂખમરામાં સડવાની તેની બિલકુલ તૈયારી નહોતી. સોહમને એટલો વિશ્વાસ હતો કે આ એ રસ્તો હતો જ્યાંથી ચોક્કસ તે તેનું જીવન નવેસરથી શરૂ કરી શકશે. આજ સુધી ભોગવેલી નાણાભીડના દિવસો પૂરા થશે.

તેની કિસ્મત ચમકશે. કદાચ તેની કુંડળીમાં કરોડપતિ બનવાના યોગ પણ ઊભા થઈ રહ્યા હતા! આ રસ્તે જવામાં સોહમને ગુમાવવાનું કાંઈ જ નહોતું. આમ પણ તેની પાસે ગુમાવવા માટે હતું પણ શું ? સોહમે માત્ર ખુદની એક નવી ઓળખ જ ઊભી કરવાની હતી. આમ કરવામાં જોખમ જરૂર હતું, પણ જો માત્ર ઓળખ બદલવાથી કરોડપતિ થવાતું હોય તો એ જોખમ લેવાનું સોહમને મંજૂર હતું.

એના મનમાં ફરી પેલું વાકય ગૂંજવા લાગ્યુંઃ

‘આ તક ઝડપી લે... આવો ચાન્સ ફરી કયારેય નહીં મળે...!’

(ક્રમશઃ) ■







‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.


## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| હંસ | PARTRIDGE |
| તેતર | LAPWING |
| ટીટોડી | SWAN |
| ગીધ | KINGFISHER |
| કલકલિયો | VULTURE |

## ઓળખાણ પડી?

મુખ્યત્વે નોર્થ અમેરિકામાં જોવા મળતા આ વિશિષ્ટ વૃક્ષની ઓળખાણ પડી? વૃક્ષની કાચી છાલ ખાઈ શકાય છે અને ડાળીનો ઉપયોગ ચા માટે થાય છે.



અ) Bald Cypress
બ) Dahurian Larch
ક) Pando Tree
ડ) Sweet Birch

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જ | ૨ ન | ૩ જી | વ | ન | ■ | ૫ મૃ | ૬ ત | દે | ૭ હ |
| ૮ સ | વ | ર્ણ | ■ | ■ | ૯ અ | ત | ળ | ■ | વા |
| ૧૦ ત | જા | ■ | ૧૧ ન | ૧૨ ર | ક | ■ | ■ | ૧૩ વ્હા | લ |
| ■ | ૧૪ ત | ૧૫ મા | ■ | ૧૬ ચા | ળા | ■ | ૧૭ ત | ■ | દા |
| ૧૮ પુ | ■ | ૧૯ હ | ૨૦ વા | ઈ | મ | થ | ક | ■ | ર |
| ૨૧ ર | ઘ | વા | ટ | ■ | ણ | ■ | ૨૨ વા | મ | ■ |
| વ | ■ | ૨૩ ર | ક | મ | ■ | ૨૪ સા | દી | ■ | ૨૫ ચ |
| ૨૬ ઠો | ૨૭ સ | ■ | ડી | ■ | ૨૮ મો | થ | ■ | ૨૯ અ | મ |
| ■ | વા | ■ | ■ | ૩૦ ચા | કુ | ■ | ૩૧ ખા | તૂ | ન |
| ૩૨ આ | યો | જ | ન | ■ | ૩૩ ફ | ફ | ડા | ટ | ■ |

## શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ | | |
| ૭ | | | | ૮ | | ■ | | ■ | ■ |
| ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | | | ૧૨ |
| | ■ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | | | ■ | |
| ■ | ૧૬ | | ■ | ૧૭ | | | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ■ | ■ | ૨૧ | | |
| ૨૨ | | ■ | | ■ | ૨૩ | ૨૪ | ■ | | ■ |
| ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | ■ | ૨૮ | | | ૨૯ |
| | ■ | | ■ | ૩૦ | | | ■ | ■ | |
| ૩૧ | | | | | ■ | ૩૨ | | | |

### આડી ચાવી
૧. મદદનીશ (૪)
૫. નવું બનાવવું તે (૫)
૭. તુરંત જવાબ આપનાર (૬)
૯. ધ્યાન ધરાયેલું (૨)
૧૦. વ્યાજે પૈસા લેવા તે (૨)
૧૧. અપારપણું, અનંતત્વ (૪)
૧૪. રસ ચાખવો તે, રસાનુભૂતિ (૪)
૧૬. સામાન્ય (૨)
૧૭. --- વંઠવું એટલે છોકરાં છૈયાં વંઠવાં (૩)
૧૮. એક ઝેરી સરિસૃપ(૨)
૧૯. શૂર, પરાક્રમી (જો.છૂ.) (૨)
૨૦. સ્ત્રીઓનું પગનું ઘરેણું (૨)
૨૧. બધે જ (૩)
૨૨. કુંડામાંના નાના છોડ (૨)
૨૩. એક જંગલી પ્રાણી (૨)
૨૫. ધારણ કરનાર (૩)
૨૮. ન ભીંજાયેલું (૪)
૩૦. શીતળા --- ના દિને ઠંડું ખવાય (૩)
૩૧. સ્વાભાવિક -સહજ આનંદ (૫)
૩૨. નગરનો ચોકીદાર (૪)

### ઊભી ચાવી
૧. સાથે ભણનાર (૪)
૨. જરૂરિયાત, ઝાડા-પેશાબની શંકા (૩)
૩. અંગ્રેજીમાં વર્ષ (૨)
૪. એક પંખી (૩)
૫. પયગંબર (૨)
૬. પોતાનો આનંદ, આત્માનંદ (૪)
૮. વાનર જેવું વર્તન (૫)
૧૧. ઉપર બેઠેલો (૩)
૧૨. તાંબાના પતરા પર લખેલું હોય (૪)
૧૩. ઠેકાણું (૨)
૧૫. સપ્તાહના દિવસ (૨)
૧૬. સોંસરવું (૪)
૧૮. સર્વવ્યાપી (૪)
૧૯. માત્ર દેખીતો વિરોધ (૫)
૨૦. મોટું ચાકુ (૨)
૨૪. બાળવાર્તાનાં પાત્રો (૨,૨)
૨૬. --- હક એટલે કબજાને હક (૩)
૨૭. ભગવાનને ધરાવેલી વસ્તુ (૩)
૨૯. પહેલાં ---માં પત્રો આવતા (૩)

## ચતુર આપો જવાબ
### અર્થ જણાવો

‘જે જે શેરીમાં દાદા સંચરે, તે શેરીમાં લીલાશ થાય’ પંક્તિમાં સંચરે શબ્દનો અર્થ જણાવો.

અ) મલકે  બ) બેસે  ક) સાચવે  ડ) હાલચાલ

## માતૃભાષાની મહેક

ઔષધિ ત્રણ પ્રકારની છે. દૈવવ્યપાશ્રય,યુક્તિવ્યપાશ્રય અને સત્વાવજય. મંત્ર, હોમ, નિયમ, પ્રાયશ્ચિત, ઉપવાસ, પ્રણામ, તીર્થગમન વગેરેને દૈવવ્યપાશ્રય ઔષધ કહે છે. યુક્તિપૂર્વક ખોરાક, દવા વગેરેના સેવનને યુક્તિવ્યપાશ્રય ઔષધ કહે છે અને હાનિકારક કાર્યો તેમ જ વિચારોમાંથી મનને રોકવાના કાર્યને સત્વાવજય ઔષધ કહે છે.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ACOUSTICS ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) માટી  બ) આંકડા  ક) સ્વભાવ  ડ) ધ્વનિ

## ઈર્શાદ

બનાવટની છે બલિહારી ઉકરડા બાગ થઈને બેઠા,
ન જાતે જોઈ શકતા તે જગ ચિરાગ થઈને બેઠા.
– કરસનદાસ માણેક

## સુડોકુ-૭૦૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૯ | ૭ | | ૧ | | |
| ૭ | | | ૩ | | | | | ૫ |
| ૫ | | ૩ | | | | | ૭ | |
| | | ૪ | ૨ | | | | | |
| | | ૧ | ૭ | | ૪ | ૨ | | |
| | | | | | ૧ | ૯ | | |
| | ૫ | | | | | ૪ | | ૮ |
| ૮ | | | | | ૩ | | | ૯ |
| | | ૬ | | ૮ | ૯ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૯ | ૭ | ૫ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૮ | ૬ | ૪ | ૨ | ૯ | ૧ | ૩ | ૫ | ૭ |
| ૭ | ૧ | ૫ | ૬ | ૪ | ૩ | ૨ | ૮ | ૯ |
| ૩ | ૯ | ૨ | ૫ | ૮ | ૭ | ૧ | ૪ | ૬ |
| ૧ | ૪ | ૬ | ૩ | ૨ | ૯ | ૮ | ૭ | ૫ |
| ૫ | ૮ | ૭ | ૧ | ૬ | ૪ | ૯ | ૩ | ૨ |
| ૪ | ૫ | ૮ | ૯ | ૭ | ૨ | ૬ | ૧ | ૩ |
| ૬ | ૨ | ૩ | ૮ | ૧ | ૫ | ૭ | ૯ | ૪ |
| ૯ | ૭ | ૧ | ૪ | ૩ | ૬ | ૫ | ૨ | ૮ |

## માઈન્ડ ગેમ

ધાતુ ઓગાળવી, નવાં વાસણ બનાવવાં જેમ કે એરણ, હથોડી, ભઠ્ઠા વગેરે તૈયાર કરનાર ઈસમ કયા નામે ઓળખાય છે?

અ) કડિયો  બ) લુહાર
ક) કંસારા  ડ) સુથાર

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| તુરીયા | Ridge Gourd |
| ગલકા | Sponge Gourd |
| પરવળ | Pointed Gourd |
| દૂધી | Bottle Gourd |
| કારેલા | Bitter Gourd |

ઓળખાણ પડી?
ઉમરો

ગુજરાત મોરી મોરી રે
પ્રાણીનું વર્તન

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
અણઘડ

માઈન્ડ ગેમ
સલાટ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ધીરેન્દ્ર ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) ડૉ. પ્રકાશ કટકિયા (૭) ભારતી પ્રકાશ કટકિયા (૮) વિભા મહેશ્વરી (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મુલરાજ કપૂર (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) નીતા મુલરાજ કપૂર (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) મહેન્દ્ર લોઢાવિયા (૧૮) નુતન વિપીન (૧૯) મીનળ કાપડિયા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) ભાવના કર્વે (૨૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૫) કલ્પના આશર (૨૬) અરવિંદ કામદાર (૨૭) મહેશ દોશી (૨૮) પ્રવીણ વોરા (૨૯) અંજુ ટોલિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) ભારતી બુચ (૩૩) જયત્સના ગાંધી (૩૪) રમેશ દલાલ (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) અમીશી બંગાળી (૪૧) નિખિલ બંગાળી (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) મહેશ સંઘવી (૪૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૫) હેમા હરીશ ભટ્ટ (૪૬) નિતિન બજરિયા (૪૭) અશોક સંઘવી (૪૮) જગદીશ ઠક્કર

feedback@bombaysamachar.com

**સ્વાસ્થ્ય સુધા**

**શ્રીલેખા યાજ્ઞિક**

# મકરસંક્રાંતિના દિવસે સુપાચ્ય વાનગી ખીચડીની છે બોલબાલા

**મકરસંક્રાંતિ** એટલે કે ઉત્તરાયણના દિવસે ખાસ ખવાય છે, ‘ખીચડી ’

જે સુપાચ્ય ભોજન તરીકે સંપૂર્ણ ભારતની લોકપ્રિય વાનગી ગણાય છે. મકરસંક્રાતિના દિવસે તલ-સિંગ-મમરાની ચિક્કી, બોર, ઊંધીયું-પૂરી-જલેબી જેવી સ્વાદિષ્ટ વાનગીની સાથે ખાસ તીખી-મીઠી ખીચડીની લહેજત માણવામાં આવે છે.

હિન્દુ ધર્મમાં મકરસંક્રાંતિને ‘ખીચડી પર્વ’ તરીકે ઓળખવામાં આવે છે. સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ થવાની સાથે ‘ખીચડી પર્વ’ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે સર્વેના ઘરે મસાલેદાર ‘ખીચડી’ કે સૂકામેવો તથા મરી-મસાલાથી તૈયાર કરવામાં આવેલાં સ્વાદિષ્ટ ગળ્યો ‘ખીચડો’ ખાવાની પરંપરા જોવા મળે છે. ગરીબો, જરૂરિયાતમંદ, સાધુ, આચાર્યો, પુરોહિત વગેરેને સૂકી ખીચડીનું દાન કરવામાં આવે છે. લોકોને મફત ભોજન કરાવવામાં આવે છે. એવી માન્યતા છે કે મકરસંક્રાંતિના દિવસે ખીચડીનું દાન કરવાથી ભગવાન સૂર્યદેવની વિશેષ કૃપા મળે છે. ખીચડીનો સંબંધ કોઈને કોઈ ગ્રહની સાથે સંકળાયેલો જોવા મળે છે. તેથી જ શાસ્ત્રો અનુસાર ખીચડીને નવગ્રહનો પ્રસાદ ગણવામાં આવે છે. એવી પણ માન્યતા છે કે ખીચડીમાં વાપરવામાં આવતાં ચોખાનો સંબંધ ચંદ્રમાની સાથે સંકળાયેલ છે. ખીચડીમાં ઉપયોગમાં લેવાતી વિવિધ દાળનો સંબંધ શનિદેવ સાથે છે. હળદરનો સંબંધ ગુરુદેવ સાથે સંકળાયેલો છે. ઉપયોગમાં લેવાતી વિવિધ શાકભાજીનો સંબંધ બુધ દેવ સાથે છે. ખીચડીમાં ઉપયોગમાં લેવાતાં ઘીનો સંબંધ સૂર્યદેવ સાથે છે. ખીચડીની સાથે ગોળ ખાવાની પરંપરા જોવા મળે છે. ગોળનો સંબંધ મગંળ ગ્રહ સાથે સંકળાયેલો જોવા મળે છે. તેથી જ મકરસક્રાંતિની ખીચડી ખાસ ગણાય છે. વૈજ્ઞાનિક્તાના આધાર મુજબ મકર રાશિમાં સૂર્યનો પ્રવેશ થવાની સાથે વાતાવરણમાં ગરમી ધીમે ધીમે વધવા લાગે છે. ખીચડીને સુપાચ્ય વાનગી ગણવામાં આવે છે. એવું કહેવાય છે કે ઠંડીની મોસમમાં મસાલેદાર વાનગીઓની સાથે, સૂકોમેવો તથા તેજાનાથી ભરપૂર વસાણાની મઝા ઘણી માણી લીધી. હવે ઘી-ખાંડ જેવી સફેદ વસ્તુનો ઉપયોગ ઓછો કરવો જોઈએ. જેથી વ્યક્તિનું આરોગ્ય વર્ષભર જળવાઈ રહે.

મકરસંક્રાંતિના ખીચડી ખાવાની પ્રથા કઈ રીતે શરૂ થઈ : મકરસંક્રાંતિના દિવસે ખીચડી ખાવાની પ્રથા ભગવાન શિવજીના પરમ ભક્ત બાબા ગોરખનાથ સાથે સંકળાયેલો છે. પૌરાણિક કથા અનુસાર ખીલજીની સેના સામે યુદ્ધ કરવાને કારણે બાબા ગોરખનાથને ભોજન બનાવવાનો સમય મળતો ન હતો. જેને કારણે અનુયાયી યોગી સૈન્યને ભૂખ્યા સૂવું પડતું હતું. ભૂખને કારણે તેઓ નબળાઈ અનુભવવા લાગ્યા. આ સમસ્યાના નિકાલ સ્વરૂપે બાબા ગોરખનાથે દાળ-ચોખા-શાકભાજીને ભેગા કરીને ખાસ વાનગી બનાવવાની શરૂઆત કરી. જે ‘ખીચડી’ને નામે ઓળખાવા લાગી. આ વાનગીની વિશેષતા જોઈએ તો તેને બનાવવાનો સમય ઓછો લાગતો. વળી તેને ગ્રહણ કર્યા બાદ યોગીઓમાં શક્તિનો સંચાર થતો. તેથી જ પ્રતિવર્ષ બાબા ગોરખનાથને ખીચડીનો ખાસ ભોગ અપર્ણ કરવામાં આવે છે. ખીચડીનો મેળો ગોઠવવામાં આવે છે. ખીચડીના સહાયક વ્યંજન કે ખીચડીના ‘ચાર યાર’ તરીકે દહીં, પાપડ, અથાણું તેમજ ઘીનો સમાવેશ કરવામાં આવે છે. એવી પણ માન્યતા છે કે મકરસંક્રાંતિના દિવસે નવા ધાન્યનો ખીચડો ખાવાથી વર્ષભર તંદુરસ્તી જળવાઈ રહે છે. ‘ખીચડો’ નામ એટલા માટે પડ્યું કે તેમાં દાળ-ચોખાની સાથે સૂકોમેવો, તેજાના તેમજ શાકભાજીનો ભરપૂર ઉપયોગ કરીને બનવવામાં આવતો હોય છે.

મકરસંક્રાંતિને વિવિધ રાજ્યોમાં અલગ અલગ રીતે મનાવવામાં આવે છે. જેમ કે કેરળ, આંધ્ર પ્રદેશ, કર્ણાટકમાં સંક્રાંતિ, તમિલનાડુમાં પોંગલ, પંજાબ-હરિયાણામાં લોહડી, આસામમાં બિહૂ, બિહાર-ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ગુજરાતમાં મકર-સંક્રાંતિ તરીકે ઉજવવામાં આવે છે. ખીચડીને સ્વાસ્થ્ય માટે ઔષધી ગણવામાં આવે છે. આયુર્વેદ ચિકિત્સા મુજબ જલનેતીની પ્રક્રિયા બાદ ફક્ત ખીચડી ખાવાની સલાહ આપવામાં આવે છે. સંસ્કૃતમાં ખીચડી-ખીચડો શબ્દ ‘ખિચ્ચા’ ઉપરથી આવ્યો છે. મોગલ કાળમાં ખીચડી લોકપ્રિય વાનગી હતી. ૧૬મી સદીમાં મોગલ બાદશાહ અકબરના મંત્રી અબુલ-ફઝલ દ્વારા લખવામાં આવેલાં દસ્તાવેજોમાં વિવિધ રીતે ખીચડી પકાવી શકાય તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ■





## ખીચડી ખાવાના ફાયદા

**પચવામાં સરળ :** સ્વાસ્થ્ય નરમ-ગરમ હોય ત્યારે પચવામાં સરળ વાનગી ખાવાની સલાહ નિષ્ણાત ડૉક્ટર આપતાં હોય છે. ખીચડી પચવામાં સરળ હોવાથી બીમાર વ્યક્તિ, વયસ્કો તથા બાળકો માટે સુપાચ્ય આહાર ગણાય છે. તેના સેવન બાદ પેટ ભરેલું લાગે છે. માફકસર મસાલાનો ઉપયોગ કરીને બનાવી હોવાથી આફરો, એસિડીટી કે અપચાની સમસ્યાથી બચાવે છે.

**ગ્લુટેન ફ્રી :** ખીચડીમાં મગની દાળ, તુવેરની દાળ, અડદ, બાજરી, જુવાર કે ચણાની દાળનો ઉપયોગ ચોખા સાથે કરવામાં આવે છે. વળી તેમાં વિવિધ શાકભાજીને ઉમેરવામાં આવે છે. તેથી પૌષ્ટિક બને છે. વળી તેમાં ઘઉંનો ઉપયોગ થતો નથી. તેથી ગ્લુટેન ફ્રી હોવાને કારણે ગ્લુટેન ના પચતું હોય તેમને માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. સિલિએક રોગમાં ખીચડી ખાવી હિતાવહ છે.

**પ્રોટીનથી ભરપૂર :** દાળ, ચોખા તથા વિવિધ શાકભાજીનો ઉપયોગ કરીને બનતી હોવાને કારણે ખીચડી સંપૂર્ણ આહાર ગણાય છે. વળી વ્યક્તિની પ્રોટીનની જરૂરિયાત ખીચડી ખાવાથી પરિપૂર્ણ બને છે. જે લાંબેગાળે સ્વાસ્થ્ય માટે લાભકારી બને છે.

**પોષણથી ભરપૂર :** ખીચડી સુપાચ્ય હોવાની સાથે પૌષ્ટિક આહાર ગણાય છે. તેની ન્યૂટ્રિશનલ વેલ્યુ ઊંચી જોવા મળે છે. શરીરની આવશ્યક્તા અનુસાર ખીચડીમાં ફાઈબર, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, ડાયેટરી ફાઈબર, હેલ્થી ફેટ્સ, માઈક્રોન્યૂટ્રિએન્ટસ્ સમાયેલાં હોય છે. રાત્રિના સમયે ખીચડીનું સેવન સપ્તાહમાં બેથી ત્રણ વખત કરવાથી શરીર સ્ફૂર્તિલું બનશે. પાચનક્રિયામાં સુધારો આવશે.

**શરીરને ડિટોક્સિફાય કરવામાં મદદરૂપ :** ખીચડીનું સેવન શરીરમાં જમા થયેલાં કચરાને બહાર કાઢવામાં મદદરૂપ છે. રેસ્ટોરાંમાં વારંવાર ખાવાથી કે જંકફૂડનું સેવન કરવાથી ફ્રી રેડિકલ્સ, ઑક્સિડૅન્ટ કે ફૂડ પોઈઝનિંગ જેવી સમસ્યા બાદ ખીચડીનું સેવન હિતાવહ ગણાય છે. ખીચડીનું સેવન કરવાથી શરીરનો ખરાબ કચરો બહાર નીકળી જાય છે. તેથી જ ડૉક્ટર્સ પેટ સંબંધિત તકલીફ વખતે દર્દીને હલકી-ફૂલકી ખીચડી ખાવાની સલાહ આપે છે.

ધર્નુમાસમાં ડાકોરના ઠાકોરને ખાસ ખીચડાનો ભોગ ધરાવવામાં આવે છે. જેમાં ભરપૂર પ્રમાણમાં સૂકોમેવો ઉપયોગમાં લેવામાં આવે છે. ઘીની સાથે લીલી હળદર, આદું તેમજ દાળ-ચોખાનો ઉપયોગ કરવામાં આવે છે. આ ખીચડાની ખાસ વાત છે કે ખારેકને હળદરમાં રગદોળીને થોડો સમય રાખ્યા બાદ તૈયાર થતી ખીચડીમાં ઉમેરવામાં આવે છે.

ખીચડીની વિવિધતા જોઈએ તો તુવેરની દાળની છૂટ્ટી ખીચડી, મગની દાળની નરમ ખીચડી, મગની લીલી દાળની ખીચડી, બાજરાની ખીચડી, સાબુદાણાની ખીચડી, અડદની દાળની ખીચડી, વિવિધ દાળને ભેગી કરીને બનાવવામાં આવતી ખીચડી, શાકભાજીથી ભરપૂર મસાલા ખીચડી. પાલક ખીચડી.

### શાકભાજી વાળી સાત્ત્વિક ખીચડી :



**સામગ્રી :** ૧ વાટકી મગની પીળી દાળ, અડધી વાટકી મગની ફોતરાવાળી લીલી દાળ અથવા તુવેરની દાળ,૧ વાટકી બાસમતી ચોખા અથવા ૧ વાટકી ઈન્દ્રાયણી ચોખા, ૫ વાટકી પાણી, શાકભાજીઃ ફ્લાવર, ફણસી, રિંગણ, બટાકા, ગાજર, વટાણા ૧ મોટો બાઉલ, ૧ નાની વાટકી સૂકું નાળિયેર ખમણેલું, ૧ નાની ચમચી હિંગ, સ્વાદાનુસાર મીઠું, ૧ નાની ચમચી હળદર, ૧ ચમચી ખમણેલું આદું, ૪ નંગ વઘારના લાલ મરચાં, ૨ નંગ તમાલપત્ર, ૧ ટુકડો તજ, ૪ નંગ લવિંગ, ૧ નંગ જાવંત્રિ, વઘાર માટે રાઈ, ૪ ચમચા ઘી, ૧ ચમચો તેલ. સજાવટ માટે કોથમીર

**બનાવવાની રીત :** સૌ પ્રથમ દાળ-ચોખાને વ્યવસ્થિત સાફ કરીને અડધો કલાક પાણીમાં પલાળી રાખવા. પિત્તળની કડાઈમાં ૧ ચમચો ઘીને ધીમા તાપે ગરમ કરવું. કાપેલાં શાકભાજીને સાંતળી લેવાં. તેને અન્ય પ્લેટમાં કાઢી લેવાં. ત્યારબાદ વધુ ૧ ચમચો ઘી તથા ૧ ચમચો તેલ ઉમેરીને વઘારની તૈયારી કરવી. રાઈ નાંખીને તતડે એટલે લાલ મરચાં, હિંગ, લિમડો, તમાલપત્ર, તજ વગેરે સાંતળવું. હવે તે જ કડાઈમાં પલાળેલાં દાળ-ચોખા ભેળવીને ધીમે ધીમે પાણી ઉમેરવું. સ્વાદાનુસાર મીઠું, હળદર ભેળવવાં. ધીમા તાપે ખીચડીને પકાવવી. સ્વાદિષ્ટ ખીચડી ખાવાની ઈચ્છા હોય તો ખીચડી હમેંશા બહાર પકાવવી. પ્રેશરકુકરમાં તેનો સ્વાદ બદલાઈ જાય છે. ખીચડી અધકચરી પાકી ગયેલી લાગે એટલે તેમાં સાંતળેલાં શાકભાજી ઉમેરી દેવાં. ધીમા તાપે પકાવવું. વઘારિયાંમાં ઘી ગરમ કરવું તેમાં હિંગ, તજ, લવિંગ, મરીનો ભૂકો ભેળવીને તૈયાર ખીચડીની ઉપર ચારેબાજુ વઘાર ફેલાવવો. કોથમીરથી સજાવીને ગરમાગરમ ખીચડીને તેના ‘ચાર-યાર’ દહીં, પાપડ, અથાણું તથા ઘી રેડીને પીરસવી.

---

feedback@bombaysamachar.com

**વ્યંગ**

**ભરત વૈષ્ણવ**

# ચડેલી પતંગ કે પત્ની કોઇના કાબૂમાં રહે છે ખરી?



‘ગિરધરલાલ, હું મુંઝાઇ ગયો છું. મારા ગળામાં શોષ પડે છે. ગાત્રો શિથિલ થઇ ગયા છે. પાર્થને કુરુક્ષેત્રમાં મુરલીધર માધવનું માર્ગદર્શન (વોર ગાઇડન્સ) મળેલું .... તમે મને માર્ગદર્શન આપો.’ રાજુએ મારી પાસે આવી આર્તનાદ કર્યો. રાજુને કયાં મહાભારતનું યુદ્ધ એટલે આરપારનું યુદ્ધ લડવાનું હતું?

‘રાજુ, તારે શેનું માર્ગદર્શન જોઇએ છે, વત્સ?’ મેં રાજુને ઢઢાથી કેડેથી ઊભો કર્યો. મારી બાજુમાં ખુરશી પર બેસાડ્યો. રાજુએ હાથમાં બેન્ડએડની પટ્ટી લગાવેલી. દોરીના બે-ત્રણ પીલા અને કોડી પતંગ, ગુંદરપટી લઇને મારા ઘરે મકર સંક્રાતિના આગલે દિવસે આવેલો. આંખે કાળા ગોગલ્સ. કાલે કાલે મુખડે પે કાલા કાલા ચશ્મા...ચાર પાંચ જાતના શંખને બદલે પિપુડાં. રાજુ પિપુડાનાદ કરતો જ મારા ઘરે આવેલો. રાજુ બડી ઉમ્મીદ લઇને મારા ઘરે ગુડાયેલ.

(આ શબ્દ ગુજલીશ છે. ગુડ એટલે સારું અને આવેલ શબ્દ ગુજરાતી. અત્રે ભળતોસળતો અર્થ કરવાની છૂટ છે.)

‘ગિરધરલાલ, આવતી કાલે ઉત્તરાયણ એટલે મકર સંક્રાંતિ છે. રાજસૂય યજ્ઞમાં શણગારેલ અશ્વ છૂટો મુકવામાં આવતો હતો. જેમ કોઇ રાજા અશ્વને પકડીને ન બાંધે તો યુધ્ધ કરવામાં આવતું ન હતું મારે પણ પતંગસૂય યજ્ઞ સફળ કરવો છે. તમે માર્ગદર્શન આપો.’ રાજુએ વીનિતભાવે મને કાકલૂદી કરી.

અલબત, કૂવામાં હોય તો હવાડામાં આવે એમ કહેવાય છે. ‘પતંગવીર’ તરીકે પેથાપુર કે પેરિસમાં મારા નામના સિક્કા પડતા નથી. જિંદગીમાં ભૂલભૂલમાં ઢીલમાં કોઇ પૂંછિડ્યો પતંગ કાપ્યો હશે.

‘જો રાજુ, પતંગના પેચ અને યુદ્ધમાં ક્યારેય રણછોડ ન થવું. જ્યારે કોઇ હાથ પાસેથી જઘન્ય રીતે આપણે પતંગ કાપી જાય તો વિચલિત થવાનું નહીં. એક ગર્લફ્રેન્ડ જાય તો બીજી મળે છે તેમ તું નહીં તો ઔર સહી જેવું સકારાત્મક વલણ અને સંવેદના રાખવાની..’ મેં રાજુને પતંગેરી સલાહ આપી.

‘ઓકે ગિરધરલાલ. બીજું કંઇ?’ રાજુએ શિષ્યભાવે પૂછ્યું.

‘જો, રાજુ જીવનમાં ગમે તેટલું નુકસાન થાય તો પણ પોઝિટિવ રહેવા મોટિવેશનલ સ્પિકરો રૂપિયા વસૂલીને સલાહ આપે છે. માનો કે પતંગના પેચમાં તારી પતંગ કપાઇ જાય તેમ છતાં ‘શકટનો ભાર શ્ર્વાન તાણે’ તેમ તેં પતંગ કાપ્યો હોય તેવો હાઇપ ક્રિએટ કરવો. સોશિયલ મીડિયામાં નકલી જૂઠ સત્ય તરીકે પિરસાય છે. જગત પરાજિતનો આદર કરતું નથી. ઇતિહાસ વિજેતાનો હોય, પરાજિતનો નહીં એ વાત મગજમાં હંમેશાં યાદ રાખવી. આપણો પતંગ કપાયા છતાં કાપ્યો છે તેમ બૂમ મારવાથી કોઇ આપણો દાવો સાચો છે કે ખોટો તેનું ક્રોસ ચેકિંગ કરતા નથી.’ મેં રાજુને હકારાત્મક સત્ય પિરસ્યું.

‘વાઇસ ગાઇડન્સ. આઇ એમ ઇમ્પ્રેસ્ડ.’ રાજુએ મારી સલાહની પ્રસંશાત્મક નોંધ લીધી.

‘રાજુ, પતંગની દોરી અને જિંદગીમાં ધ્યાન ન આપો તો ગૂંચો પડવાની જ છે. જિંદગીની ગૂંચ કોઇની મદદ, માર્ગદર્શન કે કોઇની મહેરબાની ઉકેલી શકાય છે, પરંતુ પતંગની દોરીમાં પડેલી ગૂંચ ઉકેલવા જાવ એટલે ગૂંચ ઉકેલાવાના બદલે અવળચંડી ભટાની જેમ ગૂંચ વધતી જાય છે. ગૂંચવાયેલી દોરીનો ત્યાગ કરવો બહેતર છે.’

‘ગિરધરલાલ, પતંગનો પેચ લેવામાં શેનું ધ્યાન રાખવું જોઇએ?’ રાજુએ સવાલ પૂછયો.

‘હે પતંગબાહુ, પત્ની કે સાસુ સાથે લડવામાં જેટલી કાળજી રાખવી જોઇએ તેટલું કે તેનાથી વધુ ધૈર્ય પતંગના પેચમાં રાખવાનું રહે છે. હાથમાંથી જઇ રહેલી પતંગને કુનેહથી પેચમાં બચાવવાની નથી, પરંતુ આપણી નબળી દોરી, ઝોલ ખાતી પતંગથી સામેની પતંગ કાપવાની છે. પતંગના પેચમાં કળ, બળ અને છળનો યથાશક્તિ અને યથામતિ યથેચ્છ પ્રસંગે ઉપયોગ કરીએ તો કપાયેલી પતંગ પણ આપણા ચરણ ચૂમે છે.’ મેં પતંગના પેચનું કૌશલ્ય રાજુને શીખવાડયું.

‘ગિરધરલાલ, પવન પડી ગયો હોય કે પવન સામે હોય ત્યારે પતંગ કેવી રીતે ચગાવવી?’ રાજુએ માર્ગદર્શન માગ્યું.

‘રાજુ, આ સ્થિતિને વિપરીત યોગ કહેવાય. પવન પડી ગયો હોય ત્યારે ઠૂમકા મારી કે છણકા કરીને પતંગને આકાશમાં ચગાવવા કે સ્થિર રાખવા ઘણા પાપડ વણવા પડે છે. જેમાં ફાવટ ન હોય તો રણ છોડવામાં કોઇ વાંધો હોતો નથી. પતંગ ચગાવવો એ પ્રતિષ્ઠિા કે સ્ટેટસનો ઇસ્યુ હોતો નથી. પતંગને નીચે ઉતારી અનુકૂળ પવનની રાહ જોતાં તલસાંકળી, મમરાના લાડુ, બોર, જામફળ, શેરડી ખાઇને મેદાનમાં પાછા ફરવા નવી ઉર્જાનો સંચય કરી લેવામાં જ શાણપણ છે.’ મે રાજુને વિપરીત યોગમાં રણછોડ ઉત્તમ હોવા અંગે યત્કિંચિત્ જ્ઞાન આપ્યું.

‘પતંગ ચગાવવા કે પતંગ લૂંટવાના કંઇ પ્રવૃતિ ઇષ્ટ છે?’ રાજુનો સવાલ.

‘રાજુ, મનોવિજ્ઞાનમાં ત્રણ સંઘર્ષની પરિસ્થિતિ હોય છે. પતંગ ચગાવવો કે પતંગ લૂંટવો એ બંને પ્રિય પ્રવૃતિ છે. બંને પ્રવૃત્તિમાંથી એકને પસંદ કરવી. ઉત્તરાયણે પતંગ લૂંટીને વાસી ઉત્તરાયણે લૂંટેલી પતંગ ઉડાડવી એ શાણપણ નથી....’

‘ગિરધરલાલ, ઘણા લોકોને તમારી જેમ પત્ની વશ કે પરવશ કરવામાં તકલીફ પડે છે. પતંગના પેચમાં આવું કંઇ હોય છે?’ રાજુ રદીએ ગૂગલી ફેંકી.

‘હે વત્સ, પત્નીને કાબૂમાં રાખવાની કોઇની કારી સફળ થઇ નથી. આકાશમાં ઉપર ચડેલી પતંગ કે પત્ની, કદી કોઇના કાબુમાં રહેતી નથી. ખુદ ભગવાન રામ પણ પત્નીને અધીન હતા. સોનાના મૃગનો શિકાર કરવા ઝૂંપડી છોડી ગયા અને રામાયણ સર્જાઇ. સામ, દામ, દંડ અને ભેદથી પણ પતંગ કે પત્ની કાબૂમાં રહેતા નથી માટે આકાશમાં ઉડતા પતંગને કેટલી ઢીલ દેવી, ક્યારે પતંગની દોરી ખેંચીને નીચે લાવવી એ કળા છે. બંનેને અસંતોષ થાય તો કોકની તરફ નમે છે. આ પરિસ્થિતિ હેન્ડલ કરવા માટે પુષ્કળ પ્રયાસ કરવા પડે છે. અન્યથા બંનેને ગુમાવવા પડે છે.’

હે વાચકશ્રેષ્ઠ, તમે પતંગ ઉડાડવાની જ્ગ્યાએ મારા જેવા લેખકનો ‘પતંગ ચગાવવાની કળા’ પર આ લેખ વાંચવા કયાં બેઠા?! તરવાનું શીખવાની સરળ રીતોનું વાંચન કરવાથી તરવાની કળા પ્રાપ્ત ન થાય. પતંગ ચગાવો, આનંદ ઉઠાવો... જયજય ગરવી પતંગ! ■

---

feedback@bombaysamachar.com

**આરોગ્ય પ્લસ**

**સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા**

# બધાને અકળાવતો આ ડેન્ગ્યૂ શું છે?



એક પ્રકારના મચ્છર અને ગંદા પાણીના પરિણામે વારંવાર ડેન્ગ્યૂની બીમારી વાર-તહેવારે લોકોને પજવી જતી હોય છે.

### શું છે ડેન્ગ્યૂનાં લક્ષણ

- માથામાં દુઃખાવો, શરીરમાં કળતર, બેચેની તથા અશક્તિ થવી, સ્નાયુ અને સાંધાઓમાં દુઃખાવો થવો, આંખો દુઃખવી, ઊલટી, ઉબકા આવવા.
- પેટમાં દુઃખાવો થવો અને ઝાડા થવા.
- ચામડી ઉપર લાલાશ પડતા ટપકાંવાળા રેસા થવા.

ડેન્ગ્યૂ થવાનાં કારણ

- ડેન્ગ્યૂના વાઇરસનો ચેપ લાગેલું મચ્છર જયારે વ્યક્તિને કરડે ત્યારે ડેન્ગ્યૂનો તાવ આવે છે.

### ડેન્ગ્યૂમાં આહાર શું લેવો ?

- સાતથી દસ દિવસ સુધી અનાજ બંધ કરી માત્ર ફ્રૂટજ્યૂસ, લીંબુ અને નાળિયેરનું પાણી વગેરે પ્રવાહી પર જ રહેવું.
- પપૈયું અને પપૈયાના પાનનો જ્યૂસ આ રોગનો અકસીર ઇલાજ છે.
- બાફેલી વસ્તુ, લીલા શાકભાજી અને ફ્રૂટ લેવા.
- ગળ્યાં, તળેલાં, ખાટાં અને તીખા પદાર્થો ન લેવા.



### ડેન્ગ્યૂના ઉપચાર :

- અડધો કપ પપૈયાના પાનનો રસ કાઢી કપડાથી ગાળીને પીવો.
- ૧ કપ પાણીમાં અડધી ચમચી મેથીના દાણા નાખીને અડધો કપ પાણી રહે ત્યાં સુધી ઉકાળીને ગાળી લેવું. આવું પાણી દિવસમાં ૩ વાર પીવું.
- લીમડાના પાનના રસમાં ૧ ગ્રામ મરીનું ચૂર્ણ મેળવી સવાર-સાંજ પીવું.
- ૨ કપ પાણીમાં તુલસીના ૨૦ પાન તથા ૫ નંગ મરી ૫ મિનિટ સુધી ઉકાળી, તેને ગાળી દિવસમાં બે વાર પીવું અથવા તુલસીના પાનને ચાવવાથી પણ ડેન્ગ્યૂની ગરમી ઘટે છે.
- ૨૦ ગ્રામ કડુ, ૨૦ ગ્રામ કરિયાતું અને ૧ ચમચી ખાંડેલા મરી ૧ કપ પાણીમાં ઉકાળીને ગાળીને દિવસમાં ૨ વાર, સવાર-સાંજ પીવું.

### સાવધાની

- ડેન્ગ્યૂનો ફેલાવો કરતા મચ્છરો વધુ પ્રમાણમાં અસ્વચ્છ-ગંદા પાણીમાં જ રહેતા હોય છે. માટે પાણી ભરેલાં વાસણો, ટાંકી, કૂંડાં વગેરે ખુલ્લાં ન રાખવાં.
- ડેન્ગ્યૂના દર્દીએ સંપૂર્ણપણે પથારીમાં આરામ કરવો, જેથી બીમારી વધુ ગંભીર થતી અટકાવી શકાય.
- ડેન્ગ્યૂના દર્દીને સમૂહમાં ન રાખતા અલગ રાખવો.
- દર્દીએ તથા પરિવારના અન્ય સભ્યોએ મચ્છરથી દૂર રહેવું, જેથી ડેન્ગ્યૂનો ચેપ બીજાને ન લાગે.
- શકય હોય તેટલું ઠંડા વાતાવરણમાં રહેવું, કેમ કે એવા વાતાવરણમાં મચ્છર ઓછા હોય છે.
- ડેન્ગ્યૂના મચ્છરો રાત્રિ કરતાં દિવસે, પરોઢીએ તથા સંધ્યા સમયે વધારે હોય છે. તે સમયે બહાર ઓછું રહેવું. ■

# લાડકી બહેન યોજનામાંથી અપાત્ર લાભાર્થીઓ સ્વેચ્છાએ પાછા ખસે, નહીંતર દંડ કરવો જોઈએઃ ભુજબળ

નાશિકઃ એનસીપીના નેતા છગન ભુજબળે સોમવારે એવી માગણી કરી હતી કે પાત્રતાના ધોરણોનું ઉલ્લંઘન કરીને લાડકી બહેન યોજનાનો લાભ મેળવનારી મહિલાઓએ સ્વેચ્છાએ તેમના નામ પાછા ખેંચી લેવા જોઈએ અને જો તેઓ ન ખેંચે તો સરકારે તેમને દંડ ફટકારવો જોઈએ.

મહારાષ્ટ્ર સરકારની લાડકી બહેન યોજના હેઠળ આર્થિક રીતે વંચિત વર્ગની લાયક મહિલાઓને માસિક ૧,૫૦૦ રૂપિયાની રોકડ સહાય મળે છે.

'મને લાગે છે કે જે મહિલાઓ યોજનાના નિયમોનું પાલન કરતી નથી અથવા પાત્રતા માપદંડોને પૂર્ણ કરતી નથી, તેમણે જાતે જ પોતાના નામ પાછા ખેંચી લેવા જોઈએ. જો તેઓ આમ કરવામાં નિષ્ફળ જાય, તો સરકારે તેમને દંડ ફટકારવો જોઈએ,' એમ ભુજબળે નાસિક જિલ્લાના તેમના વિધાનસભા મતવિસ્તાર યેવલામાં પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે સરકારે અપાત્ર મહિલાઓને મહિનાઓથી મળેલી નાણાકીય સહાય પરત કરવા માટે ન કહેવું જોઈએ.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપી દ્વારા તેમને રાજ્ય પ્રધાન મંડળમાં સામેલ ન કરવામાં આવતા ભુજબળ નારાજ છે.મહારાષ્ટ્રમાં 'લાડકી બહેન યોજના' ના ૨.૪૩ કરોડથી વધુ લાભાર્થીઓ છે, જેના કારણે રાજ્યના ખજાના પર દર મહિને આશરે ૩,૭૦૦ કરોડ રૂપિયાનો બોજ પડે છે.

## છગન ભુજબળ કૉંગ્રેસની પડખે ચડશે?

### જાતિ આધારિત વસતી ગણતરીની માગણી કરી, ઓબીસી સમુદાયોને એકઠા કરવા પર ધ્યાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના પ્રધાન મંડળમાં સ્થાન ન મળવાથી નારાજ છગન ભુજબળ હવે ઓબીસી સમાજના મેળાવડાઓ આયોજિત કરીને પોતાની તાકાત વધારી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે, આ બધાની વચ્ચે તેમણે કૉંગ્રેસની જાતિ આધારિત વસતી ગણતરીની માગણીનો પુનરોચ્ચાર કરતાં રાજ્યના રાજકીય વાતાવરણમાં ખળભળાટ ફેલાયો છે. શું તેઓ એનસીપી અને ભાજપથી નિરાશ થઈને કૉંગ્રેસને પડખે ચડવા માગે છે એવા પ્રશ્નો થઈ રહ્યા છે. તેમણે પોતાની મહાત્મા ફૂલે સમતા પરિષદના બેનર હેઠળ વિવિધ સામાજિક સંગઠનો દ્વારા આક્રમક રીતે ઓબીસીને એકત્ર કરવાનું શરૂ કર્યું છે. રવિવારે માળી સમુદાયના યુવાનોના એક મેળાવડામાં ભુજબળે નારાજી વ્યક્ત કરી હતી કે ઓબીસીની લડાયક ભાવના ઘટી ગઈ છે અને તેમણે દેશવ્યાપી જાતિ આધારિત વસતી ગણતરી કરાવવાની અથવા ભારત સરકાર પાસેથી એવી જાહેરાત કરવાની માગણી કરી હતી કે ઓબીસી ભારતની વસ્તીના ૫૧ ટકા છે. ■

# ૭/૧૧ બ્લાસ્ટના આરોપીઓ ૧૮ વર્ષથી જેલમાં સબડી રહ્યા છેઃ હાઈ કોર્ટમાં અરજી

મુંબઈઃ૧૧ જુલાઈ, ૨૦૦૬ના દિવસે થયેલા લોકલ ટ્રેન બ્લાસ્ટ કેસના આરોપીઓ નિર્દોષ હોવા છતાં છેલ્લા ૧૮ વર્ષથી જેલમાં સબડી રહ્યા છે એવી રજૂઆત વરિષ્ઠ વકીલે સોમવારે બોમ્બે હાઇકોર્ટ સમક્ષ કરી હતી. વરિષ્ઠ વકીલે હાઈકોર્ટને વિનંતી કરી કે તેઓ દોષિતોને નિર્દોષ છોડી તેમની સજા રદ કરે.

આજીવન કારાવાસની સજા પામેલા બે દોષિતનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ અનિલ કિલોર અને શ્યામ ચાંડકની વિશેષ ખંડપીઠ સમક્ષ દલીલ કરતા વરિષ્ઠ વકીલ એસ મુરલીધરે આરોપ કર્યો હતો કે તપાસ એજન્સીઓ આતંકવાદ સંબંધિત કેસોની તપાસ કરતી વખતે 'સાંપ્રદાયિક પક્ષપાત' દર્શાવતી હોવાનું નજરે પડ્યું છે.

ખંડપીઠ છેલ્લા પાંચ મહિનાથી બ્લાસ્ટ કેસ સંબંધિત અપીલો પર સુનાવણી કરી રહી છે અને દૈનિક સુનાવણી હાથ ધરી રહી છે.

૧૧ જુલાઈ, ૨૦૦૬ના રોજ પશ્ચિમ રેલવેના વિવિધ સ્થળે મુંબઇની લોકલ ટ્રેનોમાં સાત વિસ્ફોટ થયા હતા. આ વિસ્ફોટમાં ૧૮૦ થી વધુ લોકો માર્યા ગયા હતા અને અન્ય ઘણા લોકોને ઈજા થઈ હતી. સપ્ટેમ્બર ૨૦૧૫માં ટ્રાયલ કોર્ટે ૧૨ આરોપીને દોષિત ઠેરવી પાંચને ફાંસીની સજા અને સાત અન્યને આજીવન કેદની સજા ફટકારી હતી.

ત્યારબાદ મહારાષ્ટ્ર સરકારે ફરજીયાત કાનૂની જરૂરિયાત અનુસાર હાઈકોર્ટમાં અપીલ દાખલ કરીને મૃત્યુદંડની પુષ્ટિ કરવાની માગ કરી હતી. (પીટીઆઈ) ■

## બદલાપુર દુરાચારનો કેસ

# ફાસ્ટ-ટ્રેક કરોઃ હાઈ કોર્ટ

મુંબઈઃ બદલાપુરની શાળામાં ગયા વર્ષે થયેલા જાતીય શોષણના કેસમાં ટ્રાયલ ફાસ્ટ-ટ્રેક પર અને ઝડપથી ચલાવવી જોઈએ કારણ કે પીડિત બાળકીઓ ખૂબ નાની છે, એમ બોમ્બે હાઈકોર્ટે જણાવ્યું હતું.

ગયા વર્ષે ઓગસ્ટમાં, બદલાપુરની એક શાળાના સફાઇ કર્મચારીએ ચાર અને પાંચ વર્ષની માસૂમ બાળાઓ પર તેમની સ્કૂલના શૌચાલયની અંદર જાતીય હુમલો કર્યો હતો. બાદમાં તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને પૂછપરછ માટે જેલમાંથી લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે પોલીસ સાથેના ગોળીબારમાં તેનું મોત થયું હતું.

આ કેસની તપાસ કરવા માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા રચવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશનએ તેની ચાર્જશીટ દાખલ કરી છે. પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની જોગવાઈઓ હેઠળ સફાઇ કર્મચારી, શાળાના મુખ્ય શિક્ષક અને તેના મેનેજમેન્ટના બે સભ્યો સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ગઇ કાલે કોર્ટે ટ્રાયલ ફાસ્ટટ્રેક રાખવાની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે "કેસને ફાસ્ટ-ટ્રેક અને ઝડપથી ચલાવવાનો રહેશે કારણ કે પીડિત છોકરીઓ ખૂબ જ નાની ઉંમરની છે." ■

# ઘોડબંદર રોડ પર સગીરે ટેમ્પો ચલાવી બે રિક્ષાને અડફેટે લેતાં એકનું મોત

## અકસ્માત બાદ ટેમ્પો મેટ્રો માટે ખોદેલા ખાડામાં પડ્યો




**ગયા ટેમ્પો ખડ્ડેમેં...:** ઘોડબંદર રોડ પર રિક્ષાને ટક્કર માર્યા પછી ટેમ્પો મેટ્રોના કામ માટે ખોદાયેલા ખાડામાં પડ્યો હતો. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થાણે નજીક ઘોડબંદર રોડ પર ૧૫ વર્ષના સગીરે પિકઅપ ટેમ્પો આડેધડ ચલાવી બે રિક્ષાને ટક્કર મારતાં એકનું મોત નીપજ્યું હતું, જ્યારે એક જણ ગંભીર રીતે ઘવાયો હતો. રિક્ષાને અડફેટે લીધા પછી ટેમ્પો મેટ્રો કામ માટે ખોદવામાં આવેલા ખાડામાં પડ્યો હતો.

કાસારવડવલી પોલીસના જણાવ્યા મુજબ સોમવારના મળસકે અઢી વાગ્યાની આસપાસ ઘોડબંદર રોડ પરના કાંચનગંગા કોમ્પ્લેક્સ સામે બનેલી ઘટનામાં મૃત્યુ પામેલા યુવાનની ઓળખ જિતેન્દ્ર મોહન કાંબળે (૩૧) તરીકે થઈ હતી. આ પ્રકરણે ગુનો નોંધી ૧૫ વર્ષના સગીરને તાબામાં લેવાયો હતો.

મળતી માહિતી અનુસાર સગીર ટેમ્પો ચલાવીને થાણેથી મુંબઈ તરફ આવી રહ્યો હતો. ઘટનાસ્થળ નજીક સગીરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં ટેમ્પો રસ્તાને કિનારે પાર્ક બે રિક્ષા સાથે ટકરાયો હતો. પછી ટેમ્પો રસ્તાની બાજુમાં મેટ્રોના કામ માટે ખોદવામાં આવેલા ખાડામાં પડી ગયો હતો.

અકસ્માતમાં બન્ને રિક્ષામાં બેસેલા કાંબળે અને ગણેશ વિશ્વનાથ વાઘમારે (૨૯)ને ગંભીર ઇજા થઈ હતી. બન્નેને થાણેની સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબે કાંબળેને મૃત જાહેર કર્યો હતો, જ્યારે વાઘમારેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. ઘટનાને પગલે ઘોડબંદર રોડ પરનો વાહનવ્યવહાર ખોરવાયો હતો. ટ્રાફિક પોલીસે ટોઈંગ વૅનની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનો રસ્તાથી દૂર ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. વાહનો ખસેડ્યા પછી ટ્રાફિક પૂર્વવત્ થયો હતો. આ પ્રકરણે કાસારવડવલી પોલીસ વધુ કાર્યવાહી કરી રહી છે. ■

# નવી મુંબઈ ઍરપોર્ટના નામકરણ પ્રસ્તાવ પર કેન્દ્ર ચપ્પટ બેઠુંઃ આદિત્ય

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ સોમવારે નવી મુંબઈ એરપોર્ટનું નામકરણ દિવંગત નેતા ડી. બી. પાટીલ કરવાની મંજૂરી ન આપવા બદલ કેન્દ્ર સરકાર પ્રત્યે નિરાશા વ્યક્ત કરી હતી, આ બાબતનો પ્રસ્તાવ જૂન ૨૦૨૨માં મોકલવામાં આવ્યો હતો.

નવી મુંબઈ એરપોર્ટનું કામ ફેબ્રુઆરી ૨૦૧૮માં શરૂ થયું હતું અને ૨૦૨૨માં મહા વિકાસ આઘાડી સરકારે તેનું નામ 'લોકનેતે સ્વર્ગીય ડી. બી. પાટીલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક' રાખવાનો પ્રસ્તાવ મોકલ્યો હતો.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ લખીને ઠાકરેએ કહ્યું હતું કે, 'આજે ડી. બી. પાટિલની જન્મજયંતિ છે. જૂન ૨૦૨૨માં એમવીએની સરકારના પ્રધાન મંડળે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકનું નામકરણનો પ્રસ્તાવ મોકલ્યો હતો પરંતુ હજી સુધી કોઈ નિર્ણય નથી લેવાયો. ■

# રેડિયન્ટ આર્ટ એક્ઝિબિશન વિશ્વભરના દાઉદી વોહરા કલાકારો પર પ્રકાશ પાડે છે



મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં આયોજિત એક પ્રદર્શનમાં વિશ્વના વિવિધ ભાગોમાંથી ૧૩ કલાકારો તેમની કલાકૃતિઓનું પ્રદર્શન કરી રહ્યા છે. ડિસ્પ્લે પરના પચાસ આર્ટવર્કમાં સુલેખન ભૂમિતિ, પરંપરાગત રોશની પેઈન્ટિંગ્સ, ટેક્સટાઈલ આર્ટ અને મલ્ટીમીડિયા ઈન્સ્ટોલેશનનો સમાવેશ કરીને વિવિધ માધ્યમો દર્શાવવામાં આવ્યા હતા. આ પ્રદર્શનનું થીમ "નૂરન આલા નૂર" અથવા "પ્રકાશ પર પ્રકાશ હતું" જે આધ્યાત્મિક જ્ઞાનના પ્રતીક તરીકે પ્રકાશના રૂપક પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જોકે આ ખ્યાલ કુરાની પ્રાચીન પરંપરા અને ફિલસૂફી પર આધારિત છે. પ્રદર્શનના ઉદ્‌ઘાટનમાં મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્ય અમીન પટેલ, હરીશ સાલ્વેના પત્ની ત્રિના સાલ્વે, જાણીતા વરિષ્ઠ વકીલ અને ભારતના ભૂતપૂર્વ સોલિસિટર જનરલ અને ડૉ. ફિરોઝા ગોદરેજ, એક આર્ટ હિસ્ટોરીયન ઉપસ્થિત રહ્યા હતા. મુંબઈમાં શ્રીલંકાના કાર્યવાહક કૉન્સ્યુલ જનરલ શિરાની અરિયારથને અને મુંબઈમાં બહેરીન કિંગડમના વાઈસ કૉન્સ્યુલ જનરલ જેસિમ બિલજીક પણ હાજર હતા. આ પ્રદર્શન રેડિયન્ટ આર્ટ્સ દ્વારા ક્યુરેટ કરવામાં આવ્યું છે, જે વિશ્વભરના પ્રતિભાશાળી સમુદાયના કલાકારોના આર્ટવર્કને પ્રોત્સાહિત કરવા માટે દાઉદી વોહરા સમુદાયની મહિલાઓ દ્વારા સંચાલિત બિનનફાકારક ફાઈન આર્ટ પ્લેટફોર્મ છે. આ વર્ષની થીમ પર તેણીના વિચારો શેર કરતા મુંબઈ સ્થિત કલાકાર અને રેડિયન્ટ આર્ટ્સના સ્થાપક ઝૈનાબ ઈમાદુદ્દીને જણાવ્યું હતું કે, "નૂરન આલા નૂર - લાઈટ અપોન લાઈટ" એ એક પ્રદર્શન છે જે ભારત, યુએસએ, યુકે, કૈરો, કેન્યા અને હૉંગકૉંગથી દાઉદી વોહરા કલાકારોની કૃતિઓને એકસાથે લાવે છે. આ પ્રદર્શન ૧૭મી જાન્યુઆરી, સવારે ૧૧ થી સાંજે ૭.૩૦ વાગ્યા સુધી એક્ઝિબિશન હોલ, બદ્રી મહેલ, ફોર્ટ, મુંબઈ ખાતે ચાલશે. ■

# બીડના હત્યા કરાયેલા સરપંચના પરિવારનું સરકારને અલ્ટિમેટમ

## જો આરોપીઓ સામે પગલાં નહીં લેવાય તો સંતોષ દેશમુખના ભાઈની આત્મહત્યાની ધમકી



**વિરોધઃ** બીડના સરપંચ સંતોષ દેશમુખની હત્યાના કેસમાં આરોપીઓ સામે યોગ્ય પગલાં લેવાતા ન હોવાના વિરોધમાં તેના ભાઈ ધનંજય દેશમુખે ગામની પાણીની ટાંકી પર ચડીને આપઘાત કરવાની ધમકી આપી હતી.

છત્રપતિ સંભાજી નગરઃ હત્યા કરવામાં આવેલા સરપંચ સંતોષ દેશમુખના ભાઈ ધનંજય દેશમુખે મહારાષ્ટ્રના બીડમાં પાણીની ટાંકી પરથી ઝંપલાવી આત્મહત્યા કરવાની ધમકી આપી છે. હત્યા કેસની તપાસ અંગેની માહિતી તેના પરિવારને નથી આપવામાં આવતી એવો દાવો તેણે કર્યો છે. જોકે આ આંદોલન હાલ સ્થગિત કરવામાં આવ્યું છે અને સરકારને આજે સવારે ૧૦ વાગ્યા સુધીનું આરોપીઓ સામે પગલાં લેવા માટે અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે.

આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગને દોહરાવી ધનંજય દેશમુખે રવિવારે કહ્યું હતું કે પુરાવાનો નાશ થવાનો તેમને ભય છે અને જો હત્યા અને સંબંધિત ખંડણી કેસના આરોપીઓને મુક્ત કરવામાં આવે તો તેમનું અને તેના પરિવારનો પણ ભાઈ જેવો જ અંજામ આવી શકે છે.

બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખનું ૯મી ડિસેમ્બરે અપહરણ કરી ત્રાસ ગુજારી તેમની હત્યા કરવામાં આવી હતી. પવનચક્કી પ્રોજેક્ટ સાથે સંકળાયેલી એક ઊર્જા કંપની સામે ખંડણીના પ્રયાસોને રોકવાના તેમના પ્રયત્નોનો બદલો લેવા માટે કથિતરૂપે તેમની હત્યા કરવામાં આવી હતી.

પોલીસે અત્યાર સુધીમાં આ કેસ સાથે જોડાયેલા ૭ જણની ધરપકડ કરી છે. એક આરોપી હજુ ફરાર છે. છે. મહારાષ્ટ્ર સીઆઈડીની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) આ કેસની તપાસ કરી રહી હતી.

રવિવારે રાત્રે બીડમાં પત્રકારો સાથે વાત કરતા ધનંજય દેશમુખે કહ્યું કે 'મારા ભાઈની હત્યાને પાંત્રીસ દિવસ વીતી ગયા છે. અમને સીએમ (દેવેન્દ્ર ફડણવીસ) પર ભરોસો છે. હું અપેક્ષા રાખતો હતો કે તપાસ વિશેની માહિતી મારી સાથે શેર કરવામાં આવશે. પરંતુ પુરાવાનો નાશ થયા પછી જો શેર કરવામાં આવે તો માહિતીનો કોઈ અર્થ નથી.' (પીટીઆઈ) ■

## સમયસર કાર્યવાહી કરાઈ હોત તો બીડના સરપંચનો જીવ બચતઃ એનસીપી (એસપી)

છત્રપતિ સંભાજી નગરઃ એનસીપી (એસપી)ના નેતા બજરંગ સોનાવણેએ સોમવારે બીડના સરપંચ સંતોષ દેશમુખની હત્યાની તપાસ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે સસ્પેન્ડ કરાયેલા એક પોલીસ ઇન્સ્પેક્ટરને સંબંધિત ખંડણી કેસમાં આરોપી બનાવવો જ જોઇએ.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં બીડના સંસદ સભ્યએ જણાવ્યું હતું કે ખંડણી કેસમાં પોલીસ દ્વારા સમયસર કાર્યવાહી કરવામાં આવી હોત તો બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ દેશમુખનો જીવ બચી ગયો હોત. ૯ ડિસેમ્બરે દેશમુખનું અપહરણ કરવામાં કરી તેમના પર ત્રાસ ગુજારી હત્યા કરવામાં આવી હતી. પવનચક્કી પ્રોજેક્ટ ચલાવતી ઊર્જા કંપની પાસેથી પૈસા પડાવવાના પ્રયાસને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કર્યો હોવાથી સરપંચને નિશાન બનાવવામાં આવ્યા હતા મહારાષ્ટ્રના પ્રધાન અને એનસીપી નેતા ધનંજય મુંડેના સહયોગી વાલ્મિક કરાડની ખંડણી કેસમાં ધરપકડ કરવામાં આવી છે.

બીડના સંસદ સભ્ય સોનાવણેએ જણાવ્યું હતું કે 'હત્યા સુધીની સિલસિલાબંધ ઘટનાની શરૂઆત ગયા વર્ષે ૨૮ મેએ શરૂ થઈ હતી. રમેશ ઘુલે અને એક અજાણી વ્યક્તિ સામે ખંડણીનો કેસ નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ) ■

# સગર્ભા કંડક્ટર સાથે ગેરવર્તનઃ બેસ્ટનો સ્ટાફ હડતાળ પર ઊતર્યો

## લીઝ પરની ૧૦૦થી વધુ બસો રસ્તા પરથી ગાયબ થતાં મુંબઈગરા મુશ્કેલીમાં મુકાયા

મુંબઈઃ બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ ઉપક્રમ દ્વારા ભાડે લેવામાં આવેલા એક પ્રાઈવેટ ઓપરેટરના કરાર આધારિત કર્મચારીઓએ સોમવારે વહેલી સવારે મુંબઈના પ્રતિક્ષા નગર ડેપોમાં હડતા પાડતા બેસ્ટની બસ સેવાઓને આંશિક અસર થઈ હતી.

બેસ્ટ દ્વારા હડતાલનું કારણ જાહેર નથી કરવામાં આવ્યું પરંતુ સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રાઈવેટ ઓપરેટરના અધિકારીઓ દ્વારા સગર્ભા મહિલા કંડક્ટર સાથે કરવામાં આવેલા કથિત દુર્વ્યવહારને કારણે આ હડતાલ શરૂ થઈ હતી.

બેસ્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે હડતાલ પ્રતિક્ષા નગર ડેપો પૂરતી મર્યાદિત હોવાથી કેટલાક માર્ગો પર બસ સર્વિસને અસર થઈ હતી, જ્યારે યુનિયનના એક નેતાએ દાવો કર્યો હતો કે પ્રાઈવેટ ઓપરેટરની ૧૦૦થી વધુ બસ ચાલી નહોતી.

ઉલ્લેખનીય છે કે, લગભગ ૩,૦૦૦ બસોનું સંચાલન કરતી અને દરરોજ ૩૦ લાખથી વધુ મુસાફરોને સેવા આપતી બેસ્ટ એક સપ્તાહથી વધુ સમયથી જનરલ મેનેજર વિનાની છે. (પીટીઆઈ) ■

# મકરસંક્રાંતિમાં શાકભાજીના ભાવ ૨૦ ટકા વધ્યા

## ભીંડી, પાપડી, વાલ, રીંગણાં અને ગાજર મોંઘાં થયાં

મુંબઈઃ નવા વર્ષની શરૂઆતમાં જ સામાન્ય વર્ગના લોકો માટે મોંઘવારી આમંત્રણ લઇને આવી છે. મકરસંક્રાંતિ તહેવારમાં શાકભાજીઓના ભાવ સારા પ્રમાણમાં વધી ગયા છે. ભીંડી, પાપડી, વાલ, રીંગણાં અને ગાજરનાં ભાવ ૧૫થી ૨૦ ટકા વધી ગયા છે. ૧૨૦ રૂપિયે કિલો મળનારી વાલનો ભાવ ૨૦૦ રૂપિયાને આંબી ગયો છે, જ્યારે ૬૦ રૂપિયે મળતાં રીંગણાં ૧૦૦ રૂપિયા પહોંચી ગયા છે. આને કારણે સામાન્ય વર્ગને વર્ષની શરૂઆતમાં મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે.

મોંઘવારીને કારણે કિચનનું બજેટ ખોરવાઈ ગયું છે. તમામ પ્રકારનાં શાકભાજી મોંઘાં થઇ ગયાં છે. વિવિધ પ્રકારની ભાજીઓમાં પણ ૧૫થી ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ગયા મહિનાની સરખામણીએ તમામ શાકભાજીના ભાવ વધી ગયા છે. કોથમીર, મેથી, ફુદીનો અને પાલક જેવી ગ્રીન ભાજીના ભાવમાં પણ વધારો જોવા મળ્યો હતો. જોકે હાલમાં એપીએમસીમાં જેટલી શાકભાજી અને ભાજીની આવક થઇ રહી છે તેનાથી ચાર ગણી માગ ખરીદદારોની રહી છે. શાકભાજી મોંઘાં થયાં તેનું આ પણ એક કારણ છે, એવું એપીએમસીના એક વેપારીએ જણાવ્યું હતું. શાકભાજીની સાથે નાળયેરના ભાવમાં પણ ૩૦ ટકા જેટલો વધારો થયો હતો. ■

# ટૉરેસ સ્કૅમને કારણે ભારતીય અર્થતંત્રને નુકસાન થયુંઃ પોલીસ

## રોકાણકારોને આકર્ષવા ૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો હતો

મુંબઈઃ ટૉરેસ જ્વેલરી બ્રાન્ચ ચલાવતી કંપની દ્વારા મુંબઈ, નવી મુંબઈ, મીરા-ભાયંદરમાં સ્ટોર્સ શરૂ કર્યા બાદ સપ્તાહે ૬થી ૧૧ ટકા વ્યાજે વળતરની લાલચે હજારો રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસની તપાસ કરી રહેલી આર્થિક ગુના શાખાએ દાવો કર્યો હતો કે ટૉરેસ સ્કૅમને કારણે ભારતીય અર્થતંત્રને નુકસાન થયું છે.

પોલીસે જણાવ્યું હતું કે ગુનો આચરવા માટે શોરૂમ ભાડા પર લેવું, ફર્નિચર, હીરા અને દાગીનાઓ ખરીદવા અને શરૂઆતમાં રોકાણકારોને વળતર આપવા માટે પચીસ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો હતો, એમ તપાસમાં જાણવા મળ્યું હતું. આ નાણાં કોણે પૂરાં પાડ્યાં અથવા ક્યાંથી મેળવવામાં આવ્યાં તેની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસે કહ્યું હતું કે અત્યાર સુધીમાં આ કૌભાંડનો આંકડો ૩૮ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે અને તપાસ આગળ વધતાં તે વધવાની ધારણા છે.પોલીસના કહેવા મુજબ ૧,૯૧૬ રોકાણકારો અત્યાર સુધીમાં છેતરપિંડી થયાની ફરિયાદ કરી છે અને આરોપીઓ પાસેથી ૧૭ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે.

આ ગુનો ગંભીર છે અને તેને કારણે ભારતીય અર્થતંત્રને નુકસાન થયું છે. આરોપીઓએ છેતરપિંડી આચરીને મેળવેલાં નાણાં ગેરકાયદે માર્ગે વિદેશી દેશોના ખાતાંમાં ટ્રાન્સફર કર્યા છે. ■

## ત્રણ આરોપીની પોલીસ કસ્ટડી ૧૩ જાન્યુઆરી સુધી લંબાવાઇ

મુંબઈઃ ટૉરેસ સ્કૅમ પ્રકરણે ધરપકડ કરાયેલા ત્રણ આરોપીને સોમવારે વિશેષ કોર્ટમાં હાજર કરવામાં આવ્યાં હતાં, જ્યાં તેમની પોલીસ કસ્ટડી ૧૩ જાન્યુઆરી સુધી લંબાવાઇ હતી.

આ કેસમાં સર્વેશ સુર્વે, ઉઝબેકિસ્તાનની નાગરિક તાન્યા કોલવેંકો ઉર્ફે તાઝાગુલ ઝાસાતોવ, રશિયન નાગરિક વેલેન્ટિના ગણેશ કુમારની ધરપકડ કરવામાં આવી છે. ત્રણેય આરોપી પ્લેટિનમ હર્ન પ્રા.લિ. કંપની સાથે સંકળાયેલા હતા, જે ટૉરેસ જ્વેલરી બ્રાન્ડ ચલાવતી હતી. ત્રણેય આરોપીની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી તેમને મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ (એમપીઆઇડી) એક્ટ હેઠળના કેસોની સુનાવણી કરતી વિશેષ કોર્ટમાં સોમવારે હાજર કરવામાં આવ્યા હતા.

પોલીસે ત્રણેયની કસ્ટડી લંબાવી આપવાની માગણી કરતાં જણાવ્યું હતું કે આરોપીઓ તપાસમાં સહકાર નથી આપી રહ્યા અને કંપનીના બેન્ક અકાઉન્ટ્સ અને તેના નાણાકીય વ્યવહારની તપાસ કરવામાં આવી રહી છે. ■

# સતત ચોથા દિવસે પીછેહઠમાં શૅરબજારને ફટકોઃ ક્રૂડના ઉછાળા, એફઆઈઆઈની વેચવાલીએ સેન્સેક્સને ૭૭,૦૦૦ની નીચે ધકેલ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વૈશ્વિક ઇક્વિટીમાં ભારે વેચવાલી અને આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઇલના ભાવમાં વધારાને પગલે સોમવારે ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ ૧,૦૦૦ પોઈન્ટથી વધુ તૂટીને ૭૭,૦૦૦ની સપાટીથી નીચે ગબડી ગયો હતો. અમેરિકાના મજબૂત રોજગાર ડેટાને કારણે ફેડરલ દ્વારા વ્યાજ દરના વહેલા ઘટાડાની અપેક્ષાઓને નબળી પાડી હોવા ઉપરાંત, રૂપિયામાં નોંધાયેલો લગભગ બે વર્ષમાં સૌથી મોટો એક દિવસીય કડાકો અને વિદેશી ભંડોળના અવિરત આઉટફ્લોએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને ખરડી નાંખ્યું હતું.

સતત ચોથા સત્રમાં ઘટાડા સાથે, બેન્ચમાર્ક સેન્સેક્સ ૧,૦૪૮.૯૦ પોઈન્ટ અથવા ૧.૩૬ ટકાના કડાકા સાથે અંતે ૭૬,૩૩૦.૦૧ પોઈન્ટ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૧૨૯.૧૯ પોઈન્ટ અથવા ૧.૪૫ ટકા ઘટીને ૭૬,૨૪૯.૭૨ પોઇન્ટની સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૩૪૫.૫૫ પોઈન્ટ અથવા ૧.૪૭ ટકાના કડાકા સાથે ૨૩,૦૮૫.૯૫ પોઇન્ટની નીચી સપાટીએ ગબડ્યો હતો.

૩૦ શેરવાળા બ્લુ-ચિપ પેકમાંથી, ઝોમેટો લગભગ ૭ ટકા તૂટી ગયો. પાવર ગ્રીડ, અદાણી પોર્ટ્સ, ટાટા સ્ટીલ, ગઝઈ, ટાટા મોટર્સ, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા અને મહિન્દ્રા, એશિયન પેઇન્ટ્સ, સન ફાર્મા અને અલ્ટ્રાટેક સિમેન્ટ અન્ય મુખ્ય ઘટાડા હતા. તેનાથી વિપરીત, એક્સિસ બેંક, હિન્દુસ્તાન યુનિલિવર, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને ઇન્ડસઇન્ડ બેંક વધ્યા હતા. અદાણી એન્ટરપ્રાઈઝ, ટ્રેન્ટ, બીપીસીએલ, બીઈએલ, પાવરગ્રિડ, અદાણી પોર્ટ્સ, ટાટા સ્ટીલ્સ અને ગ્રાસિમ ૩.૧૩-૬.૨૧ ટકા સુધી તૂટીને બંધ થયા છે. જ્યારે ટીસીએસ, ઈન્ડસઈન્ડ બેંક, એક્સિસ બેંક અને એચયુએલ ૦.૧૨-૦.૭૮ ટકા સુધી વધીને બંધ થયા છે.

મિડકેપ શેરોમાં અદાણી વિલમર, રેલ વિકાસ, મઝગાંવ ડોક, ફોનિક્સ મિલ્સ અને પીબી ફિનટેક ૮.૪૭-૧૦ સુધી લપસ્યા હતા. જો કે મિડકેપ શેરોમાં ક્રિસિલ, એબી કેપિટલ, બાયોકોન, વેદાંત ફેશન્સ અને સ્ટાર હેલ્થ ૦.૦૯-૨.૧૦ ટકા સુધી ઊછળ્યા છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર કન્સલ્ટન્સી કંપની ધ્રુવ કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડે, એમએમઆરડીએનો રૂ. ૧.૩૫ કરોડનો કોન્ટ્રાક્ટ મેળવ્યો છે, જેની હેઠળ, કંપનીને મુંબઈ મેટ્રો લાઇન ફાઇવ (બાલ્કમ નાકાથી ધમણકર નાકા)ના છ સ્ટેશનો પર મલ્ટિમોડલ ઇન્ટીગ્રેશન ફેસિલિટીની દેખરેખ માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ ૧૨ મહિનામાં પૂરો થવાનો છે.

સ્મોલોકપ શેરોમાં જસ્ટ ડાયલ, માસ્ટર ટ્રસ્ટ, ગણેશા ઈકોફેસ, અંબર એન્ટરપ્રાઈઝ, ઈપીઆઈગ્રલ, ગોપાલ સ્નેક્સ અને વક્રાંગી ૯.૯૯-૧૩.૫૮ ટકા સુધી લપસ્યા છે. જો કે સ્મોલકેપ શેરોમાં પ્રિઝમ જોનશન, જીઆરએમ ઓવરસીસ, પિરામલ ફાર્મા, કિટેક્સ ગાર્મેન્ટ્સ, સુવેન લાઈફ સાયન્સ અને હેલ્થકેર ગ્લોબલ ૩.૮૯-૭.૧૫ ટકા સુધી ઉછળા છે. સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઇનીંગનો શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૨૬ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. લક્ષ્મી ડેન્ટલનો ઇશ્યૂ ખૂલતાવેંત ગણતરીની મિનિટોમાં ભરાઇ ગયો હતો. ફાઇનાન્શિયલ સર્વિસ પ્રોવાઇડર રિખાવ સિક્યોરિટીઝ લિમિટેડ રૂ. ૮૮.૮૨ કરોડના જાહેર ભરણાં સાથે ૧૫ જાન્યુઆરીએ બજારમાં પ્રવેશ કરશે, ભરણુ ૧૭મીએ બંધ થશે. આ બુક બિલ્ટ ઇશ્યુ માટે પ્રાઇસ બેન્ડ રૂ. ૮૨થી રૂ. ૮૬ પ્રતિ શેર નક્કી થઇ છે. આ સેબી રજિસ્ટર્ડ સ્ટોકબ્રોકર કંપની બીએસઇ, એનએસઇ અને એમસીએક્સની મેમ્બર છે. વૈશ્વિક બજારોમાં નોંધપાત્ર વેચવાલી જોવા મળી, જેના કારણે સ્થાનિક બજારોમાં સમાન પ્રતિભાવ મળ્યો કારણ કે મજબૂત યુએસ પેરોલ ડેટા ૨૦૨૫માં વ્યાજદરમાં ઓછા ઘટાડાના સંકેત આપે છે. આને પરિણામે ડોલર મજબૂત થયો છે, બોન્ડ યીલ્ડમાં વધારો થયો છે અને ઉભરતા બજારો ઓછા આકર્ષક બન્યા છે.

તાજેતરના જીડીપી ડાઉનગ્રેડ અને ઊંચા મૂલ્યાંકન વચ્ચે કોર્પોરેટ ક્ષેત્રના નબળા પરિણામ બજારનું સેન્ટિમેન્ટ ખરડી રહ્યાં છે. એશિયન બજારોમાં, સિઓલ, શાંઘાઈ અને હોંગકોંગ નીચી સપાટીએ ગબડ્યા હતા, જ્યારે જાપાનના બજારો રજાના દિવસ માટે બંધ હતા. યુરોપિયન બજારો રેડ ઝોનમાં અથડાઇ રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૨,૨૫૪.૬૮ કરોડની ઇક્વિટી વેચ્યા હતા. વિદેશી રોકાણકારોએ આ મહિનામાં અત્યાર સુધીમાં ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૨૨,૧૯૪ કરોડ પાછા ખેંચી લીધા છે.

રશિયન ક્રૂડ ઓઇલની નિકાસ પર અમેરિકાએ લાદેલા નવા પ્રતિબંધોને કારણે ડોલર સામે રૂપિયામાં નવી નીચી સપાટી જોવા મળી છે, જેના કારણે સ્થાનિક ઇક્વિટી બજારોમાં ભારે કડાકો જોવા મળ્યો છે, કારણ કે વિદેશી રોકાણકારો સ્થાનિક શેરબજાર છોડી રહ્યા હતા. મધ્યમ અને સ્મોલકેપ શેરોમાં મોટા પાયે એક્ઝિટ સાથે વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક વેચાણને કારણે સેન્ટિમેન્ટ વધુ ખરાબ થયું છે.

ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થવાથી સ્થાનિક ફુગાવામાં વધારો થવાની ચિંતા વધશે, જે નજીકના અને મધ્યમ ગાળામાં આરબીઆઇ તરફથી દર ઘટાડાની કોઈપણ આશાને વધુ વિલંબિત કરી શકે છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૪૩ ટકા વધીને ૮૦.૯૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું છે. રૂપિયાએ લગભગ બે વર્ષમાં તેનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો નોંધાવ્યો અને સોમવારે યુએસ ડોલર સામે ૫૮ પૈસા ઘટીને તેના ઐતિહાસિક નીચા સ્તરે ૮૬.૬૨ (પ્રોવિઝનલ) સરક્યો હતો.

ભારતનો ઔદ્યોગિક ઉત્પાદન (આઇઆઇપી) વૃદ્ધિ નવેમ્બર ૨૦૨૪માં ૫.૨ ટકાની છ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી ગયો છે, જે તહેવારોની માગ અને ઉછાળા પર આધારિત હતો. શુક્રવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, ઉત્પાદન ક્ષેત્રમાં સુધારો થયો છે. શુક્રવારે બેન્ચમાર્ક સેન્સેક્સ ૨૪૧.૩૦ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા ઘટીને ૭૭,૩૭૮.૯૧ પર બંધ થયો છે. નિફ્ટી ૯૫ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા ઘટીને ૨૩,૪૩૧.૫૦ પર બંધ થયો છે.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં સુધારો

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં પ્રબળ માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. દેશાવરોની માગને ટેકે ભાવમાં મજબૂત વલણ રહેતું હોવાથી આજે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૬૮૨થી ૩૮૪૦માં થયા હતા.

વધુમાં આજે મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૩૫થી ૩૫૮૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૯૫થી ૩૬૮૫માં થયા હતા.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે વિવિધ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૨ અને રૂ. ૨૫નો ઉછાળો આવ્યો હતો. તેમ જ તેની આગેવાની હેઠળ કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાયની અન્ય વેરાઈટીએ અને લીડ ઈન્ગોટ્સમાં માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી આઠનો સુધારો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર કોપર આર્મિચરમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એક ઘટી આવ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૨ વધીને રૂ. ૨૬૮૫ અને રૂ. ૨૫ વધીને રૂ. ૧૩૭૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૮૪૧, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૩૨ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૯૮, રૂ. ૭૮૯ અને રૂ. ૧૮૯ના મથાળે રહ્યા હતા.

# સારા ચોમાસાને પગલે નાણાકીય વર્ષ ૨૦૨૫માં સારા કૃષિ વૃદ્ધિદરનો આશાવાદ

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં એકંદરે વરસાદ સારો રહ્યો હોવાથી દેશનો કૃષિ ક્ષેત્ર મજબૂત વૃદ્ધિદર દાખવે તેવી શક્યતા વડા પ્રધાનના મુખ્ય સચિવ પી કે મિશ્રાએ વ્યક્ત કરી છે.

આ વર્ષે ચોમાસું સારું રહ્યું હોવાથી હું આ વર્ષ માટે બહુ આશાવાદી છું, એમ તેમણે એક મુલાકાતમાં જણાવતાં ઉમેર્યું હતું કે સારા વરસાદને પગલે સારા કૃષિ વૃદ્ધિદરનો આશાવાદ નિર્માણ થયો છે.

નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ગત નાણાકીય વર્ષમાં કૃષિ અને કૃષિ સંલગ્નિત ક્ષેત્રનો વૃદ્ધિદર જે ઘટીને ૧.૪ ટકાના સ્તરે રહ્યો હતો તેની સામે આ વર્ષે ૩.૫૦થી ૪ ટકા આસપાસ રહે તેવી શક્યતા છે.

વધુમાં મિશ્રાએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૨૨-૨૩ દરમિયાન કૃષિ અને કૃષિ સંલગ્નિત ક્ષેત્રમાં ખાસ કરીને જીવંત સ્ટોક્સ અને માછીમારીને ટેકે સરેરાશ પાંચ ટકાનો વૃદ્ધિદર રહ્યો છે. તેમ જ કૉવિડ-૧૯ મહામારીનાં સમયગાળામાં પણ મક્કમ વૃદ્ધિ સાથે તેનો આર્થિક વૃદ્ધિમાં નોંધપાત્ર ફાળો રહ્યો હતો. જોકે, આ ક્ષેત્ર સામે કઠોળ અને તેલીબિયાંના ઉત્પાદન અંગેના પડકારો રહ્યા છે.

## સ્પોર્ટ્સ

# ભારતનો ટ્રિપલ સેન્ચુરિયન કરુણ નાયર ટીમ ઇન્ડિયામાં કમબેક માટે તત્પર

વડોદરાઃ ભારત વતી ૨૦૧૬-૨૦૧૭ દરમિયાન છ ટેસ્ટ રમનાર અને ટેસ્ટ ક્રિકેટમાં વીરેન્દર સેહવાગ પછીનો ભારતનો બીજો એકમાત્ર ટ્રિપલ સેન્ચુરિયન કરુણ નાયર ટીમ ઇન્ડિયામાં ફરી સ્થાન મેળવવા તત્પર છે. તેણે 'એક્સ' પર એક ટ્વિટમાં એટલું જ લખ્યું છે કે 'પ્રિય ક્રિકેટ મને વધુ એક મોકો આપ.'

કરૂણ નાયર ટીમ ઇન્ડિયામાં કમબેક કરવા આતુર હોય એમાં કંઈ જ ખોટું નથી એ સાથે તમામ ક્રિકેટપ્રેમીઓ સહમત થશે જ.

કારણે છે કે કરુણ હાલમાં વિજય હઝારે ટ્રોફીમાં જબરદસ્ત ફોર્મમાં છે અને તેણે વિદર્ભની ટીમને સેમિ ફાઇનલમાં પહોંચાડી છે. તેણે લાગલગાટ ચાર સેન્ચુરી ફટકારી છે. છેલ્લી કુલ છમાંથી પાંચ ઇનિંગ્સમાં તે સદી નોંધાવવામાં સફળ થયો છેઃ ૧૨૨ નોટઆઉટ, ૧૧૨, ૧૧૧ નોટઆઉટ, ૧૬૩ નોટઆઉટ, ૪૪ નોટઆઉટ અને ૧૧૨ નોટઆઉટ. કરુણ છેલ્લી છમાંથી પાંચ ઇનિંગ્સમાં નોટઆઉટ રહ્યો છે. વિદર્ભના કેપ્ટન કરુણે છેલ્લા છ દાવમાં કુલ ૬૬૪ રન બનાવ્યા છે અને એમાં એક જ વખત આઉટ થયો હોવાથી તેમ જ તેની પાંચ ઇનિંગ્સ મોટા સ્કોરવાળી હોવાથી હાલમાં આ ટૂર્નામેન્ટમાં તેની બેટિંગ-એવરેજ પણ ૬૬૪.૦૦ છે.

કરુણ નાયરે રવિવારે રાજસ્થાન (૫૦ ઓવરમાં ૨૯૧/૮) સામે વિજય હઝારે ટ્રોફીની ક્વૉર્ટર ફાઈનલમાં વિદર્ભ (૪૩.૩ ઓવરમાં ૨૯૨/૧)ને યાદગાર વિજય અપાવ્યો હતો અને સેમિ ફાઇનલમાં પહોંચાડ્યું હતું. કરુણ અને ઓપનર ધ્રુવ શોરે (૧૧૮ રન) વચ્ચે બીજી વિકેટ માટે ૨૦૦ રનની ભાગીદારી થઈ હતી. કરુણ નાયરે ૨૦૧૬માં ચેન્નઈમાં ઇંગ્લેન્ડ સામેની ટેસ્ટના પહેલા દાવમાં પાંચમાં નંબરે બેટિંગ કરીને અણનમ ૩૦૩ રન બનાવ્યા હતા. રવિવારની છેલ્લી ક્વૉર્ટર ફાઇનલમાં ગુજરાત (૧૯૬/૧૦)નો હરિયાણા (૪૪.૨ ઓવરમાં ૨૦૧/૮) સામે પરાજય થતાં હરિયાણાની ટીમ સેમિફાઇનલમાં પહોંચી હતી. હવે સેમિમાં કર્ણાટક-હરિયાણા અને વિદર્ભ-મહારાષ્ટ્ર વચ્ચે મુકાબલો થશે.

# ચેમ્પિયન ટ્રોફી ૨૦૨૫ માટે ઓસ્ટ્રેલિયાએ જાહેર કરી ટીમ, ફરી કમિન્સને મળી મોટી ટુનામેન્ટ જીતાડવાની જવાબદારી

મેલબોર્નઃ ઓસ્ટ્રેલિયાએ સોમવારે ચેમ્પિયન્સ ટ્રોફી માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી હતી. પોતાની કેપ્ટનશિપ હેઠળ ટીમને વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ જીતાડનાર ફાસ્ટ બોલર અને કેપ્ટન પેટ કમિન્સ આ ટુર્નામેન્ટમાં ટીમનું નેતૃત્વ પણ કરશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આ ટીમમાં જોશ હેઝલવૂડને સામેલ કર્યો છે. કમિન્સ ભારત સામે બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં પગની ઇજાથી પીડાઈ રહ્યો હતો. તે પોતાના બીજા બાળકના જન્મ અને આ ઈજાને કારણે આગામી શ્રીલંકા પ્રવાસ પર પણ જઈ રહ્યો નથી. ઈજાને કારણે મેલબોર્ન અને સિડની ટેસ્ટમાંથી બહાર રહેલો હેઝલવૂડ શ્રીલંકા પ્રવાસની ટીમમાં સામેલ કર્યો નથી, પરંતુ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ૧૫ સભ્યોની ટીમમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે ઓલરાઉન્ડર મિશેલ માર્શને પણ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. પાકિસ્તાન સામેની વન-ડે સિરીઝ દરમિયાન ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલ ઇજાગ્રસ્ત થયો હતો. આ ઉપરાંત, ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ માર્કસ સ્ટોઈનિસને પણ આરામ આપ્યો હતો જેથી યુવા ખેલાડીઓને તક મળી શકે. જોકે, બોર્ડ ચેમ્પિયન્સ ટ્રોફી જેવી મોટી ટુર્નામેન્ટ માટે કોઈ જોખમ લેવા માગતું નથી. આવી સ્થિતિમાં આ બે મેચ વિનર ખેલાડીને ટીમમાં સ્થાન આપ્યું છે. યુવા ખેલાડી જેક ફ્રેઝર મેકગર્કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અપેક્ષા મુજબ સારું પ્રદર્શન કર્યું નથી. આવી સ્થિતિમાં ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ તેને પસંદ ન કરવાનો નિર્ણય લીધો છે. મિશેલ માર્શ અને ટ્રેવિસ હેડ ઓપનિંગ કરવા માટે ઊતરી શકે છે.

દરમિયાન સ્મિથ, લાબુશેન અને ઇંગ્લિશ મિડલ ઓર્ડરની જવાબદારી સંભાળશે. ઓસ્ટ્રેલિયાના મુખ્ય પસંદગીકાર જ્યોર્જ બેઇલીએ કહ્યું કે, આ એક સંતુલિત અને અનુભવી ટીમ છે જેમાં મોટાભાગના ખેલાડીઓએ છેલ્લો ઘઉઈ વર્લ્ડ કપ, વેસ્ટ ઇન્ડીઝ સામેની શ્રેણી અને પાકિસ્તાન સામેની ઘરઆંગણેની શ્રેણી રમી છે.

ચેમ્પિયન્સ ટ્રોફી માટે ઓસ્ટ્રેલિયાની ટીમ

પેટ કમિન્સ (કેપ્ટન), એલેક્સ કેરી, નાથન એલિસ, એરોન હાર્ડી, જોશ હેઝલવૂડ, ટ્રેવિસ હેડ, જોશ ઇંગ્લિસ, માર્નસ લાબુશેન, મિશેલ માર્શ, ગ્લેન મેક્સવેલ, મેથ્યુ શોર્ટ, સ્ટીવ સ્મિથ, મિશેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોઇનિસ, એડમ ઝમ્પા.

# મહિલા અંડર-૧૯ ટી-૨૦ વર્લ્ડકપની પ્રેક્ટિસ મેચમાં ભારતનું શાનદાર પ્રદર્શન, સ્કોટલેન્ડને ૧૧૯ રનથી હરાવ્યું

કુઆલાલમ્પુરઃ ગત ચેમ્પિયન ભારતે સોમવારે અહીં આઇસીસી મહિલા અંડર-૧૯ ટી-૨૦ વર્લ્ડકપની પ્રેક્ટિસ મેચમાં સ્કોટલેન્ડને ૧૧૯ રનથી હરાવ્યું હતું. ભારતે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૧૬૪ રન કર્યા હતા. જેમાં કમલિનીએ ૨૩ બોલમાં ૩૨ રનનું યોગદાન આપ્યું હતું.ચાર ભારતીય બેટર તૃષા (૨૬), સાનિકા ચાલકે (૧૭), કેપ્ટન નિક્કી પ્રસાદ (૨૫) રનનું યોગદાન આપ્યું હતું. સ્કોટલેન્ડ તરફથી એમી બાલ્ડી સૌથી સફળ બોલર રહી હતી જેણે ત્રણ ઓવરમાં ૧૩ રન આપીને બે વિકેટ લીધી હતી. ત્યારબાદ ભારતે સ્કોટલેન્ડને ૧૮.૫ ઓવરમાં ૪૫ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. ભારત તરફથી શબનમ શકીલ, વૈષ્ણવી શર્મા અને સોનમ યાદવે બે-બે વિકેટ લીધી હતી. અન્ય પ્રેક્ટિસ મેચોમાં ઓસ્ટ્રેલિયાએ યજમાન મલેશિયાને ૧૪૦ રને, વેસ્ટ ઈન્ડિઝે નેપાળને નવ રને, અમેરિકાએ ન્યૂ ઝીલેન્ડને ૧૩ રનથી, બાંગ્લાદેશે શ્રીલંકાને ચાર વિકેટથી, ઈંગ્લેન્ડે સમોઆને નવ વિકેટથી અને પાકિસ્તાને નાઈજીરિયાને ૧૧ રને પરાજય આપ્યો હતો. ટૂર્નામેન્ટની શરૂઆત શનિવારથી થશે. ભારત રવિવારે વેસ્ટ ઈન્ડિઝ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. ૨૦૨૩માં દક્ષિણ આફ્રિકામાં રમાયેલી ટૂર્નામેન્ટની ફાઇનલમાં ભારતે ઇંગ્લેન્ડને સાત વિકેટે હરાવ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો ૫૮ પૈસા ગબડતાં સોનામાં ₹ ૨૯૦નો ઉછાળો, ચાંદીમાં ₹ ૪૬૮ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત શુક્રવારે અમેરિકાનાં ડિસેમ્બર મહિનાના રોજગારીના ડેટા અપેક્ષા કરતાં વધુ મજબૂત આવ્યા હોવાથી ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ છતાં ટ્રમ્પની વેપાર નીતિની અનિશ્ચિતતા સપાટી પર આવતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનામાં રોકાણકારોની સલામતી માટેની વ્યાપક લેવાલી અને વેચાણો કપાતા ભાવ વધીને આઠ સપ્તાહની ટોચે પહોંચ્યા હતા, પરંતુ આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ગત શુક્રવારના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૫૮ પૈસાનું ગાબડું પડ્યું હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો વધી આવતા ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૮થી ૨૯૦ની તેજી જોવા મળી હતી, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૬૮નો ઘટાડો જોવા મળ્યો હતો. આમ બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૪૬૮ના ઘટાડા સાથે રૂ. ૮૯,૮૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ગત શુક્રવારના વિશ્વ બજારનાં પ્રોત્સાહક અહેવાલ તેમ જ ડૉલર સામે રૂપિયામાં અવિરત ધોવાણ જળવાઈ રહેતાં સોનાની આયાત પડતરો વધી આવતા ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૮ વધીને રૂ. ૭૭,૯૯૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૯૦ વધીને રૂ. ૭૮,૩૦૮ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગત ડિસેમ્બર મહિનાના અમેરિકાના રોજગારીના ડેટા પ્રોત્સાહક આવવાની સાથે બેરોજગારીનો દર પણ આગલય મહિનાના ૪.૨ ટકા સામે ઘટીને ૪.૧ ટકાની સપાટીએ રહ્યો હોવાના નિર્દેશો સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળ્યું હોવા છતાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની નીતિ ફુગાવા વૃદ્ધિલક્ષી હોવાની ભીતિ સપાટી પર આવતાં ગત શુક્રવારે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ વધીને આઠ સપ્તાહની ટોચે પહોંચ્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકાના ઘટાડા સાથે ૨૬૭૭.૧૩ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૨૭૦૪.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૩૦.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટા અનપેક્ષિતપણે મજબૂત આવતા અમેરિકી અર્થતંત્રમાં મજબૂતી જળવાઈ રહી હોવાનો અણસાર આપ્યો હતો. જોકે, નવા પ્રમુખ ટ્રમ્પની વેપાર નીતિ ટ્રેડ વૉર તરફ દોરી જનારી હોવાની શક્યતા અને તેને કારણે ફુગાવામાં વધારો થવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત અંગે સાવચેતીનો અભિગમ અપનાવે તેવી શક્યતા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. તેમ જ બૅન્ક ઑફ અમેરિકા ગ્લોબલ રિસર્ચે એક નોટ્સમાં જણાવ્યું હતું કે ડિસેમ્બરનાં જોબ ડેટા જોતા હવે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતનો અંત આવી ગયો હોય તેમ જણાય છે.

# ડૉલર સામે રૂપિયામાં ફેબ્રુઆરી,૨૦૨૩ પછીનો સૌથી મોટો ૫૮ પૈસાનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સ તેમ જ ક્રૂડતેલના ભાવમાં આગળ ધપતી તેજી, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીના દબાણ સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ફેબ્રુઆરી, ૨૦૨૩ પછીનો સૌથી મોટો ઐતિહાસિક ૫૮ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો અને ૮૫.૬૨ની વિક્રમ સપાટીએ બંધ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે માત્ર બે સપ્તાહમાં ડૉલર સામે રૂપિયામાં એક રૂપિયા કરતાં વધુ માત્રામાં ધોવાણ જોવા મળ્યું છે. ગત ૩૦મી ડિસેમ્બરના રોજ રૂપિયો ૮૫.૫૨ના મથાળે બંધ રહ્યો હતો, જ્યારે ડૉલર સામે રૂપિયાએ સૌપ્રથમ વખત ગત ૧૯મી ડિસેમ્બરના રોજ ૮૫ની સપાટી ગુમાવી હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર તાજેતરમાં રોકાણકારોની ડૉલરમાં અવિરત લેવાલીને કારણે ડૉલર ઈન્ડેક્સમાં એકતરફી તેજી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સ્થાનિક ઈક્વિટીમાં એકતરફી વેચવાલીનું દબાણ રહેતાં રૂપિયામાં પીછેહઠ જોવા મળી રહી છે. એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર ગત શુક્રવારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૨૫૪.૬૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી અને આ મહિનામાં અત્યાર સુધીમાં તેઓનો રૂ. ૨૨,૧૯૪ કરોડનો બાહ્યપ્રવાહ રહ્યો છે.

વિશ્લેષકોના મતાનુસાર સ્થાનિકમાં વિદેશી હૂંડિયામણની અનામતમાં થઈ રહેલો ઘટાડો અને ઊભરતી બજારોનાં ચલણોમાં પણ ડૉલર સામે ધોવાણ થઈ રહ્યું હોવાથી રિઝર્વ બૅન્ક પણ રૂપિયાને ગબડવા દે છે . તે જ પ્રમાણે ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સ એલએલપીનાં ટ્રેઝરી હેડ અનીલકુમાર ભણસાલીએ જણાવ્યું હતું કે માગ વધી રહી છે અને પુરવઠો ખરડાઈ રહ્યો હોવાથી રિઝર્વ બૅન્ક બજારમાં હસ્તક્ષેપ નથી કરતી. વધુમાં ગત શુક્રવારે અમેરિકાના જોબ ડેટા બજારની અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતની ગતિ મંદ પાડે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાની સાથે અમેરિકાએ રશિયા પર વધુ નિયંત્રણો લાદતાં ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૮૧ ડૉલર ભણી આગેકૂચ કરી રહ્યા હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવી રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૬.૦૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૧૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૬૨ અને ઉપરમાં ૮૬.૧૧ની રેન્જમાં અથડાઈને અંતે ૮૬.૬૨ની સપાટીએ બંધ રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨૯ ટકા વધીને ૧૦૯.૮૦ ડૉલર અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ૦.૪૮ ટકા વધીને ૪.૭૯ ટકાની સપાટીએ રહી હતી. તેમ જ આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૧૨ ટકા વધીને બેરલદીઠ ૮૦.૬૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૦૪૮.૯૦ પૉઈન્ટનો અને ૩૪૫.૫૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો.

# મક્કમ આર્થિક વૃદ્ધિ અને રેટ કટની શક્યતાથી નાણાકીય વર્ષ ૨૦૨૬માં ભારતીય કોર્પોરેટના ધિરાણ એક્સેસને ટેકો મળશેઃ ફિચ

નવી દિલ્હીઃ દેશનાં જીડીપીમાં મક્કમ વૃદ્ધિ, બૅન્કોની નાણાં સ્થિતિમાં સુધારો અને વર્ષ ૨૦૨૫માં રેટ કટની શક્યતાને ધ્યાનમાં લેતાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં દેશનાં કોર્પોરેટ ક્ષેત્રનાં ક્રેડિટ એક્સેસને ટેકો મળશે, એમ ફિચ રેટિંગ્સે તાજેતરમાં એક અહેવાલમાં જણાવ્યું છે.

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ઊંચા મૂડીગત ખર્ચ છતાં ઈબીઆઈટીડીએ (અર્નિંગ બિફોર ઈન્ટરેસ્ટ, ટેક્સિસ, ડેપ્રિસિએશન ઍન્ડ એમોર્ટાઈઝેશન) માર્જિનમાં સુધારો જોવા મળશે. જોકે, તેની સામે ક્રૂડતેલના ઊંચા ભાવ, પ્રવર્તમાન રાજકીય-ભૌગોલિક તણાવ, ડૉલર સામે રૂપિયામાં ધોવાણ અને ભવિષ્યમાં ટ્રેડ વૉરની સ્થિતિમાં દેશો સ્વરક્ષિત નીતિઓ અપનાવતા નિકાસમાં ઘટાડા જેવા જોખમો રહેશે. અમારું માનવું છે કે જીડીપીમાં મક્કમ વૃદ્ધિ, બૅન્કોની નાણાકીય સ્થિતિમાં સુધારો અને વર્ષ ૨૦૨૫માં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા નાણાકીય વર્ષ ૨૦૨૬માં કોર્પોરેટ્સનાં ક્રેડિટ એક્સેસને ટેકો મળશે, એમ ફિચે તાજેતરમાં જાન્યુઆરીનાં અપડેટ કરેલા નઈન્ડિયા કોર્પોરેટ્સ ક્રેડિટ ટ્રેન્ડ્સથ રિપોર્ટમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ છેલ્લી નીતિવિષયક બેઠકમાં પ્રવાહિતા વધારવા માટે કેશ રિઝર્વ રેશિયોમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હોવાથી રેટ કટનો આશાવાદ પ્રબળ બન્યો છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ફિચે કોર્પોરેટ્સમાં વેચાણ વૃદ્ધિનો અંદાજ એકથી બે ટકાનો (નાણાકીય વર્ષ ૨૦૨૫નો અંદાજ ૧.૫ ટકા) મૂક્યો છે.

# કચ્છના ક્રીક વિસ્તાર નજીકથી સીમા સુરક્ષા દળે એક પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સમગ્ર દેશમાં આગામી પ્રજાસત્તાક પર્વની ઉજવણીનો આગોતરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તે વચ્ચે બાંગ્લાદેશમાં ઊભી થયેલી વિકટ પરિસ્થિતિનો લાભ લઈને પાકિસ્તાન 'ઇન્ટર સર્વિસીસ એજન્સી' સાથે મળીને રાષ્ટ્રીય તહેવારો દરમ્યાન ગુજરાત સહિત દેશના દિલ્હી, મુંબઈ જેવી જગ્યાઓએ ત્રાસવાદી હુમલા કરાવવાની યોજના બનાવી રહ્યું હોવાના ગુપ્તચર વિભાગને મળેલા ઇનપુટ્સ વચ્ચે કચ્છની ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળસીમા પાસેથી સરહદી સલામતી દળના ચોકિયાત જવાનોએ એક પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડ્યો હતો.

આ અંગે જાણવા મળેલી વિગતો મુજબ, કચ્છના ક્રીક વિસ્તારમાંના બોર્ડર પિલર નંબર ૧૧૩૯ની આસપાસ પેટ્રોલિંગ કરી રહેલા બીએસએફની ૫૯મી બટાલિયનના જવાનોએ ગત રવિવારની ઢળતી બપોરે પાકિસ્તાનના કાળા ગુગડા ગામના ૨૨ વર્ષના માછીમાર જેવા લગતા બાબુઅલી ઉમરને ઝડપી પાડ્યો હતો.

આ સામે પારથી કચ્છની સીમમાં ઘૂસી આવેલા શખસ પાસેથી ત્રણ કિલો કરચલા, એક ચાકુ, તરણ માટેની ટયૂબ અને ટોર્ચ મળી આવ્યાં હતાં. આ સિવાય શંકાસ્પદ વસ્તુ મળી નહોતી.

અલબત્ત માછીમારના સ્વાંગમાં ભૂતકાળમાં નાપાક ઇરાદે ભારતની સીમમાં ઘૂસી આવેલા ઘૂસણખોરો પકડાઈ ચૂક્યા હોઈ, હાલ સંવેદનશીલ એવા ક્રીક આસપાસના વિસ્તારોમાં સંભવિત પાકિસ્તાની ઘૂસણખોર છુપાયા હોવાની આશંકાએ સર્ચ ઓપરેશન તેજ બનાવી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# કચ્છમાં ધોરડોના સફેદ રણમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનો આરંભ: ૧૧ દેશોના પતંગબાજોએ ઉત્સાહભેર ભાગ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૫નો સરહદી કચ્છની વૈશ્વિક ઓળખ બની ચૂકેલા ભાતીગળ ધોરડો પ્રદેશના શ્વેત રણ ખાતે હાડ થિજાવતી ઠંડી વચ્ચે દબદબાભેર પ્રારંભ થયો હતો. જિલ્લા કલેક્ટર અમિત અરોરા સહિતના અધિકારીઓએ દેશ-વિદેશથી અહીં પધારેલા પતંગબાજોને મોમેન્ટો આપીને તેમનો ઉત્સાહ વધારીને આવકાર આપ્યો હતો.

યુનેસ્કોએ જાહેર કરેલા 'બેસ્ટ ટુરિઝમ વિલેજ' ધોરડો ખાતેના આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ દરમિયાન બેલારૂસ, ભુતાન, કોલમ્બિયા, ડેનમાર્ક, હંગ્રી, ઈન્ડોનેશિયા, માલ્ટા, સ્લોવેનિયા, ટ્યુનિશિયા, તૂર્કી સહિતના દેશના પતંગબાજો સહભાગી થશે. આ ઉપરાંત ભારતના મહારાષ્ટ્ર, ઓડિશા, વેસ્ટ બેંગાલ, સિક્કિમથી પધારેલા કાઈટિસ્ટોએ અવનવી ડિઝાઇનની રંગબેરંગી પતંગો સાથે સફેદ રણના આકાશમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ અને કચ્છના વહીવટીતંત્ર દ્વારા આયોજિત આ પતંગોત્સવમાં વિવિધ વહીવટી તંત્રના અધિકારીઓ તેમ જ શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, વીક એન્ડ બાદ મંગળવારે ઉત્તરાયણની જાહેર રજા હોવાથી મિનિ વેકેશનનો લાભ લેવા કચ્છના સફેદ રણ સહિત પ્રવાસન સ્થળો પર મોટી સંખ્યામાં સહેલાણીઓ ઊમટી પડયા છે. ■



(તસવીર: ઉત્સવ વૈદ્ય, ભુજ)

# રાજકોટમાં શરદી-ઉધરસના ૯૪૩ અને સામાન્ય તાવના ૭૨૭ સહિત કુલ ૧૮૩૫ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીમાં વધારો થતાં રોગચાળો વકરી રહ્યો છે. જેમાં શરદી-ઉધરસના કેસોમાં વધારો સતત યથાવત્ છે. મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓ મોટી સંખ્યામાં ઊમટી પડતા લાંબી કતારો જોવા મળી હતી.

મનપાના ચોપડે વિવિધ રોગોના ૧૮૩૫ કેસ નોંધાયા હતા. જેમાં શરદી- ઉધરસના ૯૪૩ કેસ, ઝાડા-ઊલટીના ૧૬૩, સામાન્ય તાવના ૭૨૭ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત અતિ જોખમી ગણાતા ટાઇફોઇડ તાવના ૨ કેસ નોંધાયા હતા. શહેરમાં ક્લિનિકોને ધ્યાનમાં રાખીએ તો કુલ દર્દીનો આંકડો ૯,૦૦૦ કરતા વધુ હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

શહેરમાં કુલ કેસની સંખ્યા ૧૮૩૫ થતા આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે અને રોગચાળો કાબૂમાં રાખવા ફોગીંગ સહિતની વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. સાથે-સાથે જ લોકોને પણ સાવધાની રાખવા અપીલ કરવામાં આવી હતી. રોગચાળા દ્વારા ઊભા થતા આરોગ્ય પડકારને પહોંચી વળવા મહાનગરપાલિકા દ્વારા ઘનિષ્ઠ પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં વાહક નિયંત્રણની કામગીરી હેઠળ ૫૬ મેલેરિયા ફિલ્ડવર્કર, ૪૧૫ અર્બન આશા અને ૧૧૫ વી.બી.ડી વોલેન્ટીયર્સ દ્વારા તા. ૬ જાન્યુઆરીથી લઈને ૧૨ જાન્યુઆરી સુધીમાં ૩૩,૬૯૮ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી અને ૭૫૩ ઘરોમાં ફોગીંગ સહિતની કામગીરી કરવામાં આવી હતી.

સામાન્ય રીતે મચ્છરની ઘનતા વધુ હોય તે વિસ્તારમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી જે હાલ પણ ચાલુ છે. ■

# ગીર સોમનાથના ખેડૂતોએ સોમનાથ-કોડીનાર રેલવે પ્રોજેક્ટમાં જમીન સંપાદન રોકવા કલેક્ટરને આવેદન આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લામાં ત્રણ તાલુકાના ૩૦થી વધુ ગામના ખેડૂતોએ વેરાવળ-કોડિનાર- છારા રેલવે પ્રોજેક્ટનો વિરોધ કરી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ હતું અને આ પ્રોજેક્ટ માટે જાહેરનામું બહાર નહીં પાડવા માગ કરી હતી.

ગીર સોમનાથ જિલ્લામાં રેલવે મંત્રાલય દ્વારા ચાર ઔદ્યોગિક એકમો માટે માલવાહક રેલવે લાઈનની યોજના અમલમાં મુકાય તે પહેલા જ જમીન સંપાદન મુદ્દે ખેડૂતોએ વિરોધ શરૂ કર્યો હતો. ખેડૂતોએ ૨૦૧૯ના જાન્યુઆરીમાં બહાર પડેલા જાહેરનામા સામે વાંધા રજૂ કર્યા હતાં. એ દરમિયાન કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયા અને તત્કાલિક રેલવે પ્રધાન પિયુષ ગોયલ તરફથી રજૂઆતોને ધ્યાને લઈ ખેડૂતોને આ પ્રોજેક્ટ શરૂ નહીં કરવાનું આશ્વાસન મળ્યુ હતું.

ગત આઠમી જાન્યુઆરીએ રેલવેના કર્મચારીઓ અને કંપનીના પ્રતિનિધિઓ સરવે માટે આવ્યા હતાં, પરંતુ તેમની પાસે જાહેરનામાની નકલ નહીં હોવાથી ખેડૂતોએ વિરોધ દર્શાવ્યો હતો. ખેડૂતોએ કહ્યું હતું કે, તેઓ આ પ્રોજેક્ટ માટે જમીન નહીં આપવા મક્કમ છે અને રાજ્ય અને કેન્દ્ર સરકાર તેમજ રેલવે બોર્ડ સમક્ષ રજૂઆત કરશે. ત્યાર બાદ ૩૦ ગામોના ખેડૂતોએ ભેગા થઈને બેઠક કરી હતી અને આ પ્રોજેક્ટનો વિરોધ શરૂ કર્યો હતો. ■

# કચ્છના નલિયામાં ૮.૮ ડિગ્રી સાથે ડંખીલા પવનો ફૂંકાતાં લોકોની હાલત કફોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયાને વેગીલા પવનો સાથે ચડી આવેલી કાતિલ ઠંડીએ જાણે મુકામ બનાવ્યું હોય તેમ ઠંડીમાં રાહત વર્તાવાની આશા ફરી ધૂળધાણી થવા પામી છે. નલિયા ખાતે ન્યુનતમ તાપમાન ગઈકાલની તુલનાએ થોડું ઊંચકાઈને ૮.૮ ડિગ્રી સે.નોંધાયું હતું.

શિયાળા દરમ્યાન નલિયા ગુજરાત-ભારતની સાથે દુનિયાનાં ઠંડાં મથકોની માફક એક ઠંડું મથક બની ચૂક્યું છે. ઉત્તર ભારત અને હિમાચલ પ્રદેશમાં જયારે હિમવર્ષા થાય છે ત્યારે કાશ્મીરના ઠંડા પવનો અરબી સમુદ્ર પરથી પસાર થઈને સીધા નલિયા પહોંચી જાય છે જેને કારણે આવી પરિસ્થિતિ ઊભી થતી હોવાનું જાણવા મળે છે.

બીજી તરફ, ભુજમાં પણ ૧૦થી ૧૨ કિલોમીટર પ્રતિ કલાકે ફૂંકાઈ રહેલા હિમપવનોની સંગાથે ઠંડીમાં આજે વધારો થવા સાથે લઘુતમ ૧૧.૪ ડિગ્રી સે. જયારે મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી પર પહોંચ્યું છે. રાપરમાં ૧૪ ડિગ્રી જયારે કંડલા મહાબંદર ખાતે ૧૬ ડિગ્રી લઘુતમ તાપમાન રહેવા પામતાં અહીં ઠંડીમાંથી આંશિક રાહત મળી હતી. ■



રાજકોટમાં મકરસંક્રાંતિની આગલી સાંજે સદર બજારની પતંગ બજારમાં ખરીદી માટે લોકો ઊમટ્યા હતા. લોકોએ પતંગ-દોરી ઉપરાંત લીલા ચણા અને શેરડીની ખરીદી કરી હતી.

(તસવીર: પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ઉત્તરાયણના બે દિવસ રાજકોટ સિવિલમાં ૨૦ બેડનો ખાસ વોર્ડ તૈયાર: સ્ટાફની રજાઓ રદ કરી દેવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તરાયણના દિવસે ઈમર્જન્સીના અનેક કેસો પ્રકાશમાં આવતા હોય છે. આવા બનાવોને પહોંચી વળવા માટે રાજકોટ સિવિલનું તંત્ર સજ્જ થયું છે. હૉસ્પિટલમાં ૨૦ બેડનો ખાસ વોર્ડ તૈયાર કરીને તમામ સ્ટાફની રજાઓ રદ કરી દેવામાં આવી હતી.

ઈમર્જન્સી કેસોને પહોંચી વળવા માટે ઈએનટી અને ઓર્થોપેડિક વિભાગોમાં સર્જન અને વધારાના નર્સિંગ સ્ટાફની ટીમ તહેનાત કરી દેવાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઉત્તરાયણના બે દિવસમાં પતંગની દોરોથી લોકોના ગળામાં ઇજા થવાના અને ધાબા ઉપરથી પડી જવાના કેસો વધુ નોંધાતા હોય છે. દર વર્ષે રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં ૧૪ જાન્યુઆરીએ ૩૦-૪૦ જેટલા કેસો નોંધાતા હોય છે.

કોઈ અફરાતફરી ના સર્જાય તે માટે આ વખતે અત્યારથી જ લોકોને તુરંત સારવાર મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

રાજકોટ સિવિલ હૉસ્પિટલનાં મીડિયા કો-ઓર્ડીનેટર ડો. મહેન્દ્ર ચાવડાએ જણાવ્યું હતું કે, પતંગના દોરાથી ગંભીર ઇજા થવી, ધાબા પરથી પડી જતા ઇજા તેમજ અમુક કિસ્સાઓમાં વીજ શોક લાગવાથી ઇજા થવાના વિવિધ બનાવો ઉત્તરાયણના બે દિવસમાં વધુ પ્રમાણમાં આવતા હોય છે. જેથી ઇમરજન્સી વિભાગમાં મીની ઓપરેશન અને મેડિકલ ઑફિસર સહિતની ખાસ ટીમો તહેનાત કરવામાં આવી છે.

આ ઉપરાંત તમામ જરૂરી દવાઓ અને ઇન્જેક્શનો પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત જરૂર પડશે તો વધારાના સ્ટાફને પણ બોલાવાની તૈયારીઓ કરી લેવાઈ છે.

# મહાકુંભમાં જતી ટ્રેન પર પથ્થરમારાના કેસમાં પીએમ મોદી અને રેલપ્રધાનને યાત્રીઓની સુરક્ષાની ખાતરી કરવા માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તર પ્રદેશમાં મહાકુંભનો પ્રારંભ થઈ ચૂક્યો છે. સુરતથી પ્રયાગરાજ જતી તાપ્તી ગંગા એક્સપ્રેસ ટ્રેન જલગાંવ પાસેથી પસાર થતી હતી ત્યારે કેટલાક ટીખળખોરોએ પથ્થરમારો કરતા ટ્રેનના કાચ તૂટી ગયા હતા. સદનસીબે ટ્રેનમાં કોઈ મુસાફરને ઇજા પહોંચી ન હતી. આ ઘટનાનો વીડિયો વાયરલ કરીને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન, પીએમ મોદી અને રેલવે પ્રધાનને યાત્રીઓની સુરક્ષાની ખાતરી કરવા અંગે માગ કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે પ્રયાગરાજમાં શરૂ થયેલા મહાકુંભમાં સામેલ થવા માટે ગુજરાતમાંથી અનેક યાત્રિકો રવાના થયાં છે. ૧૨મી જાન્યુઆરી રવિવારે સુરતના ઉધનાથી શ્રધ્ધાળુઓ તાપ્તી ગંગા ટ્રેનમાં પ્રયાગરાજ જવા નીકળ્યા હતા. તાપ્તી ગંગા ટ્રેન પર મહારાષ્ટ્રના જલગાંવ પાસે અચાનક પથ્થરમારો થયો હતો. જેમાં બી-૬ કોચની બારીનો કાચ તૂટી ગયો હતો. અચાનક થયેલા પથ્થરમારાથી કોચમાં બેસેલા મુસાફરોમાં ભયનો માહોલ ફેલાયો હતો. તાપ્તી ગંગા ટ્રેનના મુસાફર સુરેશ વિરાણીએ આ પથ્થરમારામાં ટ્રેનની બારીને થયેલા નુકસાનનો વીડિયો વાયરલ કર્યો હતો. આ વીડિયોમાં જણાવ્યા પ્રમાણે ટ્રેનના જે કોચ પર પથ્થરમારો થયો તેમાં ૬ વૃદ્ધો, ૧૩ મહિલા અને ૧૨ પુરૂષો સુરતના હતાં. આ ઉપરાંત ટ્રેનમાં ૫૦ ટકાથી વધુ લોકો મહાકુંભ માટે જઇ રહ્યા હતાં. પ્રયાગરાજમાં કુંભ મેળામાં જઈ રહેલા કેટલાય યાત્રીઓ પોતાની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરી રહ્યા છે અને રેલવે અધિકારીઓને ટ્રેનની સુરક્ષા વધારવાની અપીલ કરી છે.યાત્રીઓએ પીએમ મોદીથી લઈને રેલવે પ્રધાન અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાનને યાત્રીઓની સુરક્ષાની ખાતરી કરવાની માગ કરી હતી. આ મામલે પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. ■



મકરસંક્રાંતિ નિમિત્તે જૂનાગઢની બજારમાં ખરીદી માટે લોકોની ભીડ ઊમટી હતી, જૂના સ્વામી મંદિર ખાતે પૂનમ નિમિત્તે ભગવાનને એલચીના વાઘાનો શણગાર કરવામાં આવ્યો હતો.

(તસવીર: હરેશ સોની જૂનાગઢ)



મોરબી રોડ લાતી પ્લોટ વિસ્તારમાં મકાનની દીવાલ પડતાં ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે ૬ જેટલાં વાહનોને ભારે નુકસાની પહોંચી હતી. ઘટનાને પગલે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. (તસવીર: પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ભાવનગર પોલીસ બેડાના ત્રણ પોલીસ સબ ઇન્સ્પેક્ટરની બદલી: બઢતી પામેલા ૧૬ પી.એસ.આઈ.ની વિવિધ પોલીસ મથકમાં નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લા પોલીસ બેડામાં ફરજ બજાવતા ત્રણ બિન હથિયારધારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરની બદલી કરવામાં આવી હતી. આ ઉપરાંત ખાતાકીય પરીક્ષામાં પાસ થનાર ૧૬ જેટલા બિન હથિયારધારી એએસઆઈ કામ ચલાઉ બઢતી પામી હેડ ક્વાર્ટર ખાતે હાજર થતાં તેમને જુદાજુદા પોલીસ મથકમાં નિમણૂક આપવામાં આવી હતી.

ભાવનગર જિલ્લા પોલીસ વડા હર્ષદ પટેલ દ્વારા ત્રણ બિન હથિયારધારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરની બદલીનો હુકમ કર્યો હતો.

આ ઉપરાંત પોલીસ વિભાગની ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ૧૬ જેટલા બિનહથિયારધારી એએસઆઈ બઢતી પામી ભાવનગર હેડ કવાર્ટર ખાતે હાજર થતાં તમામને બઢતીની શરતોને આધીન જિલ્લાના વિવિધ પોલીસ મથકમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા. ■

# પાવરપટ્ટીનાં ૨૦ ગામોની દાયકાઓ જૂની માગ આખરે સંતોષાઈ: નિરોણા-લોરિયા માર્ગ પરની ભરૂડી નદી પર ૧૨.૫૦ કરોડના ખર્ચે નવા પુલનું નિર્માણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વર્ષાઋતુ દરમ્યાન થતાં ભારે વરસાદ બાદ કચ્છના નખત્રાણા તાલુકાના રોગાન કળા માટે વિશ્વપ્રસિદ્ધ એવા નિરોણા ગામની મધ્યમાં આવેલી ભરૂડી નદી બે કાંઠે વહેવા લાગતાં પાવરપટ્ટીનાં ૨૦ જેટલાં ગામો સંપર્ક વિહોણા બની જતાં તે બાબત હવે ભૂતકાળ બની જશે. અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા અને પાવરપટ્ટીનાં વિવિધ ગામોના સરપંચોની રજૂઆતને ધ્યાને લઈ ગુજરાત રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અબડાસા વિધાનસભા વિસ્તારના નખત્રાણા, નિરોણા-લોરિયા માર્ગ પરની ભરૂડી નદી પર રૂા. ૧૨.૫૦ કરોડના ખર્ચે પુલ બાંધવાના કામને મંજૂરી મળી જતાં ગામ લોકોની મકરસંક્રાંતિ સુધરી છે.

ચોમાસા દરમ્યાન ઉપરવાસમાં ભારે વરસાદ થતાં નિરોણા ડેમ ઓગને ત્યારે ઓગનનું પાણી નદીના પટ્ટમાંથી પસાર થવા લાગતાં ૨૦ જેટલાં ગામો સંપર્ક વિહોણાં બની જાય છે. આ નદી પર પુલ બાંધવા માટે લાંબા સમયથી સ્થાનિકો દ્વારા થતી રજૂઆતનો પડઘો ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ ગાંધીનગર સુધી પહોંચાડતા રાજય સરકારે ક્રોઝવેના સ્થાને મેજર બ્રિજ બનાવવાના કામને મંજૂરી આપતાં લોકોમાં ખુશીની લાગણી ફેલાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા મથક ભુજને પાવરપટ્ટીથી જોડતા ભુજ-ખાવડા માર્ગ પર રૂદ્રમાતા ડેમ પર જર્જરીત પુલના સ્થાને નવા પુલનું નિર્માણ થયું છે. ખુબ જ ટુંકા ગાળામાં પાવરપટ્ટીને સાંકળતા અન્ય એક માર્ગ પર મેજર બ્રિજના નિર્માણને મંજૂરી મળતાં પ્રવાસન સહિતના અન્ય ક્ષેત્રને વેગ મળશે તેવું પ્રદ્યુમ્નસિંહ જાડેજાએ જણાવ્યું હતું. ■